ઓગસ્ટ ૨૦૨૩માં ધરપકડ કરાયા બાદથી ઇમરાન ખાન જેલમાં છે અને ભ્રષ્ટાચાર સંબંધિત વિવાદોમાં અનેક સજાઓ ભોગવી રહ્યા છે. એપ્રિલ ૨૦૨૨માં સત્તા પરથી હટાવવામાં આવ્યા ત્યારથી ઇમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબી અનેક કાનૂની કેસોનો સામનો કરી રહ્યા છે. આમાં અલ-કાદિર ટ્રસ્ટ કેસમાં ૧૪ વર્ષની સજા અને ડિસેમ્બર ૨૦૨૫માં તોશાખાના સરકારી ભેટ કેસમાં આપવામાં આવેલી ૧૭ વર્ષની સજાનો સમાવેશ થાય છે. જો કે, ઇમરાન ખાન અને તેમના પત્નીએ તમામ આરોપોને સતત ફગાવી દીધા છે અને આ કેસોને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યા છે. સંયુક્ત રાષ્ટ્રના નિષ્ણાતની આ ટિપ્પણી બાદ ઇમરાન ખાનની કેદ અંગે વૈશ્વિક સ્તરે દબાણ વધ્યું છે અને માનવાધિકાર કાર્યકરો પારદર્શક ન્યાયિક પ્રક્રિયાની માંગ કરી રહ્યા છે.

સવારે ૪ વાગ્યે અભ્યાસ, બપોરે ઈંડા વેચવા : ગરીબી અને હતાશા સામે લડ્યા પછી ધીરજે બિહાર પોલીસની પરીક્ષા પાસ કરી

ધીરજના પરિવારને એટલી ગંભીર આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો કે, તેને તેના શિક્ષણ માટે ભંડોળ મેળવવામાં મુશ્કેલી પડી. એક સમયે તેના શ્રેષ્ઠ પ્રયાસો છતાં વધતી મુશ્કેલીઓથી દબાઈને, તે ડિપ્રેશનમાં સરી પડ્યો. તેના માતાપિતા તેના આધારસ્તંભ બન્યા અને તેને ઈંડાનો સ્ટોલ સ્થાપવામાં મદદ કરી. ઈંડા વેચતી વખતે ધીરજ પોતાનો અભ્યાસ ચાલુ રાખતો હતો અને આખરે બિહાર પોલીસમાં પસંદગી પામ્યો

(એજન્સી) જહાનાબાદ, તા.૨૭

ગયા જિલ્લાના મહકર પોલીસ સ્ટેશન વિસ્તારના ધીરજ નામના યુવાને સાબિત કર્યું છે કે, સખત મહેનત કંઈપણ પ્રાપ્ત કરી શકે છે. તે બપોરે ૩ વાગ્યાથી ઈંડાનો સ્ટોલ ચલાવતો અને સવારે ૪ વાગ્યાથી શરૂ કરીને પોતાના અભ્યાસમાં પોતાને સમર્પિત કરતો. તેનો પરિવાર એટલો ગરીબ હતો કે, તે પુસ્તકો ખરીદવાનું પણ પોસાય તેમ નહોતું છતાં સખત મહેનત દ્વારા તે બીજા પ્રયાસમાં બિહાર પોલીસની ભરતીમાં સફળ થયો. તે આ પરિણામથી ખૂબ જ ખુશ છે. ધીરજની માતા ગૃહિણી છે અને તેના પિતા એક મજૂર છે જેની કમાણી ઘરનું ગુજરાન ચલાવે છે; ધીરજ આ સફળતા સંપૂર્ણપણે પોતાના પ્રયત્નો દ્વારા મેળવી.

ધીરજ કુમારે પોતાનું પ્રારંભિક શિક્ષણ ગામડાની શાળામાં પૂર્ણ કર્યું. તેણે ૨૦૨૦માં સરકારી નોકરી માટે તૈયારી શરૂ કરી. યુનિફોર્મ પહેરવાનું સ્વપ્ન જોતાં, તેણે ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યા પહેલા જ તેની તૈયારીઓ શરૂ કરી દીધી. જ્યારે તેણે પહેલી વાર અરજી કરી, ત્યારે બિહાર પોલીસના પરિણામો જાહેર થયા અને તે શારીરિક પરીક્ષણની તૈયારી માટે ગયા ગયો. જો કે, થોડા દિવસોની તાલીમ લીધા પછી તેને

પગમાં ઈજા થઈ અને તે શારીરિક પરીક્ષણમાં હાજર રહી શક્યો નહીં. આ નિષ્ફળતાએ તેને ખૂબ જ નિરાશ કરી દીધો અને તે થોડા સમય માટે ડિપ્રેશનમાં પણ સરી પડ્યો. છતાં તેના માતાપિતા આ મુશ્કેલ સમયમાં ઢાલની જેમ તેની સાથે ઊભા રહ્યા; તેઓએ તેમના પુત્રને આગળ વધવામાં મદદ કરવા માટે બધી મુશ્કેલીઓનો સામનો કરવાનો નિર્ણય લીધો.

ત્યારબાદ ધીરજને ઘરે રહીને તેની તૈયારી ચાલુ રાખવાની સલાહ આપવામાં આવી. તેના માતાપિતાએ તેને બજારમાં ઈંડાનો સ્ટોલ લગાવવામાં પણ મદદ કરી જેથી તે તેના અભ્યાસની સાથે તેના અંગત ખર્ચને પણ પૂર્ણ કરી શકે. આ દરમિયાન, ફરી એકવાર બિહાર પોલીસ માટે ભરતી અભિયાનની જાહેરાત કરવામાં આવી. આ સમયગાળા દરમિયાન, ધીરજ ઘરે અભ્યાસ કરતો અને સાથ

આણંદ જિલ્લામાં માર્ગ અકસ્માતના બે અલગ-અલગ બનાવોમાં બે વ્યક્તિઓનાં મોત, બે ગંભીર

(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૨૭

ઉમરેઠ તાલુકાના નવી અરડી ગામે રહેતા જીગ્નેશભાઈ નટુભાઈ પંચાલના કાકા સુરેશચંદ્ર મગનભાઈ પંચાલ (ઉ.વ.૬૫) રવિવારે રાત્રિના સમયે નવી અરડીથી જૂની અરડી તરફ ચાલીને જઈ રહ્યાં હતાં. આ દરમિયાન ગામના જ પ્રતીક નામના બાઈકચાલકે પોતાનું વાહન પૂરઝડપે હંકારીને સુરેશચંદ્રને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં વૃદ્ધ અને બાઈક ચાલક બંને રોડ પર પટકાયા હતા અને બંનેને ઈજાઓ થઈ હતી. સ્થાનિકો દ્વારા બંનેને સારવાર અર્થે પ્રથમ નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. ત્યારબાદ સુરેશચંદ્ર પંચાલની સ્થિતિ વધુ નાજુક જણાતા તેમને કરમસદ હોસ્પિટલ ખાતે રિફર કરાયાં હતાં, જ્યાં સારવાર દરમિયાન મોડી રાત્રે બારેક વાગ્યે તેમનું મોત નીપજ્યું હતું. આ મામલે જીગ્નેશભાઈ પંચાલની ફરિયાદના આધારે ભાલેજ પોલીસે બાઈકચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

અકસ્માતની બીજી ઘટનામાં આંકલાવ તાલુકાના કાનવાડી ગામના ભાઠા વિસ્તારમાં રહેતા લલીતાબેન પઢીયાર અને તેમના પતિ રંગીત મગનભાઈ પઢીયાર રવિવારે સવારે બાઈક લઈને ઉમરેઠના ભરોડા ગામે સંબંધીના ઘરે સગાઈ પ્રસંગમાં ગયાં હતાં. સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં દંપતિ બાઈક પર પરત ઘરે ફરી રહ્યું હતું. તે દરમિયાન, શીલી ગામે કેનાલ પર આવેલું નાળું પસાર કરી ખાનપુર રોડ તરફ જતી વખતે સામેથી પૂરઝડપે આવી ચઢેલી એક કારે તેમની બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતને કારણે દંપતિ રોડ પર પટકાયું હતું, જેમાં લલીતાબેનને માથા અને કપાળના ભાગે ઈજાઓ થઈ હતી, જ્યારે રંગીતભાઈ ગંભીર ઈજાઓને કારણે બેભાન થઈ ગયાં હતાં. ઈજાગ્રસ્તોને સારસા સરકારી દવાખાને અને ત્યારબાદ વધુ સારવાર માટે આણંદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં ફરજ પરના તબીબે રંગીતભાઈને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે લલીતાબેનની ફરિયાદના આધારે ખંભોળજ પોલીસે કારચાલક સામે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ધોલેરા તાલુકાના વણી તળાવ ગામમાં પાણી વચ્ચે ફસાયેલા ૬૦ લોકોનું NDRF દ્વારા સફળ રેસ્ક્યુ કરાયું

(સંવાદદાતા દ્વારા) ધોળકા, તા.૨૭

અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાના વણી તળાવ ગામમાં ભારે વરસાદને કારણે સર્જાયેલી જળબંબાકાર પરિસ્થિતિમાં પાણીમાં ફસાયેલા અંદાજે ૬૦ લોકોને આજે NDRFની ટીમે સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા. ભારે વરસાદના કારણે ગામના ભરવાડવાસમાં ગાય - ભેંસ સહિતના પશુધન સાથે રહેતા માલધારીઓ પાણીનું સ્તર વધતા ફસાઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં જિલ્લા વહીવટી તંત્ર, સ્થાનિક પોલીસ અને પ્રશાસન તથા NDRFની ટીમે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. NDRFના જવાનોએ બોટ તથા આધુનિક બચાવ સાધનોની મદદથી તમામ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. બચાવાયેલા તમામ

(તસવીર : લિયાકત મન્સુરી, ધોળકા)

લોકોની તબીબી તપાસ કરાવી તેમને સલામત સ્થળે પહોંચાડવામાં આવ્યા હતા. સમગ્ર કામગીરી દરમિયાન કોઈ જાનહાનિ નોંધાઈ નથી. જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પોલીસ તંત્ર એ વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નાગરિકોને નદી, તળાવ તથા નીચાણવાળા વિસ્તારોમાં જવાનું ટાળવા તેમજ તંત્રની સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે. જિલ્લા પ્રશાસન અને જિલ્લા પોલીસ દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂરિયાત મુજબ રાહત તથા બચાવ કામગીરી ચાલુ રાખવામાં આવશે.

ભાલેજમાં આઠથી વધુ સોસાયટીઓને જોડતા બિસ્માર રસ્તા મુદ્દે પ્રજાએ કર્યું વિરોધ પ્રદર્શન

(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૨૭

આણંદ જિલ્લાના ઉમરેઠના ભાલેજ ગામમાં બિસ્માર ખાડા ટેકરા વાળા માર્ગને લઈને ૮થી વધુ સોસાયટીમાં રહેતા ૨૦૦થી વધુ પરિવારો હાલાકી અનુભવી રહ્યા છે. જેને લઈને પાકા રસ્તાની માંગ સાથે સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ભાલેજ ગામમાં અંજુમન હાઈસ્કૂલ પાછળના વિસ્તારમાં બાગે ઈબ્રાહિમ, બાગે મુસ્તુફા, અદનાન પાર્ક સહિત આઠથી વધુ સોસાયટીઓમાં ૨૦૦થી વધુ મકાનો આવેલા છે, પરંતુ મુખ્ય રોડથી અવરજવર કરવા માટે પાકા રોડની સુવિધા નથી, છેલ્લા ૨૦થી વધુ વર્ષોથી અહીંયા આજ દિન સુધી

(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

પાકો રોડ બનાવવામાં આવ્યો નથી, જેના કારણે ૨૦૦થી વધુ પરિવારના એક હજારથી વધુ લોકોને દરરોજ બિસ્માર ખાડા ટેકરાવાળા માર્ગ પરથી અવર જવર કરવી પડે છે. અહીંયા ખાડા હોવાના કારણે બાળકો અને વૃદ્ધો પડી જવાના બનાવો પણ બને છે.

જ્યારે વાહનચાલકો માટે કમરના મણકા ખસી જાય તેમ લાગે છે. કેટલીક વાર તો દ્વીચક્રીય વાહનો સ્લીપ થઈ જાય છે અને વાહનચાલકો ઘાયલ થાય છે, હાલમાં ચોમાસાને લઈને માર્ગ કાદવ કીચડવાળો થઈ જતા સ્થાનિક લોકો માટે અવર-જવર કરવી મુશ્કેલ બની છે.

સ્થાનિક રહીશો દ્વારા આ અંગે ગ્રામ પંચાયતથી લઈને તાલુકા જિલ્લા પંચાયતમાં અને ધારાસભ્ય સમક્ષ રજૂઆત કરવા છતાં આ રોડ બનાવવામાં આવતો નથી, જેને લઈને સ્થાનિક રહીશોને ખાડા ટેકરાવાળા માર્ગ પર રહીને અવર જવર કરવી પડે છે. સ્થાનિક રહીશોએ આક્રોશ વ્યક્ત કરતા કહ્યું હતું કે ચૂંટણી સમયે રાજકીય નેતાઓ આવે છે ત્યારે રોડ બનાવવાનું વચન આપી ચાલ્યા જાય છે, પરંતુ ત્યારબાદ ડોકીયું કરવા પણ આવતા નથીત્યારે જોવું રહ્યું કે આ વિસ્તારના રહીશોને અવર-જવર માટે પાકા રોડની સુવિધા ક્યારે મળે છે. જો આગામી દિવસોમાં આ માર્ગને પાકો બનાવવામાં નહી આવે તો સ્થાનિકોએ આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારી છે.

મુસ્લિમ દીકરીઓએ હિન્દુ બાળકીઓના હાથે મહેંદી મૂકી આપતા

ખત્રી વિદ્યાલય બોડેલીમાં મહેંદીના રંગે રંગાઈ ભાઈચારા અને એકતાની ભાવના

(સંવાદદાતા દ્વારા) બોડેલી, તા.૨૭

આજથી શરૂ થતા ગૌરીવ્રત નિમિત્તે બોડેલીની ખત્રી વિદ્યાલય અને એમ. ડી.આઈ.માં અનોખું ભાઈ ચારા અને કોમી એકતાનું વાતાવરણ જોવા મળ્યું. મુસ્લિમ દીકરીઓએ સ્વખર્ચે વ્રત કરતી હિન્દુ દીકરીઓને હાથે મહેંદી મૂકી ગૌરીવ્રતની શુભેચ્છાઓ પાઠવી. આ પ્રેમ, પરસ્પર સન્માન અને એકતાનું સુંદર ઉદાહરણ છે. ધર્મ અલગ હોઈ શકે, પરંતુ માનવતા અને પ્રેમ આપણને એક બનાવે છે. આ પ્રસંગે શાળાના આચાર્ય યુ.વાય.ટપલા પ્રાર્થના સભામાં ગૌરીવ્રતનું મહત્વ સમજાવતા કહ્યું કે આ એક શ્રદ્ધા, ભક્તિ અને સંયમનું પ્રતીક છે. આ સાથે વ્રત કરતી દીકરીઓને શાળા પરિવાર વતી શુભેચ્છાઓ પાઠવવામાં આવી. કાર્યક્રમના અંતે પહેલો બીજો અને ત્રીજો નંબર જાહેર કરી વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ અને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા. (તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)

સુરેન્દ્રનગર ખાતે

ભોગાવો નદી પરના પુલ પર ખાડા પડતાં લોકોને હાલાકી

(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૨૭

સુરેન્દ્રનગરની વઢવાણ ભોગાવો નદી ઉપર આવેલ પુલના સળિયા દેખાવા લાગ્યા છે. સામાન્ય વરસાદે જ પુલ ધોવાઈ ગયો હોય તે પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થયું છે. સુરેન્દ્રનગરના રોડ રસ્તાઓ ધોવાયા બાદ હવે પુલ પણ ધોવાવા લાગ્યો છે. આ મુખ્ય પુલ છે. રોજના અનેક વાહનો આ પુલ ઉપરથી પસાર થઈ રહ્યા છે.

ત્યારે પુલમાં મોટા ખાડાઓ પડી ગયા છે તેમાંથી સળિયા પણ દેખાવા લાગ્યા છે ત્યારે તંત્ર દ્વારા આ અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે ને રિપેરિંગ કામ કરવામાં આવે તેવી પણ માંગ ઊઠવા પામી છે હાલના તબક્કામાં પુલ ખરાબ થઈ ગયો હોવાના કારણે વાહનચાલકો પરેશાનીમાં મૂકાઈ રહ્યા છે અને અહીંથી પસાર થતા સમયે અકસ્માતો પણ સર્જાઈ રહ્યા છે. ભોગાવો નદીના પુલ ઉપર ગાબડાઓ પડી જતા વાહનોને પણ નુકસાન પહોંચી રહ્યું છે ત્યારે આ અંગે તાત્કાલિક પણે આરએન્ડબી વિભાગ સહિતના અધિકારીઓ યોગ્ય કાર્યવાહી કરે અને રિપેરિંગ કામ કરાવે તેવી માંગ ઊઠવા પામી છે.

હિંમતનગર-અમદાવાદ હાઈવે પર કન્ટેનર પલટ્યું

હિંમતનગર, તા.૨૭

મહેસાણાના બહુચરાજીથી નવી કારો ભરીને એક ટ્રક કન્ટેનર સોમવારે સવારે હિંમતનગર થઈને અમદાવાદ તરફ જઈ રહ્યું હતું. ઝરમર વરસાદ વચ્ચે હાજીપુર પાસેના ઓવરબ્રિજ પરથી પસાર થતી વખતે કન્ટેનર ડિવાઈડર તોડીને સર્વિસ રોડ પર પડ્યું હતું. અકસ્માતની જાણ થતાં જ હાઈવે ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે તાત્કાલિક ધોરણે આગળની કાર્યવાહી હાથ ધરી હતી અને બંધ થયેલા સર્વિસ રોડને પુનઃ કાર્યરત કરવાના પ્રયાસો શરૂ કર્યા હતા.

આજે જૂનાગઢ મનપાના વોર્ડ નં.૩ની એક બેઠકની પેટાચૂંટણી : ત્રિપાંખિયો જંગ ખેલાશે

(સંવાદદાતા દ્વારા)
જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢ મનપાના વોર્ડ નં.૩ની ખાલી પડેલી એક બેઠકની તા.૨૮/૦૭/૨૦૨૬ પેટાચૂંટણી યોજાઈ રહી છે. સવારે ૮ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે જે માટે વોર્ડ નં.૩નાં ૧૩૯૧૯ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. આ યોજાનારી ચૂંટણીમાં ભાજપ - કોંગ્રેસ અને આપનાં ઉમેદવારો વચ્ચે ત્રિપાંખીયો જંગ છે જેમાં ભાજપ તરફથી અકરમ ઈબ્રાહીમભાઈ કુરશી, કોંગ્રેસ તરફથી અશરફભાઈ થઈમ અને આમઆદમી પાર્ટી તરફથી મહેબુબભાઈ પંજા ચૂંટણી લડી રહ્યા છે. આ ત્રણ ઉમેદવારો સિવાય વોર્ડમાં અન્ય કોઈ ઉમેદવાર નથી. અત્રે ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી યોજાયેલી મનપાની બે ચૂંટણીઓમાં વોર્ડ નં.૩ની તમામ ચાર બેઠક બિનહરીફ થતી આવી છે. એટલે કે છેલ્લા ૧૨ વર્ષ બાદ આવતીકાલે આ વોર્ડમાં મતદાન થશે. ૧૨ વર્ષ બાદ વોર્ડ નં.૩નાં મતદારો તેમના મતાધીકારનો ઉપયોગ કરશે. આવતીકાલે સાંજે મતદાન પૂર્ણ થયા બાદ ૩૦ જુલાઈ ગુરૂવારે મતગણતરી થશે. વોર્ડ નં.૩ની પેટાચૂંટણી સબબ જૂનાગઢ પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સમગ્ર વિસ્તારમાં પોલીસ તંત્ર દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

પાલીતાણામાં મામલતદાર કચેરી તેમજ તાલુકાના ૧૬ ગામોમાં CBDC લિંક કરવા માટેનો કેમ્પ યોજાયો

કુલ ૮૫૦ જેટલા રેશનકાર્ડ ધારકોએ કેમ્પનો લાભ લીધો

(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

(સંવાદદાતા દ્વારા)
પાલિતાણા, તા.૨૭

કેન્દ્ર સરકારની CBDC (Central Bank Digital Currency - e Rupee) યોજના અંતર્ગત પાલીતાણા મામલતદાર કચેરી સહિત પાલીતાણા તાલુકાના ઘેટી, ડુંગરપુર, ભંડારીયા, નાની રાજસ્થળી, ઠાડચ, મોટી પાણીયાળી, નાની પાણીયાળી, રાણપરડા ખારા, નવા સરોડ, હણોલ, નોધણવદર, મોખદકા, વિરપુર, વડીયા જેવા પાલીતાણા તાલુકાના ૧૬ ગામોમાં વિશેષ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મોટી સંખ્યામાં રેશનકાર્ડ ધારકોએ જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે હાજર રહી પોતાની વિગતો અપડેટ કરાવી અને યોજનાનો લાભ મેળવ્યો હતો. પાલીતાણા મામલતદાર અર્જુનસિંહ ડોડીયા અને પુરવઠા મામલતદાર એમ એન સુખના માર્ગદર્શન હેઠળ સમગ્ર કેમ્પનું આયોજન સુવ્યવસ્થિત રીતે પૂર્ણ કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન લાભાર્થીઓને CBDC (e) અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ તમામ પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થાય તે માટે અધિકારીઓ અને કર્મચારીઓએ સતત સેવા આપી હતી. શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારો માંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

નેનાવા-સાંચોર હાઈવે પર અકસ્માત

ટ્રક અને બસ ટકરાતા શિક્ષક અને કંડક્ટરનું મોત, ૧૦ મુસાફરોને ઈજા

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૭

રાજસ્થાનના ઝાલોર જિલ્લાના સાંચોર-ડીસા નેશનલ હાઈવે પર પાલનપુર આવતી ખાનગી બસ અને ટ્રક સામસામે ટકરાતાં બે લોકોના મોત નીપજ્યાં હતા, જ્યારે ૧૦ મુસાફરો ઘાયલ થયા હતા. સાંચોરથી લગભગ ૧૫ કિમી દૂર પાલાદર સરહદી વિસ્તારમાં પીર કી જાલ નજીક સવારે આશરે બાડમેરના બેડિયાથી ગુજરાતના પાલનપુર જતી ખાનગી પેસેન્જર બસ અને ટ્રક વચ્ચે સામસામે ટક્કર ટકરાયા હતા. બસમાં આશરે ૪૦ મુસાફરો સવાર હતા. અકસ્માતમાં સાંચોરના શિવપુરા હોથીગાંવના સરકારી શિક્ષક હંજારામ મેઘવાલ (૫૩) અને બસ કંડક્ટર મારુ ખાના (૩૮)નું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. હંજારામ બહેન માટે દવા લેવા ગુજરાત જઈ રહ્યા હતા. અકસ્માતમાં ૧૦ મુસાફરો ઘાયલ થયા હતા. જેમાં ચારની હાલત ગંભીર છે. સ્થાનિકોએ બસમાં ફસાયેલા લોકોને બહાર કાઢી એમ્બ્યુલન્સ મારફતે ખાનગી અને સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા તેમજ બસ ડ્રાઈવર, ટ્રક ડ્રાઈવર અને હેલ્પરની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી હતી. સાંચોર પોલીસ સ્ટેશનના SHO નેનારામ ચૌધરીએ જણાવ્યું હતું. પ્રાથમિક તપાસ મુજબ હળવા વરસાદ વચ્ચે વધુ ઝડપે દોડી રહેલી પાલનપુર જતી બસ ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. બંને વાહનોના આગળના ભાગનો કચ્ચરઘાણ નિકળી ગયો હતો.

પ્રભાસપાટણ : વોર્ડ નં.૨માં વરસાદી પાણીના ભરાવાની સમસ્યા હલ થશે

(સંવાદદાતા દ્વારા)
પ્રભાસપાટણ, તા.૨૭

પ્રભાસ પાટણ વોર્ડ નંબર ૦૨માં વર્ષોથી વરસાદી પાણીના નિકાલની જે સમસ્યા હતી તેના નિકાલ માટે વોર્ડ નંબર ૦૨ના કાઉન્સિલરોએ તારીખ ૧૭/૦૭/૨૦૨૬ના રોજ મુખ્યમંત્રીના ઓનલાઈન સ્વાગત પોર્ટલ, ચીફ ઓફિસર, ૯૦ સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. જે અનુસંધાને હકારાત્મક નિર્ણય લઈ વરસાદી પાણીના નિકાલ માટેની કામગીરી ડી.પી.આર. પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે તે બદલ અમે વોર્ડ નંબર ૦૨ના કાઉન્સિલરો પ્રજાવતી વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકા અને ધારાસભ્ય વિમલભાઈનો આભાર વ્યક્ત કરેલ. વોર્ડ નંબર ૦૨માં બાકી રહેલ કામો પૂર્ણ કરવા સૌના સહકારની અપેક્ષા રાખેલ છે. વોર્ડ નંબર ૦૨માં વરસાદી પાણીના નિકાલ અંગેના મુખ્ય પ્રશ્નોને મીડિયાએ વાચા આપતા મીડિયાનો પણ આભાર વ્યક્ત કરેલ છે.

હિંમતનગર તાલુકા કોંગ્રેસ માઈનોરિટી ડિપાર્ટમેન્ટની મીટિંગ મળી

હિમતનગર ખાતે ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો.તુષારભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને હિંમતનગર તાલુકા કોંગ્રેસ માઈનોરીટી ડિપાર્ટમેન્ટની મિટિંગ યોજવામાં આવી હતી. જેમા જિલ્લા માઈનોરીટી ચેરમેન ટી.વી.પટેલ, પ્રિયવદન પટેલ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

૭ દિવસમાં ઉકેલ નહીં આવે તો હાઈકોર્ટ (PIL) અને NGTના દ્વાર ખટખટાવવાની ચીમકી

અંકલેશ્વરમાં કેન્સરજનક પ્રદૂષણ અને કચરા કૌભાંડ મુદ્દે ચીફ ઓફિસરને સણસણતું આવેદનપત્ર

વોર્ડ નં. ૮ના કાઉન્સિલર બખ્તિયાર પટેલ અને સ્થાનિક રહીશોએ નગરપાલિકા કચેરીએ કરી આક્રોશપૂર્ણ રજૂઆત

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૨૭

અંકલેશ્વર નગરપાલિકાના વોર્ડ નંબર-૮ તથા આસપાસના વિસ્તારમાં ગેરકાયદેસર રીતે કચરો દાટવા, સરકારી ગ્રાન્ટનો દુરૂપયોગ કરવા અને ભૂગર્ભ જળમાં ઝેરી પ્રદૂષણ ફેલાવવા સામે સ્થાનિક કાઉન્સિલર બખ્તિયાર ઝફરૂલ્લાહ પટેલ તથા સ્થાનિક રહીશો દ્વારા મુખ્ય અધિકારી (Chief Officer)ને એક વિસ્તૃત અને કડક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

રજૂઆતમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, મૃત ઢોર-જનાવરોના વૈજ્ઞાનિક નિકાલ માટે સરકાર દ્વારા મંજૂર કરાયેલી ગ્રાન્ટમાંથી ૨૫ જેટલા કોંક્રિટ સ્ટ્રક્ચર ઊભા કરી દેવાયા છે, પરંતુ છેલ્લા ૨ વર્ષથી ગેસ લાઈન નાખવામાં આવી નથી. સિસ્ટમ સંપૂર્ણ ફ્લોપ રહેતા મૃત જનાવરોને ખુલ્લામાં ફેંકવામાં આવે છે, જેનાથી તીવ્ર દુર્ગંધ અને રોગચાળો ફેલાઈ રહ્યો છે.

એક્સપ્રેસ હાઈવે અને રેલવે લાઈનના નિર્માણ માટે ખોદાયેલા ખેડૂતોના ખાડાઓમાં આખા શહેરનો દૂષિત અને મિશ્ર કચરો ગેરકાયદેસર રીતે દાટવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત ડમ્પિંગ માટે ઉપયોગમાં લેવાતી જમીન મૂળ ગૌચરની હોવાનો પણ દાવો કરાયો છે.

GPCBના Solid Waste Management Rules અને 'વોટર એક્ટ-૧૯૭૪'નો ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે. ચોમાસામાં કચરામાંથી લીચેટ (ઝેરી કેમિકલયુક્ત પાણી) જમીનમાં ઉતરતા બોરિંગનું પાણી રંગીન અને ઝેરી બની ગયું છે. આવેદનમાં ચિંતા વ્યક્ત કરાઈ છે કે, જો આ નહિ અટકે તો વિસ્તારમાં કેન્સર જેવા અસાધ્ય રોગો ફાટી નીકળશે અને ભવિષ્યમાં દર્દીઓ માટે અંકલેશ્વરથી મુંબઈ સુધીની વિશેષ રેલવે ટ્રેન દોડાવવી પડે તેવી ગંભીર સ્થિતિ સર્જાશે.

કાઉન્સિલર બખ્તિયાર પટેલે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો આગામી ૭ દિવસમાં યોગ્ય કાર્યવાહી નહીં થાય, તો સ્થાનિક નાગરિકોને સાથે રાખી ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમજ ગુજરાત હાઈકોર્ટમાં PIL અને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલમાં કાયદાકીય લડાઈ લડવામાં આવશે.

આ રજૂઆતની નકલ ભરૂચ જિલ્લા કલેક્ટર, GPCB (ગાંધીનગર/અંકલેશ્વર) અને પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશનર (સુરત)ને પણ જરૂરી કાર્યવાહી અર્થે રવાના કરવામાં આવી છે.

ઈન્સિનરેટર/ગેસ લાઈનની સરકારી ગ્રાન્ટમાં ભ્રષ્ટાચાર અને GPCBના નિયમોના ધજિયા ઉડાડવાના ગંભીર આરોપ

(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

ચાર મુખ્ય માગણીઓ

ગ્રાન્ટના દુરૂપયોગ અંગે ઉચ્ચ સ્તરીય તપાસ કરી ગેસ લાઈન તાત્કાલિક શરૂ કરવી. એક્સપ્રેસ હાઈવે/રેલવેના ખાડાઓમાં અને ગૌચર જમીન પર કચરો દાટવાનું તુરંત બંધ કરવું.

કચરાના ડમ્પિંગ સાઈટનો GPCBના નિયમ મુજબ scientific processing plantથી નિકાલ કરવો.

GPCB દ્વારા પ્રદૂષિત બોરિંગના પાણીના સેમ્પલ લઈ તપાસ કરવી અને સ્થાનિકો માટે મેડિકલ કેમ્પ યોજવો.

રજૂઆત કરનાર નાગરિકો પર તંત્ર દ્વારા કરવામાં આવતી પોલીસ કાર્યવાહીની ધમકીઓ બંધ કરવી.

જીવના જોખમે પસાર થાય છે વાહનચાલકો

પાલનપુર ખાતે ITI રોડ પર કેડસમા પાણી ભરાતાં હાલાકી

(સંવાદદાતા દ્વારા)
પાલનપુર, તા.૨૭

પાલનપુર શહેરમાં વરસાદ બાદ ફરી એકવાર તંત્રની બેદરકારી સામે આવી છે. શહેરના આઈટીઆઈ પાસેના રોડ પર ચારથી પાંચ ફૂટ જેટલા વરસાદી પાણી ભરાઈ જતાં સમગ્ર માર્ગ બંધ થઈ ગયો હતો. જેના કારણે રોજિંદા અવરજવર કરતા વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. શહેરને જોડતા આ માર્ગ પર પાણી ભરાતાં નાના વાહનો જીવના જોખમે પસાર થવા મજબૂર બન્યા હતા. અનેક બાઈકચાલકો પાણીમાં ફસાયા હતા, જ્યારે કેટલાક લોકોને વાહનો ધક્કા મારીને બહાર કાઢવાની ફરજ પડી હતી. અકસ્માતની ભીતિ વચ્ચે પણ લોકો પાસે આ રસ્તાનો

(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

ઉપયોગ કરવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો નહોતો.

સ્થાનિકોનો આક્ષેપ છે કે, વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરવાની અનેક વખત રજૂઆત કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. પરિણામે દર ચોમાસે આ જ દૃશ્યો સર્જાય છે અને સામાન્ય નાગરિકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

સ્થાનિકોએ તાત્કાલિક પાણીનો નિકાલ કરી આ માર્ગને વાહનવ્યવહાર માટે ખુલ્લો કરવામાં આવે તેમજ ભવિષ્યમાં આવી સ્થિતિ ન સર્જાય તે માટે કાયમી ડ્રેનેજ વ્યવસ્થા ઊભી કરવાની માંગ ઉઠાવી છે.

તિજોરીમાંથી સોનાની ચેઈન ચોરી હેન્ડલ તોડી નાખ્યું

મોડાસામાં દેવું વધી જતાં નવયુવાને પોતાના જ ઘરમાં ખાતર પાડ્યું

(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૨૭

મોડાસા શહેરમાં એક ચોંકાવનારી અને શરમજનક ઘટના સામે આવી છે, જ્યાં માથે વધી ગયેલા દેવાનો બોજ ઉતારવા માટે એક નવયુવાને પોતાના જ ઘરમાં ચોરી કરી ખાતર પાડ્યું હતું. મોડાસા ટાઉન પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરીને ગણતરીના કલાકોમાં આ ચોરીનો ભેદ ઉકેલી પોતાના જ પિતાના ઘરમાં ચોરી કરનાર પુત્રને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

ઘટનાની વિગતો અનુસાર, મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી શ્યામનગર સોસાયટીમાં રહેતા દિનેશભાઈ કડિયાના ઘરમાં રાખેલી તિજોરીમાંથી રૂા.૧,૩૦,૦૦૦/-ની કિંમતની ૧૦ ગ્રામ વજનની સોનાની ચેન ચોરાઈ ગઈ હતી. ચોર તસ્કરે ચોરી કર્યા બાદ બનાવને અજાણ્યા તસ્કરોની કરતૂતમાં ખપાવવા માટે તિજોરીનું હેન્ડલ પણ તોડી નાખ્યું હતું. ઘરમાં ચોરી થઈ હોવાની જાણ થતાં જ દિનેશભાઈએ મોડાસા ટાઉન પોલીસ મથકે અજાણ્યા ચોર સામે કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે મોડાસા ટાઉન પોલીસે ઘટનાસ્થળની મુલાકાત લઈ બારીકાઈથી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ઘરના જ કોઈ સભ્યની સંડોવણી હોવાની શંકા જતાં પોલીસે દિનેશભાઈના પુત્ર જીગરભાઈ કડિયાની કડકાઈથી પૂછપરછ હાથ ધરી હતી. પોલીસની સઘન પૂછપરછ સામે યુવક ભાંગી પડ્યો હતો અને તેણે પોતાના જ ઘરમાં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

પકડાયેલા આરોપી જીગર દિનેશભાઈ કડિયાએ પોલીસ સમક્ષ કેફિયત આપતા જણાવ્યું હતું કે, તેના માથે મોટું આર્થિક દેવું થઈ ગયું હતું અને નાણાંની ઉઘરાણી કરનારાઓ તેને સતત હેરાન-પરેશાન કરતા હતા. આ ઉઘરાણીમાંથી બચવા અને દેવું ચૂકવવા માટે તેણે પોતાના જ ઘરમાં ચોરી કરવાનો નુસખો અપનાવ્યો હતો.

પાનોલી જીઆઈડીસીની કંપનીમાં રૂા.૬.૩૬ લાખનું ખાતર સગેવગે કરનાર ઉની ઘરપકડ

અંકલેશ્વર, તા.૨૭

અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસીમાં આવેલી એસએમએલ લિમિટેડ કંપનીના ફિનિશ્ડ ગુડ્સ વેરહાઉસમાંથી કંપનીની જાણ બહાર રૂા.૮,૯૬૦ની કિંમત ધરાવતી ફર્ટિલાઈઝર ટેક્નો - ઝેડ ખાતરની ૭૧ ગુણો, કુલ કિંમત રૂા.૬,૩૬,૧૬૦, ગાયબ થઈ ગઈ હતી. વેરહાઉસના લોડિંગ સુપરવાઈઝરે ટ્રક ડ્રાઈવર સાથે મિલીભગત કરી આ ખાતર ટ્રકમાં લોડ કરી દીધું હતું.

ત્યારબાદ કંપનીને અંધારામાં રાખી આ જથ્થો સુપરવાઈઝરે પોતાના અંગત મિત્ર ઈમ્તિયાઝ પઠાણને બારોબાર સગેવગે કરી દઈ ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હતો. પોલીસે આ મામલામાં મોહમદ જીયાઉલ મોહમદ સમશુલ, અઝરૂદ્દીન ઈદ્રીશમીયા અને ઈમ્તીયાઝખાન અનવરખાન પઠાણની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

સુરેન્દ્રનગરના ભાસ્કર

અનુસૂચિત જનજાતિ અનામત બેઠક પર ભાજપમાંથી ચૂંટણી લડી જીત્યા બાદ પ્રમુખ બન્યા હતા

છોટાઉદેપુર નગરપાલિકાના મહિલા પ્રમુખ જાતિના બોગસ પ્રમાણપત્ર મુદ્દે કરાયા સસ્પેન્ડ

જાતિનું પ્રમાણપત્ર બોગસ હોવાનું સાબિત થતાં કલેક્ટરનો આદેશ : ભાજપનું શાસન જાય તેવી સ્થિતિ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખને જાતિના બોગસ પ્રમાણપત્રને લઈને જિલ્લા કલેક્ટરે સસ્પેન્ડ કરી દીધા છે. આ નિર્ણયને પગલે ભાજપને ભારે લપડાક પડી છે અને બોગસ જાતિના દાખલા મેળવીને ચૂંટણી લડનારાઓમાં ભારે ફફરાટ વ્યાપી ગયો છે. પ્રમુખ સસ્પેન્ડ થતાની સાથે જ છોટાઉદેપુર નગરપાલિકાની વોર્ડ નંબર-૪ ની બેઠક હવે ખાલી પડી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છોટાઉદેપુર નગરપાલિકાની ચૂંટણી વખતે વોર્ડ નંબર ચારમાં અનુસૂચિત જનજાતિ અનામત બેઠક ઉપર મંજુલાબેન કિશનભાઈ કોળી ભાજપના મેન્ડેટ ઉપર ચૂંટણી લડીને વિજેતા જાહેર થયા હતા. ત્યારબાદ ભાજપે તેમને છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખ તરીકે બેસાડ્યા હતા. જો કે, તેમણે જાતિનું બોગસ પ્રમાણપત્ર મેળવ્યું હોવાનું વિશ્લેષણ સમિતિમાં સાબિત થતાં, સમિતિએ આ દાખલો રદ કરવા માટે છોટાઉદેપુર મામલતદારને સૂચના આપી હતી.

પોતાનું નગરપાલિકા પ્રમુખ અને સભ્ય પદ બચાવવા માટે તેમણે જિલ્લા કલેક્ટર પાસે દાદ માંગી હતી. પરંતુ જિલ્લા કલેક્ટરે છેલ્લી સુનાવણી દરમિયાન યોગ્ય આધાર-પુરાવા માંગતા પ્રમુખ તે રજૂ કરી શક્યા ન હતા. આથી જિલ્લા કલેક્ટરે નગરપાલિકાના પ્રમુખને સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો છે.

પ્રમુખના સસ્પેન્શન બાદ હવે પાલિકામાં ઈન્ચાર્જ પ્રમુખ તરીકેનો ચાર્જ ઉપપ્રમુખ સંભાળશે. પ્રમુખ સસ્પેન્ડ થતાં જ સમાજવાદી પાર્ટીને સત્તાનું સુકાન મળતા તેમનામાં ખુશીનો માહોલ છવાયો છે, જ્યારે બીજી તરફ છોટાઉદેપુર પાલિકામાં હવે ભાજપનું શાસન જાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

છોટાઉદેપુર જિલ્લામાં બોગસ જાતિના દાખલાનું પ્રમાણ વધુ છે. પાલિકા પ્રમુખનો બોગસ દાખલો સાબિત થતાં અત્યારસુધી સત્તાધારી પાર્ટી પર વિપક્ષો દ્વારા લગાવાતા આરોપો સાચા ફલિત થયા છે, જેના કારણે ભાજપની છબીને મોટો ધક્કો લાગ્યો છે અને પક્ષમાં હડકંપ મચી ગયો છે. આ ઘટના બાદ છોટાઉદેપુર પાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં બોગસ દાખલાના આધારે ચૂંટણી લડેલા તમામ લોકોમાં ફફડાટ ફેલાયો છે.

સાયબર ગુનાઓ માટે હવે પોલીસ સ્ટેશન સુધી જવું નહીં પડે, ઘરે બેઠા FIR

ગાંધીનગરથી સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડ ઈ-ઝીરો FIR સેવાનો પ્રારંભ

૧૯૩૦ હેલ્પલાઈન પર તાત્કાલિક જાણ કરો; ત્વરિત કાર્યવાહીથી નાણાં બચાવવાની શક્યતા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડનો ભોગ બનતા નાગરિકોને ઝડપી અને સરળ ન્યાય મળે તે માટે ગુજરાત સરકારે નવી ડિજિટલ સેવા શરૂ કરી છે. ગાંધીનગરથી 'સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડ ઈ-ઝીરો FIR' સેવાનું સત્તાવાર લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આ નવી વ્યવસ્થા હેઠળ હવે સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા નાગરિકોને પોલીસ સ્ટેશન સુધી જવાની જરૂર રહેશે નહીં. માત્ર ૧૯૩૦ સાયબર હેલ્પલાઈન પર જાણ કરતાં જ ઘરબેઠાં ઈ-ઝીરો FIR નોંધાઈ જશે અને ફરિયાદ આપોઆપ સંબંધિત પોલીસ સ્ટેશન સુધી પહોંચી જશે.

નવી વ્યવસ્થા મુજબ, સાયબર છેતરપિંડીની ઘટના બનતાં જ પીડિતે ૧૯૩૦ હેલ્પલાઈન પર કોલ કરીને ઘટનાની માહિતી આપવાની રહેશે. ફરિયાદ નોંધાયા બાદ સિસ્ટમ દ્વારા તરત જ ઈ-ઝીરો FIR જનરેટ થશે અને તે સંબંધિત પોલીસ સ્ટેશનને આપમેળે ટ્રાન્સફર કરવામાં આવશે. ત્યારબાદ પોલીસ અધિકારીઓ ફરિયાદીનો સંપર્ક કરીને જરૂરી વિગતો મેળવશે અને કાયદાકીય પ્રક્રિયા મુજબ નિયમિત FIR નોંધવાની તેમજ તપાસ શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરશે. સરકારનું માનવું છે કે સાયબર ફ્રોડના કેસોમાં સમય સૌથી મહત્વનો હોય છે. જેટલી ઝડપથી ફરિયાદ નોંધાય, એટલી ઝડપથી બેંક ખાતાં ફ્રીઝ કરાવી અથવા ટ્રાન્ઝેક્શન હોલ્ડ કરાવી છેતરાયેલી રકમ બચાવવાની શક્યતા વધી જાય છે. નવી ઈ-ઝીરો FIR વ્યવસ્થાથી પોલીસ અને સાયબર ક્રાઈમ ટીમ તાત્કાલિક કાર્યવાહી કરી શકશે, જેના કારણે પીડિતોને નાણાકીય નુકસાનમાંથી રાહત મળવાની સંભાવના વધશે.

આ નવી સેવાનું પ્રથમ સફળ પરિણામ પણ સામે આવ્યું છે. અમદાવાદના એક રહેવાસી 'ડિજિટલ અરેસ્ટ'ના નામે થયેલી સાયબર છેતરપિંડીનો ભોગ બન્યા હતા. આ કેસમાં રાજ્યની પ્રથમ ઈ-ઝીરો FIR નોંધાયા બાદ સાયબર ક્રાઈમ વિભાગે ઝડપી કાર્યવાહી કરીને રૂા.૧૫.૭૬ લાખથી વધુની રકમ બચાવવામાં સફળતા મેળવી હતી. આ ઘટનાને નવી વ્યવસ્થાની અસરકારકતા તરીકે જોવામાં આવી રહી છે. રાજ્ય સરકારે નાગરિકોને અપીલ કરી છે કે કોઈપણ પ્રકારની સાયબર નાણાકીય છેતરપિંડી, શંકાસ્પદ ફોન કોલ, લિંક અથવા ડિજિટલ અરેસ્ટ જેવી ઘટનાઓમાં ગભરાવું નહીં, પરંતુ તાત્કાલિક ૧૯૩૦ હેલ્પલાઈન પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવવી. સમયસર કરવામાં આવેલી ફરિયાદથી છેતરાયેલી રકમ પરત મેળવવાની શક્યતા નોંધપાત્ર રીતે વધી શકે છે.

ABVPએ તંત્રને ૨૪ કલાકનું આપ્યું અલ્ટીમેટમ

ગુજરાત યુનિવર્સિટીમાં ભરતી પ્રક્રિયા અને નાણાકીય વ્યવહારોને લઈ ગંભીર આક્ષેપો

વાઈસ ચાન્સેલરે નિષ્પક્ષ તપાસ અને અનિયમિતતા સાબિત થશે તો કડક કાર્યવાહીની આપી ખાતરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

ગુજરાત યુનિવર્સિટીમાં ભરતી પ્રક્રિયા અને નાણાકીય વ્યવહારોને લઈને ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ યુનિવર્સિટીમાં ગેરકાયદે ભરતી, મનસ્વી પગારધોરણ અને સરકારી ગ્રાન્ટના કથિત દુરૂપયોગના મુદ્દે સત્તાધીશોને ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. વિદ્યાર્થી સંગઠને સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય તપાસ, જવાબદારો સામે કડક કાર્યવાહી અને ખોટી રીતે ચૂકવાયેલા નાણાંની વસૂલાત કરવાની માંગ કરી છે.

ABVPના જણાવ્યા અનુસાર, યુનિવર્સિટીમાં યુજીસીના નિયમોનું પાલન કર્યા વિના એન્જિનિયર, ચીફ એકાઉન્ટન્ટ, ફાયર અને લીગલ ઓફિસર તેમજ વિવિધ કેન્દ્રોના ડિરેક્ટર સહિતના મહત્વના હોદ્દાઓ પર ભરતી કરવામાં આવી હોવાનું આરોપ છે. સંગઠનનો દાવો છે કે કેટલીક નિમણૂકો જાહેરાત અને નિયમિત પસંદગી પ્રક્રિયા વગર કરવામાં આવી છે. વધુમાં આરોપ લગાવાયો છે કે યુનિવર્સિટીના કેટલાક કેન્દ્રોમાં માનીતા લોકોને નિયુક્ત કરીને તેમને દર મહિને આશરે રૂા.૫ લાખ જેટલો પગાર ચૂકવવામાં આવી રહ્યો છે. ઉપરાંત, યોગ્ય લાયકાત ન ધરાવતા એક નિવૃત્ત કર્મચારીને એકથી વધુ વિભાગોનો ચાર્જ આપીને વધારાનો પગાર આપવામાં આવી રહ્યો હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. વધુ ગંભીર આક્ષેપ કરતાં જણાવાયું છે કે પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ હેઠળ મળતી સરકારી ગ્રાન્ટ યુનિવર્સિટીના સત્તાવાર ખાતામાં જમા થવાને બદલે પૂર્વ કુલપતિના અંગત બેંક ખાતામાં જમા થાય છે. ઉપરાંત નિવૃત્તિ બાદ પણ કેટલાક પૂર્વ અધિકારીઓ પ્રોજેક્ટના વડા તરીકે કાર્યરત હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ તમામ મુદ્દાઓની સ્વતંત્ર અને ઉચ્ચસ્તરીય તપાસ કરાવવાની માંગ ઉઠાવવામાં આવી છે. સંગઠને ચેતવણી આપી છે કે જો ૨૪ કલાકમાં યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો યુનિવર્સિટી કેમ્પસમાં ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવશે. આક્ષેપોને લઈને વિદ્યાર્થીઓમાં પણ ચર્ચા શરૂ થઈ છે અને સમગ્ર મામલો ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

બીજી તરફ, ગુજરાત યુનિવર્સિટીના પ્રભારી વાઈસ ચાન્સેલર જગદીશ જોશીએ જણાવ્યું છે કે વિદ્યાર્થી સંગઠન દ્વારા કરવામાં આવેલા તમામ આક્ષેપોને ગંભીરતાથી લેવામાં આવ્યા છે. તેમણે ભરતી પ્રક્રિયા, પગારધોરણ અને નાણાકીય વ્યવહારોની નિષ્પક્ષ તપાસ કરાવવાની ખાતરી આપી છે. તેમણે એમ પણ કહ્યું કે જો તપાસ દરમિયાન કોઈપણ પ્રકારની અનિયમितता અથવા નિયમોનો ભંગ સાબિત થશે તો જવાબદાર અધિકારીઓ સામે નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. આક્ષેપો સામે આવ્યા બાદ યુનિવર્સિટીના વહીવટ અને પારદર્શિતા અંગે અનેક સવાલો ઊભા થયા છે. જો કે, હાલ આ દાવાઓની સત્તાવાર રીતે પુષ્ટિ થઈ નથી અને સમગ્ર મામલો તપાસ હેઠળ છે. હવે તપાસના પરિણામ બાદ જ આક્ષેપોમાં કેટલું સત્ય છે તે સ્પષ્ટ થશે.

રાજ્ય સરકારનો મહત્ત્વનો નિર્ણય

અતિવૃષ્ટિથી પ્રભાવિત વિસ્તારોના છાત્રોને વિનામૂલ્યે અપાશે પાઠ્યપુસ્તક

ભારે વરસાદને કારણે અનેક જગ્યાએ શાળાઓમાં પાણી ભરાતા પુસ્તકો પલળી ગયા હતા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતના અનેક જિલ્લાઓમાં પડેલા ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિનું નિર્માણ થયું હતું. ઘણી જગ્યાએ ઘરોથી લઈને શાળાઓમાં પાણી ભરાયા હતા. રાજ્યમાં ઘણી શાળાઓમાં પાણી ભરાવાને કારણે બાળકોના પાઠ્યપુસ્તકો પલળી ગયા હતા. તેવામાં આ વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. અતિવૃષ્ટિના કારણે જે ઘરોમાં તથા શાળાઓમાં પાણી ભરાવાથી બાળકોના પાઠ્યપુસ્તકો પલળી ગયા છે કે નુકસાન પામ્યા હોય તેવા તમામ બાળકોને ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ત્વરિત ધોરણે નવા પાઠ્યપુસ્તકો આપવામાં આવશે.

શિક્ષણ મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજા તેમજ શિક્ષણ રાજ્ય મંત્રી રીવાબા જાડેજાના નેતૃત્વમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વિશિષ્ટ આયોજન પાછળનો મુખ્ય હેતુ અતિવૃષ્ટિથી પ્રભાવિત વિસ્તારોના ગરીબ અને સામાન્ય પરિવારના બાળકોનું શિક્ષણ અટકે નહીં અને તેમનો અભ્યાસ સતત ચાલુ રહે તે સુનિશ્ચિત કરવાનો છે.

આ સંદર્ભે વધુ વિગતો આપતાં રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના પ્રમુખે જણાવ્યું હતું કે અતિવૃષ્ટિથી પ્રભાવિત તમામ વિસ્તારોની સરકારી તેમજ અનુદાનિત (ગ્રાન્ટેડ) શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે. તમામ જિલ્લા શિક્ષણ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને અતિવૃષ્ટિના કારણે નુકસાન પામેલા પાઠ્યપુસ્તકોની સચોટ વિગતો મેળવીને સત્વરે પાઠ્યપુસ્તક મંડળને મોકલી આપવા જણાવવામાં આવ્યુ છે.

જિલ્લા કક્ષાએથી માંગણી પત્રક મળતાની સાથે જ મંડળ દ્વારા વિનામૂલ્યે પાઠ્યપુસ્તકોનો જથ્થો પ્રભાવિત શાળાઓ સુધી ઝડપથી પહોંચાડવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે રાજ્યના તમામ અતિવૃષ્ટિ પ્રભાવિત વિસ્તારોના વાલીઓ અને વિદ્યાર્થીઓને પુસ્તકોના નુકસાન અંગે ચિંતા કરવાની જરૂર નથી. જે વિદ્યાર્થીઓના પુસ્તકો ખરાબ થયા હોય, તેમણે ત્વરિત પોતાની સંબંધિત શાળા અથવા જિલ્લા શિક્ષણ અધિકારીનો સંપર્ક કરવા જણાવ્યું હતું.

ધોરણ-૧માં પ્રવેશ માટે બાલવાટિકાના પ્રમાણપત્ર ફરજિયાત માંગનાર સ્કૂલો સામે કાર્યવાહી થશે

તમામ સ્કૂલોએ ધો.૧માં પ્રવેશ માટે જન્મના દાખલાના આધારે પ્રવેશ આપવાનો રહેશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

રાજ્યમાં નવી શિક્ષણનિતીના અમલીકરણના ભાગરૂપે શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લા અમુક વર્ષથી ધોરણ-૧માં પ્રવેશની વયમર્યાદા ૬ વર્ષ કરી છે અને ૬ વર્ષ કરતા નાના અને ૫ વર્ષ કરતા મોટા બાળકો માટે બાલવાટિકાનો અમલ શરૂ કર્યો છે. જોકે આ નિર્ણય બાદ ઘણી ખાનગી સ્કૂલો દ્વારા બાલવાટિકાના પ્રમાણપત્રનો ફરજિયાતપણે હઠાગ્રહ રખાતો હોવાની ફરિયાદો ઉઠી હતી. જેથી ધોરણ-૧માં પ્રવેશ આપતી વખતે ફરજિયાત પણે બાલવાટિકાનું સર્ટિફિકેટ માગતી સ્કૂલોને શિક્ષણ વિભાગ દ્વારા કડક કાર્યવાહીની ચેતવણી આપવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ધોરણ-૧માં પ્રવેશ માટે બાલવાટિકાના પ્રમાણપત્રના હઠાગ્રહ રાખવામાં આવતો હોવાની ફરિયાદોના પગલે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. જેમાં જણાવાયું છે કે, ધોરણ-૧માં પ્રવેશ માટે બાલવાટિકા (પ્રિ-સ્કૂલિંગ) પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર રજૂ કરવું બિલકુલ ફરજિયાત નથી. કાયદાકીય જોગવાઈ મુજબ, પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ માટે બાળકના જન્મ, મરણ અને લગ્ન નોંધણી અધિનિયમ હેઠળ આપેલા જન્મના પ્રમાણપત્ર અથવા અન્ય નિયત દસ્તાવેજના આધારે માત્ર ઉંમર નક્કી કરવાની રહે છે. એટલું જ નહીં, ઉંમરની સાબિતીના અભાવે પણ કોઈ પણ બાળકને શાળામાં પ્રવેશ આપવાનો ઈનકાર કરી શકાતો નથી. પરિપત્રમાં શિક્ષણ વિભાગે તમામ શાળાઓને કડક શબ્દોમાં સૂચના આપી છે કે, ધોરણ-૧માં પ્રવેશ માટે માત્ર બાળકની નિર્ધારિત વય જ ધ્યાને લેવાની રહેશે, બાલવાટિકાનું પ્રમાણપત્ર હોવું જરૂરી નથી. જો કોઈ પણ સરકારી, અનુદાનિત કે ખાનગી પ્રાથમિક શાળા બાલવાટિકા સર્ટિફિકેટના અભાવે બાળકના પ્રવેશમાં અવરોધ ઊભો કરશે કે પ્રવેશ આપવાની ના પાડશે, તો તેને RTE કાયદાની કલમ ૧૪નો સીધો ભંગ ગણવામાં આવશે. આવી શાળાઓ સામે શિક્ષણ વિભાગ દ્વારા નિયમાનુસાર અત્યંત કડક કાર્યવાહી કરવામાં આવશે.

દેવગઢ બારિયા પાલિકાની ચૂંટણીનો રસ્તો સાફ : હાઈકોર્ટે સરકારના વલણને ટેકો આપ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

ગુજરાત હાઈકોર્ટે દેવગઢ બારીયા નગરપાલિકાની નિર્ધારિત ચૂંટણીઓ યોજવાનો રસ્તો મોકળો કરી દીધો છે. ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રે ની બનેલી ડિવિઝન બેન્ચે અગાઉ સિંગલ જજ દ્વારા આપવામાં આવેલી વચગાળાની રાહતને રદ કરી દીધી છે અને લોકશાહી પ્રક્રિયાને આગળ વધારવાની મંજૂરી આપી દીધી છે.આગામી ૨૮ જુલાઈએ યોજાનાર મતદાન હવે પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ મુજબ જ થશે. આ નિર્ણય રાજ્ય સરકારની તે દલીલની મોટી જીત સમાન છે કે ચૂંટણીઓ અટકાવવી જોઈએ નહીં અને નાગરિકોને તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓથી વંચિત રાખવા યોગ્ય નથી. અગાઉ કેટલાક ગેરલાયક ઠરેલા કાઉન્સિલરોએ તેમની ગેરલાયકાતને હાઈકોર્ટમાં પડકારી હતી અને ખાલી પડેલી બેઠકો પરની પેટાચૂંટણીઓ સામે સ્ટે માંગ્યો હતો. સિંગલ જજે આ અરજી આંશિક રીતે સ્વીકારીને કેટલીક બેઠકોની ચૂંટણી પર રોક લગાવી હતી, પરંતુ ડિવિઝન બેન્ચે તે નિર્ણયને ઉલટાવી દીધો છે અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને યથાવત રાખી છે. રાજ્ય સરકારે દલીલ કરી હતી કે માત્ર ચૂંટણીના વિવાદ કે litigationના કારણે હજારો મતદારોને અનિશ્ચિત સમય સુધી પ્રતિનિધિત્વ વગરના ન રાખી શકાય. ડિવિઝન બેન્ચે આ સ્ટે હટાવીને સ્પષ્ટ કર્યું છે કે લોકશાહી પ્રક્રિયામાં અડચણ ઊભી થવી જોઈએ નહીં. હાઈકોર્ટના આ હસ્તક્ષેપથી દેવગઢ બારીયા નગરપાલિકાની ચૂંટણી અંગેની અનિશ્ચિતતાનો અંત આવ્યો છે અને હવે ૨૮ જુલાઈએ નિશ્ચિતપણે મતદાન થશે.

જમિઅત ઉલમા-એ-ગુજરાત દ્વારા હિન્દુ-મુસ્લિમના ભેદભાવ વગર અસરગ્રસ્તોને મદદ

વંસદામાં(નવસારી) પૂરથી ક્ષતિગ્રસ્ત ૫ મકાનો ફરીથી બનાવી અપાશે

અમદાવાદ,તા.૨૭

તાજેતરમાં દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં થયેલા ભારે વરસાદ અને પૂરની સ્થિતિને કારણે ભારે તારાજી સર્જાઈ છે. ખાસ કરીને નવસારીના કાશીવાડી વિસ્તારમાં મકાનોને મોટું નુકસાન પહોંચ્યું છે. આ વિપરીત પરિસ્થિતિમાં માનવતાના ધોરણે મદદરૂપ થવા 'જમિયત ઉલમા-એ-ગુજરાત' ની ટીમે પૂરજોશમાં રાહત અને બચાવ કામગીરી હાથ ધરી છે.

જમિયત ઉલમા-એ-ગુજરાતના પ્રમુખ મુફ્તી એહમદ દેવલાના આદેશ અને પ્રો. નિસાર એહમદ અંસારીની રહબરી (માર્ગદર્શન) હેઠળ તા. ૨૭-૦૭-૨૦૨૬ના રોજ એક વિશેષ પ્રતિનિધિ મંડળ નવસારી ખાતે પહોંચ્યું હતું. પ્રતિનિધિ મંડળે પૂર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ કોઈપણ જાતના ધાર્મિક કે જાતિગત ભેદભાવ વગર હિન્દુ-મુસ્લિમ તમામ જરૂરિયાતમંદ પરિવાર સુધી ૫૦૦ ગાદલાં, ૧૦૦૦ ચાદર અને ૧૦૦૦ ઓશિકાનું વિતરણ કર્યું હતું. ખજાનચી ઇકબાલ ઉસ્માનીએ જણાવ્યું હતું કે, નવસારી જમિયત ઉલમા તરફથી નવસારી, વાંસદા, વાગડી, સોનવાલી અને દેવડા વિસ્તારમાં ૧૦૦૦ ફૂડકીટનું વિતરણ કરવામાં આવશે. વાંસદામાં પૂરના કારણે જે ૫ મકાનો સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગયા છે, તેને જમિયત ઉલમા નવસારી દ્વારા ફરીથી બનાવી આપવામાં આવશે. નવસારી ઉપરાંત વાપી, વલસાડ, દમણ અને સુરતમાં પણ જમિયતની ટીમ સક્રિય છે. સુરતમાં નાયબ સદર મોલાના અરશદ મીરની દેખરેખ હેઠળ રાહત કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેનાર જમિઅત ઉલમા-એ-ગુજરાતના પ્રતિનિધિ મંડળમાં મુફ્તી ઇમરાન (સેક્રેટરી), અસલમ કુરેશી (સેક્રેટરી), અતિકુરરહેમાન કુરેશી (નઝીમે તનઝીમ), ઇકબાલ ઉસ્માની (ખજાનચી), મોલવી મોહમ્મદ સાહેબ (ઓર્ગેનાઈઝર), હાફિઝ યુનુસ બાંદા, મુફ્તી મોહસીન (સદર, વડોદરા), કારી એહમદ (સદર, નવસારી), મોલાના અયુબ (નજીમે તંઝીમ), મુફ્તી બંદે ઈલાહી (નાયબ સદર), મુફ્તી સાજીદ અને મોલાના રિયાઝ (નવસારી)વગેરેનો સમાવેશ થાય છે.

પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની હાજરીમાં સમીક્ષા બેઠક મળી

ધોળકામાં અતિવૃષ્ટિમાં થયેલ નુકસાનનો યુદ્ધના ધોરણે સર્વે કરવા કલેક્ટરની સૂચના

(સંવાદદાતા દ્વારા)

ધોળકા, તા.૨૭

ધોળકા સર્કિટ હાઉસ ખાતે ધારાસભ્ય કિરીટસિંહ ડાભીનાં અધ્યક્ષસ્થાને, પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા જિલ્લા કલેક્ટરની વિશેષ ઉપસ્થિતિમાં અતિવૃષ્ટિ બાદની પરિસ્થિતિની સમીક્ષા માટે અગત્યની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અતિવૃષ્ટિ દરમિયાન સરકારી વિભાગો અને સેવાભાવી લોકોએ કરેલી સારી કામગીરીને બિરદાવવામાં આવી હતી.

ધારાસભ્યએ અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી કે હવે રાહત કામગીરી સાથે સફાઈ અભિયાનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે. શહેરના દરેક વોર્ડમાં કાઉન્સિલરો તથા તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યોની ઉપસ્થિતિમાં સફાઈ કામગીરીનું સતત મોનિટરિંગ કરવામાં આવે.

બેઠકમાં નીચેના મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા :

● ખેડૂતો, વેપારીઓ અને રહેણાંક વિસ્તારોમાં થયેલા નુકસાનનો તાત્કાલિક સર્વે પૂર્ણ કરી સરકારની માર્ગદર્શિકા મુજબ

વહેલી તકે વળતર ચૂકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે, કાચા મકાનોને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરી નિયમ મુજબ સહાય આપવામાં આવે, જરૂરિયાતમંદ પરિવારોને કેશડોલ સહિતની તમામ રાહત સહાય ઝડપથી પહોંચાડવામાં આવે, જ્યાં જ્યાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે ત્યાં કાયમી ઉકેલ માટે વૈજ્ઞાનિક અભ્યાસ સાથે એક્શન પ્લાન તૈયાર કરી તેનો સમયબદ્ધ અમલ કરવામાં આવે, ત્રાંસદ તથા ભેટાવાડા ગામોમાં વરસાદી પાણીના નિકાલ અને સ્થાનિક લોકોને પડતી મુશ્કેલીઓના કાયમી નિવારણ માટે તાત્કાલિક આયોજન કરવામાં આવે. જિલ્લા કલેક્ટરએ બેઠકમાં જણાવ્યું કે NDRF અને SDRFની ટીમોએ મળીને ૩૦૦થી વધુ લોકોનું સફળ રેસ્ક્યુ કર્યું છે. ઉપરાંત આજથી જ શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં વ્યાપક સફાઈ અભિયાન, ફોગિંગ, ક્લોરિનેશન, મૃત પશુઓના નિકાલ અને સર્વેની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં તમામ જરૂરી રાહત સહાય તાત્કાલિક પહોંચાડવા તેમજ નુકસાનનો સર્વે ઝડપથી પૂર્ણ કરવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે.

ગ્રામજનો માટે અવરજવર બની જોખમી; દર વર્ષે સર્જાતી સ્થિતિને લઈ રોષ

અમદાવાદ જિલ્લાનું સરલા ગામ ભારે વરસાદને કારણે ટાપુમાં ફેરવાયું

બગોદરા પાસેના ગામમાં જળબંબાકાર સ્થિતિ; ૫૫થી વધુનું રેસ્ક્યુ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ જિલ્લાના બગોદરા નજીક આવેલું સરલા ગામ ભારે વરસાદ બાદ જળબંબાકારની ગંભીર પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે. સતત વરસાદ અને પાણીના ભરાવાને કારણે ગામના મુખ્ય માર્ગો સંપૂર્ણપણે જળમગ્ન થઈ ગયા છે, જેના કારણે સમગ્ર ગામ જાણે બેટમાં ફેરવાઈ ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સામાન્ય વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ જતાં ગ્રામજનોને હવે જીવના જોખમે ટ્રેક્ટર દ્વારા અવરજવર કરવાની ફરજ પડી રહી છે.

ગામના પ્રવેશ માર્ગો સહિત અનેક નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળતાં લોકોના રોજિંદા જીવન પર ગંભીર અસર પડી છે. વિદ્યાર્થીઓ, દર્દીઓ અને કામધંધા માટે બહાર જતાં લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પાણી ભરાયેલા માર્ગો પરથી ટ્રેક્ટર દ્વારા લોકોની અવરજવર કરાવવામાં આવી રહી છે, પરંતુ આ મુસાફરી પણ જોખમથી ભરપૂર હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક વહીવટી તંત્ર અને આપદા વ્યવસ્થાપન વિભાગે તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી. રેસ્ક્યૂ ટીમોએ પાણીમાં ફસાયેલા ૫૫થી વધુ ગ્રામજનોને સલામત સ્થળે ખસેડ્યા હતા. બચાવાયેલા લોકોને ગામની સ્થાનિક શાળામાં અસ્થાયી આશ્રય આપવામાં આવ્યો છે, જ્યાં ભોજન, પીવાનું પાણી અને અન્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. સ્થાનિક અધિકારીઓ સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને પાણીનું સ્તર ઘટે ત્યાં સુધી રાહત કામગીરી ચાલુ રાખવામાં આવશે. આરોગ્ય અને અન્ય આવશ્યક સેવાઓ પણ અસરગ્રસ્ત લોકોને સમયસર મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. દર વર્ષે ચોમાસા દરમિયાન સરલા ગામમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાતી હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે. ગ્રામજનોનું કહેવું છે કે વરસાદી પાણીના કાયમી નિકાલની વ્યવસ્થા ન હોવાથી ગામ વારંવાર પાણીમાં ઘેરાઈ જાય છે. આ સ્થિતિના કારણે ખેતી, વેપાર અને સામાન્ય જનજીવનને ભારે નુકસાન થાય છે. ગ્રામજનોએ તંત્ર સમક્ષ પાણીના નિકાલ માટે કાયમી ડ્રેનેજ લાઈન અથવા યોગ્ય ગટર વ્યવસ્થા ઉભી કરવાની માંગ કરી છે. તેમનું કહેવું છે કે જો સમયસર કાયમી ઉકેલ નહીં લાવવામાં આવે તો દર ચોમાસામાં આવી જ સ્થિતિ સર્જાતી રહેશે અને ગ્રામજનોને જીવના જોખમે અવરજવર કરવાની ફરજ પડશે.

ટ્રમ્પે ૧૩ દિવસ પછી ઈરાન પર હુમલા બંધ કર્યા, શું અમેરિકા પાસે શસ્ત્રોની અછત છે ?

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સતત ૧૩ દિવસ પછી ઈરાન પરના અમેરિકી હુમલા અટકાવી દીધા છે અને રાજદ્વારી પ્રયાસો આગળ વધારતા, પેન્ટાગોનના અધિકારીઓએ મિસાઈલ-રક્ષણ ભંડારમાં ઘટાડો થવાની ચેતવણી આપી અને વરિષ્ઠ સલાહકારોએ પ્રાદેશિક સંઘર્ષ સામે ચેતવણી આપી છે

(એજન્સી) તા.૨૭

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સતત ૧૩ દિવસ પછી ઈરાન પર અમેરિકન હુમલાઓ સ્થગિત કર્યા છે, અધિકારીઓએ રાજદ્વારી વાતચીત અને યુએસ મિસાઈલ-રક્ષણ ભંડારો પર ચિંતા અને સંઘર્ષને વિસ્તૃત કરવાની આશંકા દર્શાવી છે.

શુક્રવારે દૈનિક યુએસ હુમલાઓમાં લગભગ બે અઠવાડિયામાં પ્રથમ વિરામ આવ્યો છે, ટ્રમ્પે હુમલાની નવી યોજના છતાં સૈન્યને નવા હુમલાઓ ન કરવાનો નિર્દેશ આપ્યો હતો, જે વાટાઘાટોનો સંકેત આપે છે, જો કે, અમેરિકા જરૂર પડે તો લશ્કરી કાર્યવાહી ફરી શરૂ કરવા માટે તૈયાર છે.

વ્હાઈટ હાઉસે ટ્રમ્પના નિર્ણય પર સત્તાવાર રીતે ટિપ્પણી કરી નથી. જો કે, વ્હાઈટ હાઉસના કોમ્યુનિકેશન ડિરેક્ટર સ્ટીવન ચેઉંગે જણાવ્યું હતું કે, ટ્રમ્પ સતત રાજદ્વારી ઉકેલની તરફેણ કરે છે પરંતુ જો ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાં અથવા યુએસ સાથીઓ સામે હુમલા ચાલુ રાખે છે તો તેઓ તમામ લશ્કરી વિકલ્પો ખુલ્લા રાખશે.

ટ્રમ્પે તારણ કાઢ્યું હતું કે, લશ્કરી કાર્યવાહીનું વર્તમાન સ્તર ખૂબ મોટી લડાઈ ઝુંબેશ શરૂ કર્યા વિના તેની અસરકારકતાની મર્યાદા સુધી પહોંચી ગયું છે. સૂત્રોએ પ્રકાશનને જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ રાજદ્વારી માટે વધુ વાટાઘાટો કરવા માંગતા હતા, જ્યારે જો વાટાઘાટો નિષ્ફળ જાય તો ટૂંકા ગાળાની સૂચના પર હુમલાઓ ફરીથી શરૂ કરવાનો વિકલ્પ રાખ્યો છે.

શુક્રવારે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે, અમેરિકા 'રોકાઈ' રહ્યું છે પરંતુ 'સ્માર્ટ વ્યૂહરચના' ઈરાન સાથે સોદો કરવાનો છે. અમે હમણાં તેમની સાથે વાત કરી રહ્યા છીએ. મને લાગે છે કે, તેઓ દિવસો પસાર થતાં વધુ ગંભીર બની રહ્યા છે.

બાદમાં વ્હાઈટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ એસોસિએશનના રાત્રિભોજનને સંબોધતા ટ્રમ્પે કહ્યું કે, તેઓ માનતા નથી કે ઈરાન તાત્કાલિક સોદો કરવા તૈયાર છે પરંતુ તેઓ વાટાઘાટો કરવા

તૈયાર છે.

મિસાઈલ સ્ટોકપાઈલ્સ પર પેન્ટાગોનની ચિંતા આ વિરામ પાછળનું બીજું મુખ્ય પરિબળ છે અને યુએસ મિસાઈલ સંરક્ષણ ઈન્વેન્ટરીમાં ઘટાડાને લઈને પેન્ટાગોનમાં ચિંતા હતી.

ધ ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર વરિષ્ઠ લશ્કરી અધિકારીઓએ ચેતવણી આપી હતી કે, ઝુંબેશને આગળ વધારવાથી મધ્ય-પૂર્વમાં તૈનાત પેટ્રિઅટ ઈન્ટરસેપ્ટર મિસાઈલો અને અન્ય હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ ઓછી થઈ શકે છે, જે સંભવિત રીતે યુએસ સૈનિકો, સાથીઓ અને લશ્કરી સ્થાપનોને બદલો લેવાના ઈરાની હુમલાઓનો સામનો કરવા માટે સંવેદનશીલ બનાવી શકે છે.

અહેવાલમાં જણાવાયું છે કે, સંયુક્ત ચીફ્સ ઓફ સ્ટાફના અધ્યક્ષ જનરલ ડેન કેને ટ્રમ્પને જણાવ્યું હતું કે, સૈન્ય વ્યાપક આક્રમણ કરી શકે છે, તેમ કરવાથી યુએસ સેન્ટ્રલ કમાન્ડને સોંપવામાં આવેલા ઈન્ટરસેપ્ટર સ્ટોકપાઈલ્સ પર નોંધપાત્ર દબાણ આવશે.

પેન્ટાગોને તાજેતરના મહિનાઓમાં ૧૨૦૦થી વધુ પેટ્રિઅટ ઈન્ટરસેપ્ટર મિસાઈલોનો ઉપયોગ કરી દીધો છે, જેના કારણે ઈરાન સામે કોઈ મોટી કાર્યવાહી થાય તે પહેલાં જ ઈન્વેન્ટરીઓ દબાણ હેઠળ છે.

જે.ડી. વેન્સ, લશ્કરી નેતાઓએ સાવધાની રાખવાની તાકીદ કરી છે. ઉપપ્રમુખ જે.ડી. વેન્સ અને જનરલ કેઈને શુક્રવારે વ્હાઈટ હાઉસમાં ઈરાન યુદ્ધ વધવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

સીએનએન, યુએસ અધિકારીઓ કહે છે કે, જનરલ કેઈને ટ્રમ્પને માત્ર શસ્ત્રોના ભંડારને ઘટાડવા વિશે જ નહીં પરંતુ યુદ્ધને વિસ્તૃત કરવાના વ્યાપક પરિણામો વિશે પણ ચેતવણી આપી હતી.

સંરક્ષણ વિભાગના એક સૂત્રએ જણાવ્યું હતું કે, ઈરાન સામે લશ્કરી કાર્યવાહી હાલમાં 'સ્થગિત' છે, જો કે, તે સ્પષ્ટ નથી કે શું વિરામ કામચલાઉ રહેશે કે વ્યૂહરચનામાં વ્યાપક પરિવર્તનની શરૂઆત છે. ટ્રમ્પના આંતરિક વર્તુળના ઘણા સભ્યોએ પ્રશ્ન કર્યો હતો કે, શું વધારાના હુમલાઓ વ્યાપક પ્રાદેશિક સંઘર્ષના જોખમમાં નોંધપાત્ર વધારો કર્યા વિના વહીવટના ઉદ્દેશ્યો પ્રાપ્ત કરશે.

લશ્કરી વિરામ નવી રાજદ્વારી પ્રવૃત્તિ સાથે સુસંગત છે. ટ્રમ્પનો નિર્ણય ઓમાની પ્રતિનિધિમંડળના તેહરાન પહોંચ્યાના ઘણા કલાકો પછી જાહેર કરવામાં આવ્યો હતો, જે વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ તેલ શિપિંગ લેનમાંથી એક, હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટેની સંભવિત વ્યવસ્થાની ચર્ચા કરવા માટે હતો.

પ્રાદેશિક સૂત્રોએ જણાવ્યું હતું કે, ચર્ચામાં પ્રગતિ થઈ છે અને ઓમાન અને ઈરાન વચ્ચે ટૂંક સમયમાં એક કરાર થઈ શકે છે, જો કે, કોઈપણ દરખાસ્તને અંતે ટ્રમ્પની મંજૂરીની જરૂર પડશે.

આ દરમિયાન ગલ્ફ રાષ્ટ્રોએ વોશિંગ્ટનને રાજદ્વારી પ્રયાસો ચાલુ રાખીને સંયમ રાખવા વિનંતી કરી છે.

ઈરાન-અમેરિકા યુદ્ધ : 'અમેરિકા મૂંઝવણમાં ફસાયું છે, આ યુદ્ધ ક્યારે પૂરું થશે તેનો નિર્ણય તેહરાન જ કરશે'

અમેરિકા સંઘર્ષનો અંત લાવવા સંઘર્ષ કરી રહ્યું હોવાનો ઈરાનનો દાવો; કેસ્પિયન સી હુમલા અંગે યુક્રેનને પણ ચેતવણી આપી

(એજન્સી) તેહરાન/વોશિંગ્ટન, તા.૨૭

ઈરાને ઈઝરાયેલના પ્રભાવ હેઠળ યુદ્ધ શરૂ કરનાર યુનાઈટેડ સ્ટેટ્સ (US) પર આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, પાંચ મહિનાના યુદ્ધ પછી અમેરિકા હવે "અટવાઈ ગયું છે અને સંઘર્ષ કરી રહ્યું છે." ઈરાને સ્પષ્ટ ચીમકી આપી છે કે આ નિર્ણયનો અંજામ અને કિંમત ચૂકવવી અમેરિકા માટે અનિવાર્ય બની રહેશે. બીજી તરફ, બે અઠવાડિયાના ભારે બોમ્બમારા બાદ ઈરાને મધ્ય પૂર્વમાં તેના વળતા હુમલા હાલ પૂરતા રોકી દીધા છે, જ્યારે અમેરિકા પણ ઈરાન સામે સીધો ગોળીબાર કરવાનું ટાળી રહ્યું છે. અમેરિકામાં હાથ ધરાયેલો પોલ : ૭૬% લોકોનું માનવું છે કે ઈરાન સાથેનું યુદ્ધ અપેક્ષા કરતાં વધુ પડકારજનક રહ્યું.

ઈરાન સાથે ચાલી રહેલા સંઘર્ષ અંગે સામે આવેલા નવા સીબીએસ ન્યૂઝ (CBS News) અને યુગોવ (YouGov)ના સર્વે મુજબ, ૭૬ ટકા અમેરિકનો માને છે કે ચાલુ યુએસ-ઈરાન યુદ્ધ ટ્રમ્પ પ્રશાસનની અપેક્ષાઓ કરતાં "વધુ પડકારજનક" સાબિત થયું છે. અનિશ્ચિતતા અને નકારાત્મકતા : સર્વેમાં ભાગ લેનારા ૫૮ ટકા લોકોએ ચાલુ સંઘર્ષ અંગે અનિશ્ચિતતા વ્યક્ત કરી હતી, જ્યારે ૫૭ ટકા લોકોએ યુદ્ધથી નિરાશા વ્યક્ત કરી હતી. ભવિષ્ય અંગે દૃષ્ટિકોણ : માત્ર

૧૯ ટકા લોકો જ આ સ્થિતિ અંગે આશાવાદી છે, જ્યારે ૩૬ ટકા લોકોએ નકારાત્મક વલણ દર્શાવ્યું હતું. વર્તમાન પરિસ્થિતિ : માત્ર ૨૨ ટકા અમેરિકનો એવું માને છે કે આ સંઘર્ષમાં હાલ ઈરાન મજબૂત કે ફાયદાકારક સ્થિતિમાં છે. ઈરાકથી સાઉદી અરેબિયા પર ડ્રોન હુમલા : સઉદી એર ડિફેન્સે હુમલા નિષ્ફળ બનાવ્યા અન્ય એક મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમમાં, સઉદી સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા મેજર-જનરલ તુર્કી અલ-માલિકીએ જણાવ્યું છે કે સઉદી એર ડિફેન્સે છેલ્લા કેટલાક કલાકોમાં અનેક ડ્રોન હુમલાઓને હવામાં જ તોડી પાડ્યા હતા.

તેમણે ઉમેર્યું કે આ આતંકવાદી પ્રયાસો ઈરાકી સરહદ પરથી ઈરાન સમર્થિત સશસ્ત્ર આતંકવાદી જૂથો દ્વારા કરવામાં આવ્યા હતા. સઉદી અરેબિયાએ સ્પષ્ટ કર્યું છે કે તે પોતાના સૈન્ય અને નાગરિકોનું રક્ષણ કરવાનો સાર્વભૌમ અધિકાર ધરાવે છે અને યોગ્ય સમયે તથા યોગ્ય સ્થળે આ હુમલાનો જડબાતોડ જવાબ આપવાનો અધિકાર પોતાની પાસે અનામત રાખે છે.

ઈરાને સ્પષ્ટ કર્યું : 'અમેરિકા સાથે હાલ કોઈ વાટાઘાટો ચાલી રહી નથી'

વાટાઘાટોની માંગણીના દાવાને ઈરાને અફવા ગણાવી; અમેરિકી હુમલા રોકાતાં બંને પક્ષે વળતા પ્રહારો પર ક્ષણિક વિરામ

(એજન્સી) તેહરાન/વોશિંગ્ટન, તા.૨૭

ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે તાજેતરના દિવસોમાં પરસ્પર હુમલાઓ અટકી ગયા હોવા છતાં, ઈરાનના વિદેશ મંત્રાલયે સોમવારે સ્પષ્ટતા કરી છે કે તે હાલમાં અમેરિકા સાથે કોઈ પણ પ્રકારની સીધી વાટાઘાટોમાં સામેલ નથી. ઈરાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બાકેઈએ સાપ્તાહિક પ્રેસ બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું કે, ઈરાને વાટાઘાટો માટે વિનંતી કરી હોવાના દાવાઓ સંપૂર્ણપણે ઉપજાવી કાઢેલા છે અને તે સામો પક્ષ અવારનવાર ફેલાવતો રહે છે.

બાકેઈએ ઉમેર્યું હતું કે મધ્યસ્થો પ્રાદેશિક ઘટનાક્રમ અંગે અમેરિકા તરફથી સંદેશાઓ પહોંચાડી શકે છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં અમેરિકા સાથે કોઈ વાટાઘાટો થઈ રહી નથી. તેમણે અમેરિકાના વર્તનને 'માફિયા ગેંગ' જેવું ગણાવતા કડક શબ્દોમાં ટીકા કરી હતી.

બે દિવસથી હુમલા અટક્યા: શું યુદ્ધવિરામની આશા જાગી છે ?

સતત ૧૩ રાત સુધી બોમ્બમારો કર્યા બાદ, અમેરિકાએ છેલ્લા બે દિવસથી ઈરાન પરના હુમલા રોકી દીધા છે. ઈરાને પણ તેના વળતા પ્રહારો રોકવાની જાહેરાત કરી છે. ઈરાની સેનાના પ્રવક્તા મોહમ્મદ અક્રામિનિયાએ જણાવ્યું હતું કે, ઈરાનની રણનીતિ માત્ર વળતા જવાબ આપવાની હોવાથી અમેરિકી હુમલા અટકતાં તેમણે પણ લશ્કરી કામગીરી સ્થગિત કરી છે.

દરમિયાન, સંયુક્ત રાષ્ટ્ર (UN) ખાતેના અમેરિકી રાજદૂત માઈક વોલ્ટ્ઝે જણાવ્યું હતું કે અમેરિકી દળો પૂર્ણપણે સજ્જ છે, પરંતુ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વાટાઘાટો માટે થોડો સમય અને તક આપી રહ્યા છે. આ કામચલાઉ શાંતિના

કારણે એશિયન બજારોમાં ક્રચવાતા મનથી કાચા તેલના ભાવમાં રાહત જોવા મળી હતી.

હોર્મુઝની સામુદ્રધુની અને પ્રાદેશિક તણાવ

આ સંઘર્ષની શરૂઆત હોર્મુઝની વ્યૂહાત્મક સામુદ્રધુની (Strait of Hormuz) પરના વિવાદથી થઈ હતી, જે બાદમાં અમેરિકી સૈન્ય મથકો, પ્રાદેશિક શિપિંગ અને ખાડી દેશો પરના હુમલાઓ સુધી વિસ્તરી ગઈ હતી. મધ્યસ્થી કરી રહેલા એક પ્રાદેશિક અધિકારીના જણાવ્યા અનુસાર, બંને દેશો ફરીથી ઈન્ટરિમ (અંતરિમ) સીઝફાયર ડીલ તરફ પાછા ફરવા માંગે છે, જેમાં હોર્મુઝ સામુદ્રધુનીમાંથી જહાજોની અવરજવર માટે ઈરાનને અમુક છૂટછાટો આપવા પર વિચારણા ચાલી રહી છે.

જોકે, બાકેઈએ અમેરિકા પર ઈસ્લામાબાદ કરારના ઉલ્લંઘનનો આરોપ લગાવતા કહ્યું કે વોશિંગ્ટને ફરી એકવાર કૂટનીતિ સાથે વિશ્વાસઘાત કર્યો છે. બીજી તરફ, અમેરિકી નૌકાદળે ઈરાન સામે તેની દરિયાઈ નાકાબંધી યથાવત રાખી છે.

બેન્જામિન નેતાન્યાહુ અને ટ્રમ્પની મુલાકાત પર નજર

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ મંગળવારે વ્હાઈટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પને મળવાના છે. નેતાન્યાહુ ઈરાનના પરમાણુ કાર્યક્રમ સામે કડક વલણ અપનાવવા માટે ટ્રમ્પ પર દબાણ લાવે તેવી શક્યતા છે. નેતાન્યાહુએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, ડેલ સાથે કે ડીલ વગર, ઈરાનનો પરમાણુ કાર્યક્રમ કોઈપણ ભોગે બંધ થવો જ જોઈએ.

લગભગ પાંચ મહિનાથી ચાલી રહેલું આ યુદ્ધ અમેરિકામાં આગામી નવેમ્બરની મધ્યસત્ર ચૂંટણીઓ (Midterm Elections) પહેલા ટ્રમ્પ માટે રાજકીય રીતે અને શસ્ત્ર સામગ્રીના પુરવઠાની દૃષ્ટિએ પડકારજનક સાબિત થઈ રહ્યું છે.

ઈઝરાયેલી સૈનિકોએ નેબ્લુસમાં ૪૦ પેલેસ્ટીનીઓને અટકાયતમાં લીધા, નવી વસાહતી ચોકી ઊભી થઈ

(એજન્સી) તા.૨૭

ઈઝરાયેલી સૈનિકોએ વહેલી સવારે કબજા હેઠળના પશ્ચિમ કાંઠાના શહેર નેબ્લસમાં હુમલો કર્યો, જેમાં લગભગ ૪૦ પેલેસ્ટીનીઓને અટકાયતમાં લેવામાં આવ્યા. પકડાયેલા લોકોમાં એક મહિલા અને ઘણા પૂર્વ કેદીઓનો સમાવેશ થાય છે. તે જ સમયે, ઈઝરાયેલી વસાહતીઓએ સલ્ફિટ ગવર્નરેટમાં પેલેસ્ટીની ગામ દેઈર ઈસ્તિયાની માલિકીની જમીન પર એક નવી ચોકી સ્થાપી. ચાર પેલેસ્ટીની ગ્રામજનો અને બે ઈઝરાયેલીઓના મૃત્યુ પછી કબજે કરેલા પ્રદેશમાં તાજેતરમાં સૈનિકોની તૈનાતી બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. પેલેસ્ટીની અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈઝરાયેલી વસાહતીઓ તાલ ગામમાં બળજબરીથી પ્રવેશ્યા ત્યારે હિંસા ફાટી નીકળી હતી અને સ્થાનિક રહેવાસીઓ

ફરિયાદ મુજબ આરોપી પાડોશીએ છોકરીને તેના ઘરે લલચાવીને તેના પર જાતીય હુમલો કર્યો, જેના કારણે તેને ઈજાઓ પહોંચી. પોલીસે જણાવ્યું હતું કે પીડિતાને તબીબી તપાસ માટે મોકલવામાં આવી છે અને આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

એશિયન ગેમ્સ ૨૦૨૬માં ગુજરાતનો નવો રેકોર્ડ

ભારતનું પ્રતિનિધિત્વ કરશે ગુજરાતના ૯ ધુરંધર ખેલાડીઓ

જાપાનમાં યોજનારી આગામી એશિયન ગેમ્સમાં ગુજરાતના નવ ખેલાડીઓ અને એક રિઝર્વ ખેલાડી ભારતનું પ્રતિનિધિત્વ કરશે

નવી દિલ્હી, તા.૨૭

ગુજરાતનો રમતગમતનો ગ્રાફ ખૂબ જ ઝડપથી ઉપર જઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૪માં ૧૭મી એશિયન ગેમ્સમાં ગુજરાતમાંથી માત્ર ખેલાડીઓએ એશિયન ગેમ્સમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું પણ આજે રાજ્યે પોતાનો જ રેકોર્ડ તોડી નાખ્યો છે. જાપાનના આઈચી-નાગોયા ખાતે ૧૯ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન યોજાનારી આગામી ૨૦મી એશિયન ગેમ્સ માટે ગુજરાતમાંથી ૯ સભ્યોની મજબૂત ટુકડી અને એક હાઈ-વેલ્યુ રિઝર્વ ખેલાડી પસંદગી પામ્યા છે. ગુજરાત માટે ખરેખર આ એક ગૌરવની ક્ષણ છે.

એશિયન ગેમ્સ જેવી મહત્વની સ્પર્ધામાં ગુજરાતમાંથી આટલી મોટી સંખ્યામાં ખેલાડીઓની પસંદગી દર્શાવે છે કે, રમત-ગમત ક્ષેત્રે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલનાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ નાંખેલો પાયો મજબૂત છે અને તેના ફળ હવે મળી રહ્યાં છે. એટલું નહીં પણ ગુજરાત હવે માત્ર ક્રિકેટપ્રેમી રાજ્ય મટીને મલ્ટી-સ્પોર્ટ્સનું પાવરહાઉસ બની ગયું છે. ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે પસંદ કરાયેલા ગુજરાતનાં ખેલાડીઓમાં વિવિધ રમતોના અનુભવી ચેમ્પિયન્સ અને ઉત્સાહી યુવા પ્રતિભાઓનું શાનદાર મિશ્રણ જોવા મળે છે.

પસંદગી પામેલા ખેલાડીઓ વિવિધ રમતગમત ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરે છે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય રમતોમાં ગુજરાતના વધતા પ્રદાનને દર્શાવે છે. રાજ્યની આ ટુકડીમાં શૂટર ઈલાવેનિલ વલારિવન, ટેબલ ટેનિસ ખેલાડીઓ હરમીત દેસાઈ, માનવ ઠક્કર અને માનુષ શાહ, સોફ્ટ ટેનિસ ખેલાડી અનિકેટ પટેલ, તરણવીર આર્યન નેહરા, ટેનિસ ખેલાડીઓ અંકિતા રૈના અને વૈદેહી ચૌધરી તેમજ સ્પ્રિન્ટર (દોડવીર) દેવયાની ઝાલાનો સમાવેશ થાય છે. ટેનિસ ખેલાડી જીલ દેસાઈની રિઝર્વ ખેલાડી તરીકે પસંદગી કરવામાં આવી છે.

રમતગમત ક્ષેત્રે આ તેજી રાતોરાત નથી આવી. તે લાંબાગાળાની વ્યૂહરચનાનું ઉત્કૃષ્ટ પરિણામ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન 'શક્તિદૂત યોજના' જેવી યોજનાઓ અમલમાં મૂકી પાયાનું કામ કર્યું. સ્થાનિક સ્તરેથી રમત પ્રતિભાઓ ગુજરાતને મળી અને હવે તે આંતરરાષ્ટ્રિય સ્તરે ઝળકી રહી છે. આ વારસાને આગળ ધપાવતા, વર્તમાન સરકારે પણ આ વેગને જાળવી રાખ્યો છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, "મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત વિશ્વસ્તરીય રમતગમત સંસ્કૃતિના નિર્માણ પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. અમે માત્ર ખેલાડીઓને તાલીમ જ નથી આપી રહ્યા, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કરવા માટે આખી એક ઇકોસિસ્ટમ તૈયાર કરી રહ્યા છીએ." હર્ષ સંઘવીએ જણાવ્યું કે, વર્ષ ૨૦૩૦માં ગુજરાત કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરશે. આ માટે વિશ્વસ્તરીય સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા માટે યુદ્ધના ધોરણે તૈયારીઓ ચાલી રહી છે. છેલ્લા એક દાયકામાં ગુજરાતે ઓલિમ્પિક, કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સમાં પોતાનું પ્રતિનિધિત્વ સતત વધાર્યું છે. હવે સૌની નજર આગામી મહિનાઓમાં યોજાનારી એશિયન ગેમ્સમાં ભાગ લેનારા ગુજરાતનાં ખેલાડીઓ પર રહેશે.

ISSF વર્લ્ડકપમાં મહિલાઓની ૨૫ મીટર પિસ્તોલમાં એશાએ ગોલ્ડ મેડલ જીત્યો, મનુએ બ્રોન્ઝ મેડલ જીત્યો

હાંગઝોઉ, તા.૨૭

ભારતીય શૂટિંગમાં સોમવારે વધુ એક સુવર્ણ પ્રકરણ જોવા મળ્યું, જ્યારે ઉભરતી સ્ટાર એશા સિંહે હાંગઝોઉમાં ISSF વર્લ્ડકપ (રાઇફલ/પિસ્તોલ/શોટગન)માં મહિલાઓની ૨૫ મીટર પિસ્તોલ ગોલ્ડ મેડલ જીતવા માટે નોંધપાત્ર સંયમ અને ચોકસાઈનું પ્રદર્શન કર્યું. ૨૧ વર્ષીય ખેલાડીએ ડબલ ઓલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકર સહિત તમામ ક્ષેત્રોને પાછળ છોડી દીધા, જેમણે બ્રોન્ઝ મેડલ જીત્યો, જેનાથી ભારત માટે યાદગાર ડબલ-પોડિયમ ફિનિશિંગ સુનિશ્ચિત થયું. હાઈ-પ્રેશર ફાઈનલમાં સ્ટીલની નર્વ્સ દર્શાવતા એશાએ ક્લિનિકલ પર્ફોર્મન્સ આપ્યું, ૪૦ હિટ્સ

નોંધાવીને પોડિયમ પર ટોચનું સ્થાન મેળવ્યું. આ દરમિયાન મનુએ પોતાની ટ્રેડમાર્ક સ્થિતિસ્થાપકતા દર્શાવી, નિર્ણાયક શૂટ-ઓફમાં ટકી રહી અને ૨૮ હિટ્સ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો.

ભારતે દિવસના ઘણા વહેલા પ્રભાવશાળી ક્વોલિફિકેશન અભિયાન સાથે સફળતાનો પાયો નાખ્યો હતો. મનુએ 586-20xના શાનદાર સ્કોર સાથે સ્ટેન્ડિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું, જ્યારે એશા 585-18x સાથે બીજા સ્થાને રહી હતી કારણ કે, બંનેએ આઠ-શૂટર ફાઇનલમાં આરામથી પોતાનું સ્થાન બુક કર્યું હતું. ભારતીય ટુકડીએ એકંદરે પ્રભાવશાળી પ્રદર્શનનો આનંદ માણ્યો. પૂર્વ એશિયન ગેમ્સ ચેમ્પિયન રાહી સરનો બતે 582-16xનો મજબૂત સ્કોર પાછો મેળવ્યો, જ્યારે સિમરનપ્રીત કૌર બ્રાર (576-20x) અને અભિદન્ય અશોક પાટીલ (573-16x) જે રેન્કિંગ પોઈન્ટ્સ ઓન્લી (RPO) સ્ટેટસ હેઠળ સ્પર્ધા કરી રહી હતી, તેમણે પણ પ્રશંસનીય પ્રદર્શન કર્યું.

એશા માટે આ જીત મેડલથી ઘણી આગળ વધી ગઈ. આ સિઝનની શરૂઆતમાં મ્યુનિકમાં ISSF વર્લ્ડકપમાં રેકોર્ડબ્રેક ગોલ્ડ મેડલ જીતીને ઇતિહાસ ફરીથી લખ્યો હતો, જ્યાં તેણે ફાઇનલમાં ૪૩ હિટ સાથે સિનિયર અને જુનિયર બંને વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યા હતા, આ યુવા શૂટરે સ્વીકાર્યું કે અપેક્ષાઓનું વજન તેના સૌથી મોટા પ્રતિસ્પર્ધીઓમાંનું એક બની ગયું છે. 'મારી અગાઉની સફળતાને કારણે આ મેચમાં ઘણું દબાણ હતું,' એશાએ વિજય પછી કહ્યું. 'તમે તમારી ઇવેન્ટમાં જેટલા સારા બનશો, તેટલી જ મોટી અપેક્ષાઓ તમારે પ્રાપ્ત કરવી પડશે. હું ખુશ છું કે હું તેમાંથી પસાર થઈ શકી અને આભારી છું કે મારી પાસે તે દબાણ સહન કરવાની શક્તિ હતી.'

નાણાં ઉધાર લેવા પડશે અથવા શેર ગીરવે મૂકવા પડશે

દક્ષિણ કોરિયાના ઉદ્યોગપતિને પત્નીને રૂા.૮૨૦૦ કરોડ ચૂકવવા કોર્ટનો આદેશ

ચેય તાએ-વોન દક્ષિણ કોરિયાના એસકે ગ્રુપના ચેરમેન છે, તેમની કંપની એસકે હીનિક્સને AI સેક્ટરની વધતી માંગથી મોટો ફાયદો થયો

(એજન્સી)

સીઓલ, તા.૨૭

દક્ષિણ કોરિયાના ઉદ્યોગપતિ અને એસકે જૂથના ચેરમેન ચેય તાએ-વોનના છૂટાછેડા ફરી એક વખત ચર્ચામાં છે. દક્ષિણ કોરિયાની કોર્ટે તાએ-વોનને ડાયવોર્સ સેટલમેન્ટમાં પૂર્વ પત્નીને ૬૪૫ મિલિયન ડોલર (અંદાજે રૂા. ૮,૨૦૦ કરોડ)થી વધુ રકમ ચૂકવવા આદેશ આપ્યો છે. રો સોહ-યોંગને આ રકમ ચૂકવવા માટે ટેક ઉદ્યોગપતિ તાએ-વોને તેની એસેટ્સ વેચવી પડશે, નાણાં ઉધાર લેવા પડશે અથવા શેર ગીરવે મૂકવા પડશે. સિયોલ હાઇકોર્ટે શુક્રવારે છૂટાછેડાની સમજૂતીની રકમ ઘટાડીને ૯૪૪ અબજ વોન કરી દીધી છે. આ રકમ ભારતીય ચલણમાં અંદાજે રૂા.૮,૨૦૦ કરોડ જેટલી થાય છે. એસકે ગ્રુપમાં તાએ-વોનના શેરના હિસ્સાના મહત્ત્વને સમજતા હાઇકોર્ટે ઉદ્યોગપતિને શેર ટ્રાન્સફરના બદલે રોકડમાં આ રકમ ચૂકવવા આદેશ કર્યો છે. આ પહેલા ૨૦૨૪માં અપીલ કોર્ટે તાએ-વોનને છૂટાછેડાની સમજૂતીના ભાગરૂપે ૧.૩૮ ટ્રિલિયન વોન ચૂકવવા આદેશ આપ્યો હતો. આ હાઇપ્રોફાઈલ કેસ ઘણા લાંબા સમયથી 'સદીના સૌથી મોંઘા છૂટાછેડા' તરીકે ચર્ચામાં છે. જો કે, આ કેસ હજુ પૂરી રીતે ખતમ થયો નથી. બંને પક્ષ ઈચ્છે તો હાઇકોર્ટના ચૂકાદા વિરૂદ્ધ દક્ષિણ કોરિયાની સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકે છે. હાઇકોર્ટે સ્વીકાર્યું કે, લગ્ન દરમિયાન ચેય તાએ-વોનની કારોબારી ભાગીદારી અને સંપત્તિમાં ઘણો વધારો થયો હતો. સાથે જ રો સોહ-યોંગે પરિવાર, બાળકોના ઉછેર અને સામાજિક જવાબદારીઓ પૂરી કરીને તાએ-વોનની સફળતામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ આધારે તેમણે ઉદ્યોગપતિ તાએ-વોનને વૈવાહિક સંપત્તિનો એક મોટો હિસ્સો પૂર્વ પત્નીને આપવાનો આદેશ આપ્યો હતો. સિઓલ હાઇકોર્ટે તાએ-વોન દ્વારા ચૂકવવાની રકમમાં ઘણો મોટો કાપ મૂક્યો છે, આમ છતાં આ ચૂકાદાથી એસકે જૂથમાં તાએ-વોનના હોલ્ડિંગની રોકાણકારોએ તપાસ શરૂ કરી છે અને રો સોહ-યોંગને કેવી રીતે ચૂકવણી કરાશે તે મોટો સવાલ છે. નિષ્ણાતોનું કહેવું છે કે, તાએ-વોને તેની અસ્કયામતો વેચવી પડી શકે છે અથવા તેના શેર ગીરવે મૂકીને ઉધાર લેવું પડી શકે છે. જો કે, આ ચૂકાદાથી એસકે ગ્રુપ પર તેના નિયંત્રણ પર કોઈ જોખમ ઊભું થવાની નિષ્ણાતોને અપેક્ષા નથી. ચેય તાએ-વોન દક્ષિણ કોરિયાના એસકે ગ્રુપના ચેરમેન છે. તેમની કંપની એસકે હીનિક્સને એઆઈ સેક્ટરની વધતી માગથી મોટો ફાયદો થયો છે. કંપનીમાં તેમની કુલ ભાગીદારીની કિંમત ૫.૫ અબજ ડોલર આંકવામાં આવે છે. ચેય તાએ-વોન અને રો સોહ-યોંગના લગ્ન ૧૯૮૮માં થયા હતા. તેમને ત્રણ સંતાન છે. જો કે, ૨૦૧૭માં કોર્ટમાં છૂટાછેડાની અરજી પછી આ કાયદાકીય વિવાદ સતત વકરી રહ્યો છે.

સ્પેનમાં પહેલીવાર ઈમરજન્સી જાહેર

યુરોપના બે દેશોના જંગલોમાં ભીષણ આગ, ૩ લાખથી વધુ બેઘર થયાં

દેશમાં અત્યાર સુધીમાં ૯૮,૦૦૦ હેક્ટર જમીન બળીને ખાખ થઈ ગઈ છે, જે ળાન્સના ઇતિહાસનો નવો રેકોર્ડ

(એજન્સી) સ્પેન, તા.૨૭

યુરોપ હાલ ભયાનક કુદરતી આફતનો સામનો કરી રહ્યું છે. ફ્રાન્સ અને સ્પેનના જંગલોમાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ૩ લાખથી વધુ લોકો બેઘર થયા છે, જ્યારે ૨.૫ લાખથી વધુ લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવાની ફરજ પડી છે. સ્થિતિની ગંભીરતાને જોતાં સ્પેને દેશના ઇતિહાસમાં પહેલીવાર 'નેશનલ વાઇલ્ડફાયર ઇમરજન્સી' જાહેર કરી છે. અહેવાલો અનુસાર, ફ્રાન્સમાં સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. બોર્ડેક્સ શહેરની આસપાસ અને દક્ષિણપશ્ચિમના ગિરોન્ડે ક્ષેત્રમાં આગ અચાનક ઝડપથી ફેલાઈ હતી. દેશમાં અત્યાર સુધીમાં ૯૮,૦૦૦

હેક્ટર જમીન બળીને ખાખ થઈ ગઈ છે, જે ફ્રાન્સના ઇતિહાસનો નવો રેકોર્ડ છે. ફ્રાન્સના ગૃહ મંત્રી લોરેન્ટ નુનેઝે સોશિયલ મીડિયા પર માહિતી આપતાં જણાવ્યું કે 'દેશભરમાં આગ ફેલાઈ રહી છે અને પરિસ્થિતિ હજુ પણ અત્યંત નાજુક છે. 'સ્પેનમાં મેડ્રિડ, અવિલા અને પૂર્વીય દરિયાકાંઠાના શહેર વેલેન્સિયા નજીક ભીષણ આગ ફેલાઈ છે. સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝે અવિલા પ્રાંતની મુલાકાત લીધા બાદ ચેતવણી આપી હતી કે દેશ માટે હજુ વધુ "મુશ્કેલ સમય" આગળ આવી રહ્યો છે. અત્યાર સુધીમાં ૧.૩૦ લાખ હેક્ટર જમીન બળી ગઈ છે. સપ્તાહના અંતે વેલેન્સિયા નજીક લાગેલી નવી આગને કારણે વધુ ૧૫, ૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. જોરદાર પવનોને કારણે આગ વધુ ઝડપથી ભડકી રહી છે.આ સંકટને પહોંચી વળવા માટે યુરોપિયન યુનિયનના અન્ય દેશો આગળ આવ્યા છે. ફ્રાન્સ અને સ્પેનને રાહત આપવા માટે અન્ય સભ્ય દેશો દ્વારા વિશેષ વિમાનો, ફાયર ફાઈટિંગ ફ્લ અને ઈમરજન્સી વાહનોની મદદ મોકલવામાં આવી રહી છે.

ધર્મેન્દ્ર પ્રધાનનો 'વનવાસ' ટૂંકો રહેવાની શક્યતા : નવા શિક્ષણ પ્રધાન તરીકે પ્રહલાદ જોશીની નિમણૂક RSS માટે 'સાતત્ય' સુનિશ્ચિત કરશે

સ્મૃતિ ઈરાની સિવાય, ૨૦૧૪થી બધા શિક્ષણ મંત્રીઓ RSS સાથે જોડાયેલા હતા; પ્રહલાદ જોશી પાસે હવે સંઘના કાર્યસૂચિ પર કામ કરશે તેવી અપેક્ષા રખાય છે

(એજન્સી) તા.૨૭

શનિવાર, ૨૫ જુલાઈના રોજ ધર્મેન્દ્ર પ્રધાનનું 'બળજબરીથી રાજીનામું' તેમના માટે રસ્તાનો અંત હોવાની શક્યતા ઓછી છે. તેઓ RSSના જૂના સભ્ય છે. કેટલાક વર્તુળોમાં અનુમાન કરવામાં આવી રહ્યું છે., ઓડી તેમના કાર્યકાળ દરમિયાન શિક્ષણ ક્ષેત્ર RSS ને સોંપ્યું છે, ખાતરી કરી છે કે બધી મુખ્ય નિમણૂકો સંઘની મંજૂરી સાથે પૂર્ણ થાય છે. પ્રધાનને પ્રભારી બનાવતી વખતે ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં પહેલીવાર જીત મેળવી હતી. તેથી, આરએસએસ કે ભાજપ બંને તેમની સેવાઓનો ત્યાગ કરવા અને તેમને ઝાંખા પડતા જોવા માટે ઉત્સુક નથી. તેથી એવું માની શકાય છે કે પ્રધાનનું પુનર્વસન વહેલામાં વહેલું થશે. શું તેમને સરકાર, સંગઠનમાં મહત્વપૂર્ણ ભૂમિકા આપવામાં આવશે કે પછી 'યોગ્ય સમયે' મુખ્યમંત્રી તરીકે ઓડિશા પાછા મોકલવામાં આવશે તે એક પ્રશ્ન છે. ભાજપ અને આરએસએસ પ્રધાન માટે લાંબા 'વનવાસ' કે બળજબરીથી નિકાલ ઈચ્છતા નથી તેનું કારણ આંશિક રીતે સંઘ સાથેનો તેમનો આજીવન જોડાણ છે. તેમના પિતા દેબેન્દ્ર પ્રધાન, ઓડિશામાં ભાજપના નેતા, અટલ બિહારી વાજપેયી સરકારમાં કેન્દ્રીય મંત્રી બન્યા હતા. તાલચર કોલેજમાં ઉચ્ચતર માધ્યમિક વિદ્યાર્થી હતા ત્યારે એબીવીપી કાર્યકર તરીકે શરૂઆત કરતા પ્રધાન ૧૯૯૫માં તેના રાષ્ટ્રીય સચિવ બન્યા હતા. તેમણે ૧૯૯૬માં ઓડિશા વિધાનસભાની બહાર ધોરણ XII બોર્ડ પરીક્ષાનું પેપર લીક થવાના વિરોધમાં વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું હતું. તેઓ ૧૯૯૮માં ભાજપમાં જોડાયા અને ૨૦૦૪માં ભારતીય જનતા યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા. તે જ વર્ષે, ૨૦૦૪માં, તેઓ લોકસભામાં ચૂંટાયા હતા. લગભગ એક મહિના પહેલા જ પ્રધાને જંતર-મંતર પર પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થી વિરોધીઓને 'આતંકવાદીઓની બી ટીમ' ગણાવ્યા હતા અને સ્પષ્ટપણે તેઓ રાજીનામું

આપવાના મૂડમાં નહોતા. દેશના બાકીના ભાગમાં વિરોધ પ્રદર્શનના અણધાર્યા વિસ્તરણને કારણે અને ભાજપના મુખ્ય મતવિસ્તારનો ભાગ બનેલા મધ્યમ વર્ગને આકર્ષવાથી વિરોધ શરૂ થયો હોવાથી તેમનું રાજીનામું આવ્યું હતું. અન્ય પરિબળો પણ ભૂમિકા ભજવી રહ્યા હતા. દિલ્હી યુનિવર્સિટી અને જેએનયુ ૨૮ જુલાઈ ૨૦૨૬ના રોજ ફરીથી ખુલવાના હતા અને બંને યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓના એક વર્ગ દ્વારા વિરોધને વેગ મળ્યો હોત. જંતર-મંતર પર વિરોધ પ્રદર્શનને કારણે સંસદના ચોમાસા સત્રનું પ્રથમ અઠવાડિયું ધોવાઈ ગયું, તેનાથી સરકારના કાયદાકીય કાર્યસૂચિને ખતરો હતો અને વિરોધનો અંત લાવવાની તાકીદ હતી. પ્રધાનના રાજીનામાને ઉતાવળ કરનાર બીજું એક પરિબળ ૧૫ ઓગસ્ટના રોજ સ્વતંત્રતા દિવસ છે, જે બરાબર ત્રણ અઠવાડિયા દૂર છે. પ્રધાનમંત્રી દ્વારા પ્રધાનના ઉત્તરાધિકારી તરીકે પ્રહલાદ જોશીની પસંદગી એ સંકેત આપે છે કે જૂનો ક્રમ ચાલુ રહેશે, સરકાર મૂળભૂત ફેરફારો કરવા માટે ખરેખર ગંભીર નથી. જોશી તેમના પહેલાના ત્રણ અન્ય શિક્ષણ પ્રધાનોની જેમ RSSના છે અને સંઘના આદેશનું પાલન કરશે. હકીકતમાં, ૨૦૧૪થી પાંચ શિક્ષણ પ્રધાનોમાંથી ચાર સખત RSS કાર્યકરો છે. ફક્ત સ્મૃતિ ઈરાની, સંઘના ન હતા, પરંતુ પ્રધાન, રમેશ પોખરિયાલ નિશંક અને પ્રકાશ જાવડેકર સહિત બાકીના લોકો હવે જોશીની જેમ RSSના હતા. રાજીનામા પછી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા જારી કરાયેલ નિવેદન પણ આ આવત દર્શાવે છે. તેમણે NEET-UG પેપર લીક પછી લેવામાં આવેલા પગલાંનો બચાવ કર્યો અને પોતાની પીઠ થપથપાવીને કહ્યું કે સમાજના વંચિત વર્ગના ઘણા વિદ્યાર્થીઓ ફરીથી પરીક્ષામાં સફળતાપૂર્વક પાસ થયા છે. તેમણે કહ્યું કે તેમણે પોતાનું રાજીનામું ફક્ત એટલા માટે આપ્યું કારણ કે તેઓ ઈચ્છતા ન હતા કે રાષ્ટ્ર વિરોધી શક્તિઓ વિરોધનો લાભ લે અને યુવાનોને ગેરમાર્ગે દોરે. તેમણે ભવિષ્યમાં જનરલ Zને કાનૂની ગૂંચવણોનો સામનો ન કરવા માટે રાજીનામું આપ્યું છે. શું પ્રધાન એ વાતનો સંકેત આપી રહ્યા હતા કે સરકાર વિરોધીઓ સાથે શું કરવાની યોજના બનાવી રહી છે ? પહેલેથી જ એક અભિપ્રાય છે કે આ ઉજવણીઓ અકાળ છે, પ્રધાનના રાજીનામાથી કંઈ બદલાયું નથી. રાજીનામાથી શિક્ષણની ખરાબ સ્થિતિમાં સુધારો થવાની શક્યતા નથી અને શાસક શાસન વિરોધીઓ અને વિદ્યાર્થીઓ પર વળતો પ્રહાર કરશે. એવી આશંકા છે કે યુવાનો માટે રસ્તાઓ પર ઉતરીને વિરોધ કરવો ટૂંક સમયમાં વધુ મુશ્કેલ બનશે. જોકે, પ્રધાન એ સમજાવતા નથી કે તેમનું રાજીનામું જનરલ ઝેડને કાનૂની ગૂંચવણો ટાળવામાં કેવી રીતે મદદ કરશે. શનિવાર, ૨૫ જૂનના રોજ ઓછામાં ઓછા બે અગ્રણી સરકાર તરફી અવાજોએ 'ઓપરેશન ક્લીન અપ'નો સંકેત આપ્યો હતો. જ્યારે રિપબ્લિક ટીવીના મુખ્ય સંપાદક અને એક્કર અર્ણબ ગોસ્વામીએ વિધ્વંસક શક્તિઓ અને ટૂલકીટ્સને ઓળખવાની જરૂરિયાત વિશે વાત કરી હતી, ત્યારે તેમણે જણાવ્યું હતું કે હવે જ્યારે વિરોધ સમાપ્ત થઈ ગયો છે ત્યારે સરકારે યોગેન્દ્ર યાદવ જેવા કાર્યકરોનો પીછો કરવો જોઈએ. થોડા વધુ સંયમિત ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું 'દુઃખદ' હતું, પરંતુ તેઓ વિદ્યાર્થીઓ અને કિશોરોના માતાપિતાને અપીલ કરી કે તેઓ ઘરે રહે, અભ્યાસ કરે અને વિરોધ પ્રદર્શનોમાં ભાગ ન લે. તેથી, વડાપ્રધાન દ્વારા વચન આપવામાં આવેલા કોસ્મેટિક ફેરફારો સિવાય કંઈ બદલાયું નથી.

ગુસ્સો ફક્ત પ્રધાનના રાજીનામા માટે જ નથી; મોદી શાસનકાળ દરમિયાન વિદ્યાર્થીઓની આત્મહત્યામાં ૮૦ ટકાનો વધારો કેવી રીતે થયો ??

શું વિદ્યાર્થીઓનો ગુસ્સો ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સુધી મર્યાદિત છે ? પેપર લીક, મોંઘું શિક્ષણ, બેરોજગારી, મોદી યુગ દરમિયાન વિદ્યાર્થીઓની આત્મહત્યામાં ૮૦%નો વધારો અને બંધારણીય સંસ્થાઓના પતનથી ભારતમાં વિદ્યાર્થીઓ માટે કટોકટી કેવી રીતે સર્જાઈ છે તે જાણવા માટે વંદિતા મિશ્રાની કોલમ વાંચો

(એજન્સી) તા.૨૭

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ૨૫ જુલાઈના રોજ રાજીનામું આપ્યું હતું, પરંતુ યુવાનોના આ મોજાને સમજનારાઓ જાણે છે કે યુવાનોના આ મોટા પાયે આક્રોશ ફક્ત એક કેબિનેટ મંત્રીના રાજીનામા માટે નહોતો. અસંખ્ય સંખ્યામાં યુવાનોનો ઉછાળો ભારતમાં વર્તમાન અરાજકતાને કારણે છે. આ અરાજકતા ભ્રષ્ટાચાર, મોંઘુ શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર લીક, શિક્ષણનું વધુ પડતું સામાન્યીકરણ, ઈતિહાસનું વિકૃતિકરણ, ગરીબી, અસમાનતા, કાયદાના શાસનના પતન અને પ્રદૂષણને કારણે છે. રસ્તાઓ પર વિદ્યાર્થીઓનો ભારે ધસારો ભારતમાં બંધારણીય સંસ્થાઓના પતનનું પરિણામ પણ છે. મોદી સરકાર હેઠળ, ભારતમાં લગભગ દરેક વિશ્વસનીય સંસ્થા પતન પામવા લાગી છે ! કાયદાનું શાસન તેના સૌથી નીચલા સ્તરે છે, સુપ્રીમ કોર્ટે સરકાર વિરૂદ્ધ નિર્ણયો આપવાનું બંધ કરી દીધું છે, ચૂંટણી પંચ પાંજરામાં બંધ પોપટની જેમ વર્તી રહ્યું છે, વિરોધ પક્ષો, લઘુમતીઓ અને અસંમતિ વ્યક્ત કરનારાઓને અનેક સ્તરે દબાવવામાં આવી રહ્યા છે. વિદ્યાર્થીઓ પોતાની સમસ્યાઓ વ્યક્ત કરી શકે અને ઉકેલો શોધી શકે તેવું કોઈ મંચ બચ્યું નથી.

ભાજપ પાસે આટલા પૈસા ક્યાંથી આવ્યા ?

નરેન્દ્ર મોદી કેન્દ્રમાં સત્તા પર આવ્યા તે પહેલાં, સુપ્રીમ કોર્ટ, ચૂંટણી પંચ અને ભારતીય સેના એવી સંસ્થાઓ હતી જે ૭૫ વર્ષથી વધુ સમય સુધી દરેક પડકારનો સામનો કરીને મજબૂત રીતે ઉભા રહ્યા. આંતરિક હોય કે બાહ્ય, દરેક પડકારનો હિંમતથી સામનો કરવામાં આવ્યો, અને ભારતે પ્રગતિ કરી. પરંતુ હવે, ત્રણેયનું 'રાષ્ટ્રીયકરણ' થઈ ગયું છે. દેશ નબળો પડી ગયો છે, જ્યારે શાસક પક્ષના કાર્યાલયો અને સંપત્તિઓ મજબૂત બનતી રહે છે. આઝાદી પછી, છેલ્લા ૧૦ વર્ષમાં ભાજપે જેટલા પૈસા પોતાના કાર્યાલયો પર ખર્ચ કર્યા છે તેટલા પૈસા બીજા કોઈ રાજકીય પક્ષે ખર્ચ્યા નથી. આ પૈસા ક્યાંથી આવ્યા ? જો દેશના અન્ય પક્ષો પ્રામાણિકપણે પૈસા કમાઈને કરોડો રૂપિયાના કાર્યાલયો બનાવી શકતા હોત, તો બધા પક્ષો પાસે હોત. પરંતુ એવું ક્યારેય બન્યું નહીં.

ચૂંટણી બોન્ડ યોજના

૨૦૨૪માં, સુપ્રીમ કોર્ટે ચૂંટણી બોન્ડ યોજનાને ગેરબંધારણીય જાહેર કરી અને તેને રદ કરી દીધી. જોકે, ત્યાં સુધીમાં, ભાજપ આ ગેરબંધારણીય યોજના દ્વારા ભ્રષ્ટાચારમાં સંડોવાઈ ચૂક્યું હતું. ચૂંટણી બોન્ડે ભાજપ અને પીએમ મોદીની બ્રાન્ડ ઈમાનદાર છબીને ઉજાગર કરી. આખા દેશને ખબર પડી કે આ પાર્ટી કેવી રીતે પૈસા કમાવવામાં રોકાયેલી છે, કંપનીઓને કેટલા મહત્વપૂર્ણ કોન્ટ્રાક્ટ આપવામાં આવી રહ્યા છે અને કોર્પોરેટ હસ્તક્ષેપ દ્વારા લોકશાહી ભારત કેવી રીતે ચલાવવામાં આવી રહ્યું છે. નવયુગ એન્જિનિયરિંગ કંપની તેનું ઉત્તમ ઉદાહરણ છે. ૨૦૧૮માં, મોદી સરકારે નવયુગ ગ્રુપ પર આવકવેરા દરોડા પાડ્યા હતા, જેમાં તેના પર મની લોન્ડરિંગ અને કરચોરીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ, ૨૦૧૯માં, નવયુગે ભાજપ પાસેથી ૪૫ કરોડ રૂપિયાના ચૂંટણી બોન્ડ ખરીદ્યા હતા, જે ૨૦૨૨માં વધીને ૫૫ કરોડ રૂપિયા થઈ ગયા. આ બધા પૈસા ભાજપને ગયા, અને નવયુગે અનેક ફાયદા મેળવ્યા અને તેને અનેક કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા. સિલ્ક્યારા બારકોટ ટનલ, જેના પર કોન્ટ્રાક્ટ આપ્યા પછી દરોડો પાડવામાં આવ્યો હતો, તે ભાજપ માટે ચૂંટણી બોન્ડ ખરીદ્યા પછી દબાઈ ગયો હતો. આનાથી નવયુગને બલિદાન આપવાની ફરજ પડી. નવયુગે આંધ્રપ્રદેશના મહત્વપૂર્ણ કૃષ્ણપટ્ટનમ બંદરને પણ મોદીના નજીકના મિત્ર અને ભારતના તમામ મુખ્ય માળખાકીય પ્રોજેક્ટ્સ પર નિયંત્રણ રાખવાના હેતુવાળા ગૌતમ અદાણીને રૂ.૧૩,૬૭૫ કરોડમાં વેચી દીધું. ત્યારબાદ નવયુગને વધુ ફાયદો થયો. તેણે મુંબઈ-પુણે હાઈવે પર ગુમ થયેલ લિંક માટે રૂ.૬,૬૯૫ કરોડનો કોન્ટ્રાક્ટ જીત્યો. એ અલગ વાત છે કે હજારો કરોડ રૂપિયાની આ ગુમ થયેલ લિંક, પહેલા જ ચોમાસાના વરસાદમાં ફુવારાની જેમ ફૂટી ગઈ. પરંતુ આ વખતે, કોઈ ED નથી, કોઈ CBI નથી, કોઈ આવકવેરા નથી. હવે, નવયુગને અદાણી સાથે માળખાકીય પ્રોજેક્ટ્સ માટે કોન્ટ્રાક્ટ મળી રહ્યા છે. બંને સંયુક્ત સાહસ બનાવી રહ્યા છે. પરંતુ આ 'સફળતાની વાર્તા', જે આ ત્રણેયને ફાયદો પહોંચાડે છે, તે ભારતની મોટાભાગની વસ્તીને ફાયદો કરાવતી નથી. આ વસ્તીમાં ૧ અબજ લોકો મોદી સરકાર દ્વારા પૂરા પાડવામાં આવતા રાશન માટે લાઈનોમાં ઉભા છે. ભારતના ગામડાઓમાં રહેતા ઓછી આવક ધરાવતા યુવાનો, પરીક્ષા પાસ કરીને પોતાના પરિવારો અને પ્રદેશોને ગૌરવ અપાવવાનું સ્વપ્ન જોતા, હવે પેપર લીકથી પરેશાન છે. દર વર્ષે, લાખો વિદ્યાર્થીઓ મોદી સરકારની અસમર્થતા અને બેજવાબદારીનો ભોગ બને છે. IIT, AIIMS અને IIM જેવી સંસ્થાઓની ફીમાં એટલો વધારો કરવામાં આવ્યો છે કે જો તમે સખત મહેનત કરીને પરીક્ષા પાસ કરો છો, તો પણ તમને બેંકોના દેવાદાર બનવાની ફરજ પડશે. આ મોદીનું ભારત છે. જ્યારે ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ કૌશલ્ય અને સન્માન પર આધારિત ભારતનું સ્વપ્ન જોયું હતું, નહીં કે એવા ભારતનું જ્યાં ભ્રષ્ટ પ્રથાઓ પૈસાથી ભરેલી હોય. કોંગ્રેસના શાસન દરમિયાન, AIIMS, IITs અને IIM સહિતની તમામ સરકારી મેડિકલ અને એન્જિનિયરિંગ કોલેજોની ફી એટલી ઓછી હતી કે કોઈપણ ગરીબ પરિવાર સરળતાથી પોતાના બાળકને આ સંસ્થાઓમાં મોકલવાનું સ્વપ્ન જોઈ શકે છે, જેનાથી ગમે ત્યારે તેમનું નસીબ બદલાઈ શકે છે. આ નેહરૂનું ભારત હતું. ૨૦૧૪માં મોદી સત્તામાં આવતાની સાથે જ તેમની હત્યા કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓની આત્મહત્યા અંગે NCRB ડેટા

આ હત્યાના પરિણામો હવે બહાર આવવા લાગ્યા છે. NCRBનો નવીનતમ ડેટા અહેવાલો અનુસાર, નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા ત્યારથી, છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં વિદ્યાર્થીઓની આત્મહત્યામાં આશરે ૮૦%નો વધારો થયો છે. ૨૦૧૪માં ૮,૦૬૮થી વધીને ૨૦૨૪માં વિદ્યાર્થીઓની આત્મહત્યાની સંખ્યા ૧૪,૪૮૮ થઈ ગઈ. તાજેતરના ડેટા અનુસાર, મોદીના કાર્યકાળ દરમિયાન આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૨૩,૦૦૦ને વટાવી ગઈ છે. કદાચ નરેન્દ્ર મોદીને ખબર નથી કે, ભારતમાં સરેરાશ દર કલાકે એક વિદ્યાર્થી આત્મહત્યા કરે છે, અને દરરોજ ૩૫થી વધુ યુવાનો/વિદ્યાર્થીઓ આત્મહત્યા કરે છે. દેશમાં થતી

આત્મહત્યાઓમાં આશરે ૬૬% ૧૮થી ૪૫ વર્ષની વયના યુવાનો અને પુખ્ત વયના લોકો છે. પરંતુ એવું લાગે છે કે નરેન્દ્ર મોદી સરકાર હજુ સુધી પરિસ્થિતિની સંપૂર્ણ હદ સમજી શકી નથી. તેથી જ મોદીએ ભ્રષ્ટ મંત્રીને રાજીનામું આપવા માટે લાખો વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરવાનું વધુ યોગ્ય માન્યું. જે માણસને શિક્ષણ મંત્રી પદેથી તાત્કાલિક રાજીનામું આપી દેવું જોઈતું હતું તેને બચાવવા માટે, સેંકડો વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવ્યો. એવું વાતાવરણ બનાવવામાં આવ્યું જ્યાં દેશની પોલીસ, સુરક્ષા એજન્સીઓ અને યુવાન વિદ્યાર્થીઓ વચ્ચે ઘર્ષણ થયું. વિદ્યાર્થીઓ નેહરુના ભારતનો સામનો કરી રહ્યા નથી.

વાસ્તવિકતા એ છે કે આજે, હું બધું જ તૂટી પડતું જોઈ રહ્યો છું. આજે, વિદ્યાર્થીઓ નેહરૂના ભારતનો નહીં, પણ મોદીના ભારતનો સામનો કરી રહ્યા છે. લોકો સત્તામાં રહેલા એવા વડાપ્રધાનનો સામનો કરી રહ્યા છે જે ફિલ્મ અભિનેતાઓ અને અભિનેત્રીઓને મળવા માટે સમય કાઢે છે, વિદેશ પ્રવાસમાં વિશ્વ રેકોર્ડ બનાવે છે અને મંદિરોમાં કલાકો સુધી પ્રાર્થના કરી શકે છે. પરંતુ જ્યારે દેશના યુવાનો, જેમનો નરેન્દ્ર મોદીએ એક સમયે ડેમોગ્રાફિક ડિવિડન્ડના નામે ચૂંટણીમાં ઉપયોગ કર્યો હતો, રસ્તાઓ પર ઉતરે છે, પોતાની માંગણીઓ વ્યક્ત કરે છે, ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરે છે અને ભ્રષ્ટાચારીઓ સામે કાર્યવાહીની માંગ કરે છે, ત્યારે તે જ વડાપ્રધાન ગુસ્સે અને ઉદાસીન બની જાય છે. તેઓ તે યુવાનોનો સંપર્ક કરવાનું પણ જરૂરી માનતા નથી, તેમની સાથે વાત કરવાની તો વાત જ છોડી દો. જંતર-મંતર અને દેશભરના શહેરોમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેનારા યુવાનોએ બધા મુદ્દાઓને એક મોટી સમસ્યામાં એક કરી દીધા છે. તેમના મતે, સૌથી મોટી સમસ્યા 'અસંવેદનશીલ અને બેજવાબદાર સરકાર' અને યુવાનો સહિત તમામ મુદ્દાઓ પ્રત્યે મોદી સરકારની અવગણના છે. આ અવગણના હવે એક મોટી આપત્તિ તરીકે ઉભરી આવી છે.

ભ્રષ્ટાચારમાં ડુબેલી મોદી સરકાર

દેશના યુવાનો હવે જોઈ શકે છે કે ચૂંટણી જીતવા માટે ભ્રષ્ટ મોદી સરકાર દરેક સમસ્યાને અવગણી રહી છે. જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદથી લઈને કેરળમાં ફેલાઈ રહેલી ખોટી અને વિક્ષેપકારક અફવાઓ સુધી, ગુજરાતથી આસામ સુધી જંગલો અને અન્ય કુદરતી સંસાધનોને લૂંટવાના ચાલી રહેલા યુદ્ધ જેવા કાર્યક્રમો સુધી; મણિપુરની અસહ્ય વેદના, અથવા સમગ્ર પૂર્વોત્તરનું ધીમે ધીમે ઉકળતું અને અસુરક્ષિત પતન ! યુવાનો દરેક મુદ્દા પર ધ્યાન ખેંચી રહ્યા છે. તેમના દ્વારા બનાવેલા મીમ્સે સમગ્ર દેશની સમસ્યાઓ સામે લાવી છે. યુવાનો, જેમની આંગળીના ટેરવે આખી દુનિયા છે અને દરેક વૈશ્વિક ઘટનાથી વાકેફ છે, તેમણે સ્પષ્ટપણે જોયું કે એક દેશ જેનો નેતા, ૨૧મી સદીમાં, ધર્મના આધારે પાઠ્યપુસ્તકોમાં પ્રકરણો બદલી રહ્યો છે, તે આ દેશ ચલાવવા માટે અયોગ્ય છે. દરમિયાન, CJPનો જન્મ થયો છે, જે અસંખ્ય પ્રશ્નો ઉભા કરે છે. પરંતુ હવે તે પ્રશ્નોમાં ઊંડા ઉતરવાનો સમય નથી, પરંતુ તે ઘટનાને સમજવાનો છે જેના પાછળ દેશભરના યુવાનો ઉભા થયા છે. યુવાનોને ધર્મેન્દ્ર પ્રધાનના રૂપમાં પહેલું લક્ષ્ય મળ્યું, જેના કારણે દેશની તમામ પ્રતિષ્ઠિત પરીક્ષાઓને નુકસાન થઈ રહ્યું છે. NEET અને UGCના પેપર ખુલ્લેઆમ લીક થઈ રહ્યા છે. પરીક્ષાઓ દરમિયાન સર્વર ડાઉન થઈ રહ્યા છે અથવા બંધ થઈ રહ્યા છે; સ્પર્ધાત્મક પરીક્ષાઓની ઓળખ બની ગઈ છે. તેથી, રસ્તા પર ઉતરવું જરૂરી બન્યું.

આ કારણોસર મોદી સરકાર સામે ગુસ્સો

મોદી સરકાર હેઠળ વિદ્યાર્થીઓ પહેલી વાર રસ્તા પર ઉતર્યા નથી. ૨૦૧૪, ૨૦૧૫ અને ૨૦૧૬માં, UPSCના ઉમેદવારો સરકારી સરમુખત્યારશાહીનો વિરોધ કરવા માટે રસ્તા પર ઉતર્યા હતા. ૨૦૧૫માં FTIIના વિદ્યાર્થીઓએ પ્રદર્શન કર્યું હતું. ૨૦૧૭માં, બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં મહિલા વિદ્યાર્થીઓએ સુરક્ષા અને કેમ્પસમાં ઉત્પીડનની ઘટનાઓ સામે વિરોધ કર્યો હતો, જેના કારણે રાત્રે પોલીસે લાઠીચાર્જ કર્યો હતો, જેમાં ઘણા વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. ડિસેમ્બર ૨૦૧૯માં, નાગરિકતા સુધારા કાયદા (CAA) સામેના વિરોધ પ્રદર્શન દરમિયાન, પોલીસે જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટી અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં બળજબરીથી પ્રવેશ કર્યો, વિદ્યાર્થીઓને માર માર્યો, ટીયર ગેસનો ઉપયોગ કર્યો અને લાઠીચાર્જ કર્યો, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઘાયલ થયા. પુસ્તકાલયોમાં તોડફોડ કરવામાં આવી. જાન્યુઆરી ૨૦૨૨માં, બિહાર અને ઉત્તર પ્રદેશમાં રેલવે ભરતી બોર્ડ (RRB-NTPC) પરીક્ષાના પરિણામો સામે વિદ્યાર્થીઓના વિરોધમાં અનેક સ્થળોએ લાઠીચાર્જ અને ધરપકડ કરવામાં આવી. જૂન ૨૦૨૨માં, અગ્નિપથ (અગ્નિવીર) યોજના સામે દેશભરના ઘણા રાજ્યોમાં વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા, તેને પાછી ખેંચવાની માંગ કરી. જો કે, મોદી સરકારે એ જ યુક્તિ અપનાવી: મુદ્દાને અવગણીને અને ભ્રામક મૌન જાળવી રાખ્યું. વિરોધ હિંસક બન્યો. પોલીસે વિદ્યાર્થીઓને નિર્દયતાથી માર માર્યો, જેના પરિણામે એક પ્રદર્શનકારીનું મૃત્યુ થયું. ૨૦૨૩-૨૪માં, પ્રયાગરાજમાં UPPSC અને RO/ARO ઉમેદવારો બે દિવસ બે શિફ્ટમાં પરીક્ષા યોજવાની અસ્પષ્ટતાનો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતરી આવ્યા. આ સમયગાળા દરમિયાન પણ પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. ૨૦૨૪માં, વિદ્યાર્થીઓએ NEET-UG પરીક્ષામાં ગેરરીતિઓ અને પેપર લીકના વિરોધમાં દિલ્હી સહિત અનેક શહેરોમાં પ્રદર્શનો કર્યા, જ્યાં પોલીસે કેટલાક સ્થળોએ બેરિકેડિંગ, અટકાયત અને બળનો આશરો લીધો. વારંવાર, દેશના સ્પર્ધાત્મક વિદ્યાર્થીઓ તેઓ સરકારો સામે ઉભા રહ્યા, લાઠીચાર્જ, ઈજાઓ અને ધરપકડ સહન કરી, ફક્ત સ્વચ્છ પરીક્ષા પ્રણાલી સુનિશ્ચિત કરવા માટે, જેથી તેઓ પેપર લીક, છેતરપિંડી અને પરીક્ષામાં ગોટાળા મુક્ત વાતાવરણમાં સ્પર્ધાત્મક પરીક્ષા આપી શકે. પરંતુ મોદી સરકારે તેમની વાત સાંભળવાનો ઈનકાર કર્યો અને તેના બદલે પોતાની મરજી મુજબ કામ કરવાનું ચાલુ રાખ્યું.

ભારત વિશ્વ નેતા કેવી રીતે બનશે ?

શું સૂત્રોચ્ચાર કરવાથી ભારત વિશ્વ નેતા બનશે ? શું ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનો નારા લગાવવાથી ભારત વિકસિત થશે ? શું ખોટા ભાષણો કંઈ પ્રાપ્ત કરે છે ? જે દેશના વિદ્યાર્થીઓ ન્યાયી અને ગોટાળાપૂર્ણ પરીક્ષાઓ માટે ઝંખે છે તેના વડા પ્રધાન અને શિક્ષણ પ્રધાનને તેમના જંગલી સપનામાં પણ પોતાને વિકસિત કહેવાનો કોઈ અધિકાર નથી.

શિક્ષણ એ દેશની પ્રગતિનો એકમાત્ર પાયો છે. અને રાહુલ ગાંધીએ આ પાયાને ટેકો આપવાનું યોગ્ય માન્યું. તેમણે પરીક્ષામાં ગોટાળા અંગે સરકારની અસંવેદનશીલતાનો વિરોધ કરવા માટે 'વિદ્યાર્થીઓનો પડઘો' નામનું રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કર્યું. આ કાર્યક્રમે આડકતરી રીતે ભારતના યુવાનોને આ ચળવળ માટે તૈયાર કર્યા. રાહુલ ગાંધીએ તેમને માત્ર આત્મવિશ્વાસ જ નહીં, પણ એકતા પણ આપી અને અહિંસક રીતે સરકાર સામે તેમના અધિકારો માટે લડવા માટે માનસિક રીતે તૈયાર કર્યા. રાહુલ ગાંધીએ છેલ્લા કેટલાક વર્ષોમાં 'ભારત જોડો યાત્રા' જેવા કાર્યક્રમો દ્વારા યુવાનોને જ જાગૃત કર્યા નથી, પરંતુ રાષ્ટ્રની 'પ્રતિકારની ચેતના'ને પણ જાગૃત અને મજબૂત બનાવી છે. આ એકીકરણ આજે એક પરિપક્વ યુવા વિદ્યાર્થી ચળવળના રૂપમાં દેખાય છે જેણે મોદી સરકારને માત્ર ઘૂંટણિયે પાડી નથી, પરંતુ તેનામાં લોકશાહી ઉથલપાથલનો ભય પણ જગાડ્યો છે. આ ખરેખર એક મોટી જીત છે, ખાસ કરીને કારણ કે આંદોલન એવા શાસનનો સામનો કરી રહ્યું છે જે લોકશાહી અને ચૂંટણી વચ્ચેનો તફાવત જાણતો નથી. તે લોકશાહીના વેશમાં છુપાઈને સંપૂર્ણ રીતે અલોકશાહી પ્રયોગોમાં વ્યસ્ત રહે છે. આવા શાસનનો પરાજય એક સારો સંકેત છે, જો તે ચાલુ રહે. **(સૌ.: સત્યહિંદી.કોમ)**

ફૂટબોલ ટુર્નામેન્ટમાં ટ્રોફીના સ્થાને 'બકરા'નો પુરસ્કાર : ભારતીય ગામમાં સ્વદેશી પરંપરા સાથે રંગીલા સ્ટાર ટુર્નામેન્ટનું આયોજન

જંગલો અને ટેકરીઓ વચ્ચેના એક જિલ્લામાં, આદિવાસી ગામોની ટીમો ફૂટબોલના ગૌરવ માટે સ્પર્ધા કરે છે - અને તે પણ ખસ્સી બકરાના પુરસ્કાર સાથે

(એજન્સી) તા.૨૭

ચાઈબાસા, ભારત - વિશ્વ સ્પેન દ્વારા બીજા ફિફા વર્લ્ડકપ જીતવાની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે આ ગમા ફૂટબોલના "બકરા"ની ઉજવણી કરી રહ્યું છે. એક મહિના સુધી ચાલેલી આ ટુર્નામેન્ટ સાથે એક ભારતીય ગામ તેમાં જોડાયું છે - જોકે તે તેના સ્વદેશી રંગ સાથે છે. FIFA ઈવેન્ટ સાથે સુસંગત, પૂર્વી ભારતના ઝારખંડ રાજ્યના આદિવાસી પ્રભુત્વ ધરાવતા જિલ્લા ચાઈબાસાના તિરિલબાસા ગામના રહેવાસીઓએ ૧૪ જુલાઈથી ૧૭ જુલાઈ દરમિયાન ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું, જેમાં નજીકના ૬૪ ગામોની ટીમો ભાગ લઈ રહી હતી. પરંતુ રંગીલા સ્ટાર તિરિલબાસા ટુર્નામેન્ટમાં સ્ટાર આકર્ષણ ઇનામી રકમ ઉપરાંત, શ્રેષ્ઠ પ્રદર્શન કરતી ટીમોને ટ્રોફી તરીકે આપવામાં આવનાર બકરીઓનું ટોળું હતું. શુક્રવારે ફાઈનલ રમાઈ હતી, જેમાં NCS મૌડીએ કુમ્બરમને ૧-૦ થી હરાવ્યું હતું. NCS મૌદીએ ૧૫,૦૦૦ રૂપિયા અને ત્રણ બકરાની ઇનામ રકમ ઘરે લઈ ગયા. રનર્સ-અપ કુંબારમે ૧૨,૦૦૦ રૂપિયા અને બે બકરા જીતી, જ્યારે ત્રીજા અને ચોથા ક્રમે રહેલા કોબ્રા એફસી નિમ્બી અને ગાલુબાસા એફસીએ ૯,૦૦૦ રૂપિયા સાથે એક બકરી જીતી. મેન ઓફ ધ મેચ, મેન

વડિયાના તોરી ગામે સરપંચ પર થયેલા હુમલા બાબતે ગ્રામજનોનું કલેક્ટર અને એસપીને આવેદનપત્ર

તાલુકા પંચાયત પ્રમુખના પતિ ક્રિમિનલ માઈન્ડ ધરાવતા અને સતત દારૂના નશામાં હોય છે, લોકોના આક્ષેપો પર તપાસ જરૂરી

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૨૭

અમરેલી જિલ્લાના વડિયા કુંકાવાવ તાલુકાના તોરી ગામે થોડા દિવસ પેહલા કુંકાવાવ તાલુકા પંચાયતના પ્રમુખ સોનલબેન પાનસુરીયાના પતિ યોગેશ પાનસુરીયા અને તોરી ગામના સરપંચ પરેશ કોટડીયા વચ્ચે મારામારીની ઘટના સામે આવી હતી. આ ઘટનામાં બંને પક્ષે ઈજાઓ થતા હોસ્પિટલની પથારીએથી સામ સામે પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી હતી. પોલીસ ફરિયાદના થોડા દિવસ બાદ તોરી ગામના લોકોએ સાથે મળીને અમરેલી જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપવામા આવ્યું હતું. આ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર તોરી ગામના સરપંચ પર યોગેશ પાનસુરીયાના શખ્સ દ્વારા બે રહેમીથી અત્યાચાર કરી, મારકૂટ કરી, ગ્રામપંચાયત તોરી ખાતે ખૂની હુમલો કરેલ છે અને સરપંચ પરેશ કોટડીયાને કાનમાં અને માથાના ભાગે ઈજાઓ થયેલ છે. તોરી ગામમાં કાયદાનું નહિ ગુંડારાજનું શાસન ચાલતું હોય તેવુ ભયનું વાતાવરણ ઉભું કરેલ છે. આ બાબતે બીએનએસની કલમ ૧૦૯ મુજબ ગુનો દાખલ કરવા ગ્રામજનો દ્વારા માંગણી કરવામાં આવી છે. સાથે એ પણ જણાવવામાં આવ્યું

તોરી ગામમાં બેફામ દારૂના વેચાણથી દારૂબંધીના ધજાગરા ઊડે છે, પોલીસ મૂકપ્રેક્ષક તમાશો જુએ છે, પોલીસ કામગીરી સામે ઊઠ્યા સવાલો

છે કે આ શખ્સ માથાભારે અને રાજકીય વગ ધરાવતો હોય તેમેજ અગાઉ પણ આ શખ્સ ઉપર ખૂની હુમલો, અત્યાચાર, છેતરપિંડી અને એસ્ટ્રોસીટી જેવા ગંભીર ગુનાઓની ફરિયાદ થયેલી છે ત્યારે આ શખ્સને પાસા હેઠળ ધરપકડ કરી કાર્યવાહી કરવા તોરી ગામના લોકો દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું છે. આ આવેદનપત્ર આપતા સમયે ઉપસ્થિત લોકોએ જાહેરમાં મીડિયા સમક્ષ એ પણ જણાવ્યું હતું કે કુંકાવાવ તાલુકા પંચાયતના પ્રમુખના પતિ યોગેશ પાનસુરીયા સતત દારૂ પીવે છે તોરી ગામમાં ખુલ્લેઆમ દારૂ વેચાય છે અને વડિયા પોલીસ કોઈ કાર્યવાહી કરતી નથી ત્યારે તોરી ગામના લોકો દ્વારા અમરેલી એસપી અને કલેક્ટર ઓફિસના ગ્રાઉન્ડમાં વડિયા પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉભા કર્યા છે. ત્યારે આવેદનપત્રમાં આપેલી વિગત અને સ્થાનિકોએ આપેલી મીડિયા બાઈટમાં જે જણાવ્યું છે તે તમામ આક્ષેપો સાચા હોય તો ગાંધીના ગુજરાતના તોરી ગામમાં વેંચાતા દારૂ પર કાર્યવહી કરવી જરૂરી બને છે. હવે રાજકીય વગ ધરાવતા આ શખ્સ સામે અમરેલી જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ વડા કોઈ કાર્યવાહી કરે છે કે પછી સબ સલામતના જ ગુણગાન ગાશે તે તો આવનારો સમય જ બતાવશે...

પ્રાંતિજના ગ્રીન પાર્ક-૧ અને ૨ના અધૂરા ગટરલાઈનના કામથી રસ્તાઓ બિસ્માર થતાં પાલિકામાં રજૂઆત

(સંવાદદાતા દ્વારા) પ્રાતિજ, તા.૨૭

પ્રાંતિજથી પસાર થતાં નેશનલ હાઈવે-૪૮ નજીક આવેલી ગ્રીનપાર્ક-૧ અને ગ્રીનપાર્ક-૨ સોસાયટીના રહીશોએ અધૂરા ગટરલાઈનના કામ અને બિસ્માર બનેલા રસ્તાઓ પ્રશ્ને પાલિકા કચેરીમાં રજૂઆત કરી હતી. છેલ્લા એક વર્ષથી ગટરલાઈનનું કામ ચાલુ હોવા છતાં તે પૂર્ણ ન થતાં રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ચોમાસાના કારણે બંને સોસાયટીઓમાં ઠેર-ઠેર મોટા ખાડા અને ભૂવા પડી ગયા છે. રસ્તાઓ અત્યંત જોખમી બનતા વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. રહીશોના જણાવ્યા મુજબ, ગટરલાઈનનું કામ પૂર્ણ થયા બાદ રસ્તાનું પુનઃસ્થાપન યોગ્ય રીતે કરવામાં આવ્યું નથી પરિણામે સમગ્ર વિસ્તારની સ્થિતિ દિનપ્રતિદિન વધુ ખરાબ બની રહી છે ગ્રીનપાર્ક-૧ અને ૨માં જ્યાં જુઓ ત્યાં મોટા ખાડાઓ જોવા મળી રહ્યા છે, જેના કારણે દૈનિક અવરજવર મુશ્કેલ બની છે આ મુદ્દે અગાઉ પણ રજૂઆતો કરવામાં આવી છે છતાં ભાજપ શાશિત પાલિકાના સત્તાધિશો દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં રહીશોએ આજે પાલિકાના ચીફઓફિસર હિરેનભાઈ સોલંકીને લેખિત રજૂઆત કરી હતી. સાથે જ ગટરલાઈનના કામ અને રસ્તાના પુનઃસ્થાપન અંગેની વિગતવાર માહિતી માહિતી અધિકાર અધિનિયમ (RTI) હેઠળ ઉપલબ્ધ કરાવવા માગણી કરી હતી.

અહીની ગટરલાઈનનું બાકી કામ પૂર્ણ કરી સત્વરે રસ્તાઓનું ગુણવત્તાસભર પુનઃસ્થાપન કરવાની રહીશોએ માંગ કરી છે. અન્યથા આગામી સમયમાં વધુ ઉગ્ર કાર્યક્રમ હાથ ધરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

નડિયાદમાં મનપાના અણઘડ આયોજન સામે સ્થાનિકોનો આક્રોશ

સોશિયલ ક્લબથી ચકલાસી ભાગોળ રોડ પર ખુલ્લી ગટર અને મરીડા બાયપાસ પર નીચા ઢાંકણાં બન્યા અકસ્માત ઝોન

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૨૭

નડિયાદ મહાનગરપાલિકા વહીવટી તંત્રની અણઆવડત અને ઘોર બેદરકારીના કારણે ચોમાસાની ઋતુમાં જ નાગરિકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સ્ટેશન વિસ્તારમાં વન-વે તેમજ પીજ રોડ એકસાથે બંધ કરાતાં સમગ્ર શહેરની વાહનવ્યવહાર વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. એક તરફ ખોદેલી કાંસનું કામ અડધેથી અટકી પડતાં રસ્તો બ્લોક છે, તો બીજી તરફ વળતરરૂપે વપરાતા વૈકલ્પિક માર્ગો પર ખુલ્લી ગટરો અને નીચા ઢાંકણાઓને લીધે અકસ્માતોની વારંવાર ઘટનાઓ ઘટી રહી છે, જેને પગલે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે વિરોધની લાગણી જન્મી છે.

નડિયાદ શહેરમાં સોશિયલ ક્લબથી ચકલાસી ભાગોળ તરફ જતાં માર્ગ પર ખુલ્લી ગટર અને નીચા ઢાંકણાના કારણે સતત અકસ્માતનો ભય તોળાઈ રહ્યો છે. ખુલ્લી ગટરની ગંભીર સમસ્યા અંગે તંત્ર દ્વારા કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં ન આવતા આખરે સ્થાનિક લોકોએ પોતાની સલામતી અર્થે જાતે જ ગટર પર કાટમાળ મૂકી રસ્તો સુરક્ષિત કરવાની ફરજ પડી છે. સાથોસાથ મરીડા રોડ પર આવેલા પેટ્રોલ પંપ સામે પણ રોડની વચોવચ ગટરનું ઢાંકણું રસ્તાની સપાટી કરતાં ઘણું નીચું હોવાથી વાહનચાલકો માટે તે જાનહાનિ

સર્જી શકે તેવું જોખમી સાબિત થઈ રહ્યું છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકો દ્વારા મહાનગરપાલિકા તંત્ર સમક્ષ ઉગ્ર માંગ કરવામાં આવી છે કે, પીજ રોડ બંધ હોવાથી મરીડા રોડ પર વધેલા ટ્રાફિકને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે પેટ્રોલ પંપ સામેના ગટરના ઢાંકણાને રોડની સપાટી સાથે સમાંતર (સમતલ) બેસાડવામાં આવે. સાથોસાથ તમામ ખુલ્લી ગટરો પર ત્વરિત મજબૂત ઢાંકણા ફીટ કરવામાં આવે જેથી કોઈ મોટી દુર્ઘટના કે જાનહાનિ થતાં અટકાવી શકાય.

ભૂજ ખાતે ધી મુસ્લિમ એજ્યુકેશન શાળામાં તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ યોજાયો

ભુજ, તા.૨૭

ભુજની ધી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી સંચાલિત શાળામાં વર્ષ ૨૦૨૫/૨૬માં ધો-૧૦ અને ૧૨માં ૮૦% કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ તેમેજ મેડીકલ, ઈન્જીનીયરીંગ, વકિલાત ક્ષેત્રે અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થી તેમજ અન્ય તમામ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું. આ સન્માન કાર્યક્રમમાં કુલ ૨૧૪ વિદ્યાર્થીઓને સન્માન કરાયા હતા. આ કાર્યક્રમ સંસ્થાના ચેરમેન અલીમોહમ્મદ એમ. જતની અધ્યક્ષતામાં યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના મ.શિ. મૌલાના મુસ્તાક હિંગોરા અને મૌલાના રીઝવાન ખત્રી એ તિલાવત કરી હતી. શાળાના વિદ્યાર્થીઓ એ નાત શરીફ પઢી હતી. શાળાના આચાર્ય જુસબખાન આઈ.ટાંકે પ્રાસંગિક પ્રવચન તેમજ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણધિકારી કચેરી વતી AEI ઉમરફારુક ખીરા ખાસ હાજર રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને શિક્ષણની મળતી આ સુવિધાનો લાભલેવા કહ્યું હતું.

મુસ્લિમ એજ્યુકેશન ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થી ખત્રી મોઈન જાવેદ આ વર્ષે વિજ્ઞાન પ્રવાહ માં સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમાંક મેળવ્યું હતું તેમજ NEET પરિક્ષામાં પણ ૭૨૦માંથી ૬૬૭ ગુણ મેળવી કચ્છના ઈતિહાસમાં NEETની પરિક્ષામાં સૌથી વધુ ગુણ મેળવ્યા છે. તેમજ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા મોટીવેશનલ ગીત રજુ કરવામાં આવ્યું હતું. અલીમોહમ્મદ એમ. જતે વિદ્યાર્થીઓની મહેનતને બિરદાવી અને સંસ્થા હમેશા શિક્ષણના ક્ષેત્રમાં આગળ વધતી જ રહશે. એવું જણાવ્યું હતું. સંસ્થાના વાઈસ ચેરમેન અમીરઅલી એચ.લોઢીયા એ વિદ્યાર્થીને સતત મહેનત કરી મેરીટમાં આવવાની સલાહ આપી હતી. સંસ્થાના સેક્રેટરી જુમ્માભાઈ આઈ. નોડેએ જણાવ્યું હતું કે શિક્ષણ વિના આજના સમયમાં કઈ જ નથી. આ પ્રસંગે સંસ્થાના પૂર્વ ચેરમેન સૈયદ હાજી અબ્દુલરસુલશા બાવા, સંસ્થાના સેક્રેટરી જુણશભાઈ હીંગોરા, ખજાનચી બસીરભાઈ મેમણ તથા અન્ય ટ્રસ્ટી સલીમભાઈ નોડે. અઝીઝભાઈ ચંગલ, જુસબભાઈ બાફણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શાળાના મ.શિ. સમા મહમદ ફારુક કે. અને ભજીર ઉસ્માન ગની જે. એ સાંભળ્યું હતું. કાર્યક્રમની વ્યવસ્થા પ્રાથમિક વિભાગના આચાર્ય હનીફ સૈયદ, સુપરવાઈઝર રઝીયા એમ. મેમણ, પલેજા સમ્સ, સમા અબ્દુલ કરીમ એ.ના માર્ગદર્શનમાં સમગ્ર સ્ટાફ ગણે સંભાળી હતી. આભારવિધિ અંગ્રેજી વિભાગના આચાર્ય પંજવાણી નુરુદીનએ કરી હતી.

પંદર જ દિવસમાં બીજી વાર જ્વેલર્સમાં ચોરીનો પ્રયાસ

મેઘરજના રેલ્લાવાડામાં ચોરોના આતંકથી વેપારીઓમાં ફફડાટ

(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૨૭

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રેલ્લાવાડા ગામમાં તસ્કરોનો ઉપદ્રવ સતત વધી રહ્યો છે. રેલ્લાવાડામાં આવેલી 'લક્ષ્મી નારાયણ જ્વેલર્સ' નામની સોના-ચાંદીની દુકાનને અજાણ્યા ચોરોએ ફરી એકવાર નિશાન બનાવવાનો પ્રયાસ કરતા સમગ્ર પંથકના વેપારીઓમાં ભારે ફફડાટ અને ચિંતાનો માહોલ ફેલાઈ ગયો છે.

દુકાનદારના જણાવ્યા અનુસાર, માત્ર ૧૫ દિવસ પહેલાં જ આ જ જ્વેલર્સની દુકાનમાં ચોરીની મોટી ઘટના બની હતી, જેમાં તસ્કરો રૂા.૧.૫૦ લાખની કિંમતની ચાંદીના દાગીના ચોરી ગયા હતા. આ ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં ગત રાત્રે અજાણ્યા તસ્કરોએ ફરી આ જ દુકાનને નિશાન બનાવી હતી. ચોરોએ દુકાનનું આગળનું શટર તોડવાનો તેમજ પાછળના ભાગે પતરું તોડીને અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો.

છેલ્લા એક જ મહિનામાં રેલ્લાવાડા અને આસપાસના વિસ્તારમાં ચોરી અને ચોરીના પ્રયાસના અનેક બનાવો સામે આવ્યા છે. વારંવાર બનતી આવી ઘટનાઓને પગલે સ્થાનિક લોકો અને વેપારીઓમાં ઈસરી પોલીસ સ્ટેશનની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. સ્થાનિકોમાં ખાસ કરીને પોલીસના રાત્રિ પેટ્રોલિંગને લઈને ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. વેપારીઓએ ચીમકીભર્યા સૂર સાથે માંગ કરી છે કે, રેલ્લાવાડા અને મુખ્ય બજાર વિસ્તારમાં પોલીસ દ્વારા રાત્રિ દરમિયાન સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવે જેથી વેપારીઓ અને ગ્રામજનો ભયમુક્ત બની રહે.

વડોદરાની માંજલપુર પેટાચૂંટણી

કોંગ્રેસની વિરોધ રેલીમાં હાઈવોલ્ટેજ ડ્રામા, પોલીસ અને કાર્યકર્તાઓ સામસામે

ભાજપના શીર્ષ નેતૃત્વ સામે બેનરો દર્શાવી નારેબાજી કરતા કોંગ્રેસીઓની અટકાયતનો પ્રયાસ, ધક્કામુક્કીના દૃશ્યો સર્જાયા

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૭

વડોદરા માંજલપુર વિધાનસભા બેઠકની આગામી પેટાચૂંટણીને લઈને વડોદરાનું રાજકારણ ગરમાયું છે. પ્રચારના ભાગરૂપે યોજાયેલી કોંગ્રેસની એક રેલી દરમિયાન પોલીસ અને કોંગ્રેસી કાર્યકર્તાઓ સામસામે આવી જતાં ભારે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. મળતી માહિતી મુજબ, પેટાચૂંટણીના પ્રચાર અર્થે કોંગ્રેસ દ્વારા એક વિશાળ વિરોધ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના સ્થાનિક નેતાઓ અને કાર્યકર્તાઓ બેનરો અને પ્લેકાર્ડ્સ સાથે જોડાયા હતા. રેલી દરમિયાન કાર્યકર્તાઓના હાથમાં ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કરતા અને "આ તો હજુ ઝાંખી છે, મોદી અને અમિત શાહ બાકી છે" જેવા તીખા સૂત્રોચ્ચાર લખેલા બેનરો જોવા મળ્યા હતા. કાર્યકર્તાઓ આક્રમક રીતે બેનરો દર્શાવીને મોદેથી નારેબાજી કરતા આગળ વધી રહ્યા હતા. આ દરમિયાન તેનાત પોલીસ કાફલાએ આ પ્રકારના વિવાદાસ્પદ બેનરો અને

સૂત્રોચ્ચાર સામે વાંધો ઉઠાવીને રેલીને રોકવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે સ્થિતિ નિયંત્રણમાં લેવા માટે બેનરો જપ્ત કરવાની અને કાર્યકર્તાઓને અટકાવવાની કોશિશ કરતાં જ વાતાવરણ વણસ્યું હતું. પોલીસની આ કાર્યવાહીથી રોષે ભરાયેલા કોંગ્રેસી કાર્યકર્તાઓએ પોલીસ સાથે બોલાચાલી શરૂ કરી દીધી હતી, જે જોતજોતામાં ઉગ્ર ઘર્ષણમાં પરિણમી હતી. કાર્યકર્તાઓ અને પોલીસ જવાનો વચ્ચે ધક્કામુક્કી અને બોલાચાલીના દ્રશ્યો સર્જાયા હતા. આ દરમિયાન કેટલાક નેતાઓએ રસ્તા પર બેસીને પોલીસ અને સરકાર વિરોધી નારેબાજી ચાલુ રાખી હતી. પોલીસે સ્થિતિ વધુ ન વણસે તે માટે વધારાની પોલીસ કુમક બોલાવી લીધી હતી અને કેટલાંક આગેવાનો તથા કાર્યકર્તાઓની અટકાયત કરવાની તજવીજ હાથ ધરી હતી. ચૂંટણી ટાણે જ બનેલી આ ઘટનાને કારણે વડોદરાના રાજકારણમાં ભારે ચર્ચા જાગી છે. એક તરફ કોંગ્રેસ આ ઘટનાને લોકશાહીના અવાજને દબાવવાનો પ્રયાસ ગણાવી રહી છે, તો બીજી તરફ પોલીસ તંત્રે શાંતિ જાળવવા અને આચારસંહિતાનો ભંગ રોકવા માટે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે.

વડોદરાના છાણી વિસ્તારમાં આવેલા

નંદઘર કેન્દ્ર નં. ૯માં બાળકોને અપાતા નાસ્તાની ગુણવત્તા સામે ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૭

વડોદરાના છાણી વિસ્તારના એકતા નગર સ્થિત નંદઘર કેન્દ્ર નંબર-૯ આંગણવાડીમાં બાળકોને આપવામાં આવતા નાસ્તાની ગુણવત્તા અંગે ફરિયાદ સામે આવી છે. સ્થાનિક રહીશ કમલેશભાઈએ આક્ષેપ કર્યો છે કે, આંગણવાડીમાં પીરસાતો નાસ્તો ગુણવત્તાયુક્ત નથી, જેના કારણે બાળકો પૂરતો નાસ્તો કરી શકતા નથી.

કમલેશ ભાઈના આક્ષેપ મુજબ , નાસ્તામાં આપવામાં આવતા શીરો અને ઉપમામાં પૂરતું તેલ હોતું નથી તેમજ લોટ કાચો-પાકો રહે છે. ઉપરાંત દાળ-ભાતમાં પણ ચોખા કાચા રહેતા હોવાનું જણાવાયું છે. બાળકોને વારંવાર એક જ પ્રકારની વાનગી પીરસવામાં આવતી હોવાથી તેઓ નાસ્તો કરવામાં રસ દાખવતા નથી અને ઘણી વખત નાસ્તો ફેંકી દેવાનો વારો આવે છે.

સ્થાનિક રહીશનો આક્ષેપ છે કે, આ અંગે જવાબદાર અધિકારી સમક્ષ રજૂઆત કરવામાં આવતા તેઓ બાળકો હોંશે-હોંશે નાસ્તો ખાતા હોવાનો જવાબ આપે છે. જો કે, વાસ્તવિક સ્થિતિ અલગ હોવાનું અને બાળકો નાસ્તો ન ખાતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વધુમાં માંગ કરી છે કે, આંગણવાડીમાં સપ્લાય થતો નાસ્તો કોન્ટ્રાક્ટની શરતો અને ગુણવત્તાના ધોરણો મુજબ છે કે, નહીં તેની તાત્કાલિક તપાસ કરવામાં આવે. જો તપાસમાં કોઈ અનિયમિતતા અથવા બેદરકારી સામે આવે તો જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે, જેથી બાળકોને પૌષ્ટિક અને ગુણવત્તાયુક્ત આહાર મળી રહે.

સુરતના નક્ષત્ર સેફ વોલ્ટમાંથી ગ્રાહકોના કિંમતી દાગીના અને રોકડ ચોરાયાની વાત ફેલાતા હોબાળો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૭

સુરતના સિંગણપોર ચાર રસ્તા પાસે આવેલા જાણીતા નક્ષત્ર સેફ વોલ્ટમાંથી ગ્રાહકોના કિંમતી સામાન, સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી થઈ હોવાની વાત વાયુવેગે પ્રસરતા સમગ્ર વિસ્તારમાં ભારે હોબાળો મચી ગયો છે. કેટલાક લોકરમાંથી માલસામાન ગાયબ હોવાની ચર્ચા ઊઠતા જ સોના-ચાંદી અને રોકડ મૂકનારા લોકરધારકોના જીવ તાળવે ચોંટી ગયા હતા અને સેંકડો લોકો તાબડતોબ સેફ વોલ્ટ ખાતે પહોંચી ગયા હતા. આ ઘટનાની ગંભીરતાને જોઈને સિંગણપોર પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી બંદોબસ્ત ગોઠવી દીધો છે. પોલીસે નક્ષત્ર સેફ વોલ્ટના માલિક સહિત ત્રણની સામે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ચોરીના સમાચાર મળતાં જ લોકરધારકો પોતપોતાની ચાવીઓ લઈને પોતાના દાગીના અને રોકડ ચકાસવા સેફ વોલ્ટ પર દોડી આવ્યા હતા. જેને કારણે સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અહીં આવીને તપાસ કરતા કેટલાક ગ્રાહકોના લોકર સુરક્ષિત મળી આવ્યા હતા, જ્યારે કેટલાક ગ્રાહકોએ તેમના લોકરમાંથી કિંમતી સામાન અને રોકડ રકમ ગાયબ થઈ હોવાની ગંભીર ફરિયાદો કરી હતી. લોકરમાંથી રોકડા રૂપિયા, સોના-ચાંદીના દાગીના અને ડાયમંડ સહિત લાખો-કરોડો રૂપિયાની મત્તા ગાયબ થઈ હોવાની આશંકા સેવાઈ રહી છે. આ ઘટનાને પગલે સેફ વોલ્ટની બહાર ભારે ભીડ એકઠી થઈ જતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ન બગડે તે માટે સિંગણપોર પોલીસનો કાફલો ઘટનાસ્થળે ગોઠવાઈ ગયો હતો. પોલીસે સ્થિતિ થાળે પાડવાની સાથે જ નક્ષત્ર સેફ વોલ્ટના માલિક સહિત ત્રણ લોકોની અટકાયત કરીને સિંગણપોર પોલીસ સ્ટેશન ખાતે પૂછપરછ હાથ ધરી છે. આ મામલે પોલીસે સેફ વોલ્ટના સીસીટીવી ફૂટેજ અને રજિસ્ટર કબજે કરીને ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી દીધી છે.

વિવિધતામાં એકતા અને કોમી અખંડિતતાનો સુંદર સંદેશ

વડોદરામાં ૫૧ મુસ્લિમ વિદ્યાર્થિનીઓએ વ્રત કરતી હિન્દુ બાળકીઓને મહેંદી મૂકી એકતાનો સંદેશ આપ્યો

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૭

ગૌરી વ્રતના પ્રથમ દિવસે 'આર એન્ડ કે પંડ્યા સ્કૂલ'ની ૫૧ મુસ્લિમ વિદ્યાર્થિનીઓએ વ્રત કરતી હિન્દુ બાળકીઓના હાથ પર મહેંદી મૂકી હતી. વિવિધતામાં એકતા અને કોમી અખંડિતતાનો સુંદર સંદેશ આપતાં, આ મુસ્લિમ બાળકીઓએ હિન્દુ બાળકીઓના હાથ પર સુંદર ડિઝાઈન દોરીને તેમના ચહેરા પર ખુશી લાવી દીધી હતી. આ સમગ્ર આયોજન વડોદરાના સામાજિક કાર્યકર નિશિતા રાજપૂતનો વિચાર હતો, જેઓ વર્ષોથી આ બાળકીઓના શિક્ષણમાં સહયોગ આપી રહ્યા છે અને તેમની સાથે દરેક તહેવાર ઉજવે છે. ગૌરી વ્રત તહેવારના પ્રથમ દિવસે, નિશિતા રાજપૂતે તેમના ૧૮ વર્ષ જૂના "બેટી બચાવો અને બેટીઓને ખુશીઓ આપો"ના મિશનને આગળ ધપાવતા, ઉપવાસ કરતી ૨૦૧ જરૂરિયાતમંદ બાળકીઓને ડ્રાયફ્રૂટ કિટ્સનું વિતરણ કર્યું હતું. આ વાર્ષિક પહેલ ગરીબ અને જરૂરિયાતમંદ બાળકીઓ પણ ગૌરવ, આનંદ અને સંભાળ સાથે તેમના તહેવારો ઉજવી શકે છે તે.માટે કરવામાં આવે છે.આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ આર એન્ડ કે પંડ્યા સ્કૂલની ૫૧ મુસ્લિમ બાળકીઓનું હૃદયસ્પર્શી યોગદાન હતું. જેમણે વ્રત રાખનાર હિન્દુ બાળકીઓના હાથ પર પ્રેમપૂર્વક મહેંદી મૂકી હતી. આ દૃશ્ય કોમી એકતા, પરસ્પર આદર અને ભારતની વિવિધતામાં એકતાનું

પ્રતીક બન્યું હતું. ત્યારબાદ નિશિતા રાજપૂતે આ બાળકીઓને તેમના આ સુંદર કાર્ય માટે સન્માનિત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આવી પહેલો સમાજને મતભેદોથી ઉપર ઊઠીને માનવતા, કરૂણા અને રાષ્ટ્રીય એકતાના બંધનોને વધુ મજબૂત કરવાની પ્રેરણા આપે છે.

સુરતના પાલમાં સલૂન દુકાનની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપાયું

સલૂનની માલિક મહિલા અને ત્રણ ગ્રાહકોની પોલીસે ધરપકડ કરી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૭

સુરત શહેરના પાલ રાજ વિક્ટોરીયાની સામે રાજ આર્કેડમાં સલુનની દુકાનની આડમાં ચાલતા કુટણખાના ઉપર પોલીસે દરોડો પાડી મહિલા અને ત્રણ ગ્રાહકોની ધરપકડ કરી હતી.

કાઈમ એએચટીયુની ટીમે બાતમીના આધારે પાલ રાજ વિક્ટોરીયાની સામે, રાજ આર્કેડના બીજા માળે આવેલ રૂપા ફેમિલી સલુનનામની દુકાનમાં રેડ પાડી હતી જેમાં તપાસ દરમિયાન ફેમિલી સલુનમાંથી માલીક રૂપાલી જાગેન્દ્રનાથ બિસ્વાલ (ઉ.વ.૪૫) દ્વારા સલુનની દુકાનની આડમાં ગેરકાયદેસર દેહવેપારનો ધંધો કરાવી ધંધામાંથી દુકાનનું કમિશન લેતી હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે રૂપાલી બિસ્વાલની સાથે જયપ્રકાશ રમેશ યાદવ (રહે, શોહમ એપાર્ટમેન્ટ ઘોડદોડ રોડ), અબ્બાસ ગુલામઅબ્બીયા શેખ (રહે, પમ્પીંગ ચાર રસ્તા) અને નારાયણસિંગ ઉત્તમસિંગ બાગદી (ઉ.વ.૩૩, રહે, વિશાલાવાડી મહિધરપુરા) નામના ગ્રાહકોની ધરપકડ કરી હતી. પોલીસે રોકડા,મોબાઈલ મળી કુલ રૂપિયા ૪૩,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જયારે દુકાનમાં ગ્રાહક મોકલનાર એઝાઝ નામના એજન્ટને વોન્ટેડ જાહેર કર્યો છે.

સુરતમાં ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવાની માંગ સાથે રેલી કાઢવામાં આવી

સુરત, તા.૨૭

ગાયને રાષ્ટ્રમાતાનો દરજ્જો આપવાની માંગ સાથે આજે સુરતમાં હિન્દુ સંગઠનો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીની શરૂઆત સવારે સીટી લાઈટ સ્થિત મહારાજા અગ્રેસન ભવન ખાતેથી થયેલ. સાધુ-સંતો, મહંતો, ગૌસેવકો, વિવિધ સંપ્રદાયોના પ્રતિનિધિઓ વનિતા વિશ્રામ ખાતે એકત્ર થયા હતા. ત્યાંથી રેલી કાઢી હતી. રેલી જિલ્લા કલેક્ટર કચેરી પહોંચી હતી. ડો. રાજેન્દ્રદાસજી દેવાચાર્ય મહારાજનાં સાનિધ્યમાં ગૌભક્તો દ્વારા કલેકટરને આવેદન પાઠવવામાં આવ્યું હતું. આ અવસરે ગોપાલાનંદ સરસ્વતી પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

સુરતના ઝાંપાબજારમાં જર્જરિત મકાનની દીવાલ ધરાશાયી, ત્રણ યુવકો ફસાયા

ફાયરબ્રિગેડ દ્વારા ત્રણ યુવકોનું રેસ્ક્યુ કરી સહી-સલામત નીચે ઉતારવામાં આવ્યા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૭

સુરત શહેરમાં વરસાદની વચ્ચે મોડી રાત્રે ઝાંપાબજાર વિસ્તારના સૈફી મોહલ્લામાં આવેલુ એક જૂના મકાન બાજુની દીવાલ અને પતરાંનો શેડ ધરાશાય થઈ ગયો હતો. આ ઘટનાને પગલે અફરાતફરી મચી ગઈ હતી જ્યારે ત્યાં જ ગ્રાઉન્ડ ફ્લોર ઉપર રહેતા ત્રણ યુવકો અંદર ફસાઈ ગયા હતા ઘટના અંગે જાણ કરવામાં આવતા ફાયરબ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી તેઓને સહી-સલામત નીચે ઉતારવામાં આવ્યા હતા.ઝાંપાબજારના સૈફી મોહલ્લામાં જનતા પ્લાસ્ટિકની ગલીમાં એક માળનું જૂનું મકાન હતું. ગત મોડી રાત્રે ૧૨:૦૦ વાગ્યાના અરસામાં આ મકાનની બાજુમાં આવેલી દીવાલ અચાનક ધરાશાય થઈ ગઈ હતી સાથો-સાથ પહેલા માળના પતરાંનો શેડ પણ ધરાશાયી ગયો હતો. આ ઘટનાને પગલે થોડા સમય માટે સ્થળ ઉપર અફરાતફરી મચી ગઈ હતી. જો કે, ઘટના અંગે જાણ કરવામાં આવતા ફાયરબ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સૌ પ્રથમ ગ્રાઉન્ડ ફ્લોર પર રહેલા ત્રણ યુવકોને સાવચેતીના ભાગરૂપે તાત્કાલિક સહી-સલામત બાહર કાઢી લેવામાં આવ્યા હતા. જો કે, આ ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ નહીં થવા પામી હતી જયારે વધુમાં જાણવા મળ્યું હતું કે આ મકાન બહુ જ જૂનું હતું.

નામ બદલેલ છે
જૂનું નામ મોહમ્મદ આસિફભાઈ નોંદોલીયા
નવું નામ મ

દેશના અગ્રણી શિપ બિલ્ડીંગ અને રિપેર સેન્ટર તરીકે ગુજરાતને આ પોલિસી સ્થાપિત કરશે

શિપ બિલ્ડીંગ સેકટરની મહત્ત્વાકાંક્ષી એવી શિપબિલ્ડીંગ એન્ડ રિપેર પોલિસી લોન્ચ

પોરબંદર પાસે મેગા ગ્રીન ફિલ્ડશીપ બિલ્ડીંગ કલસ્ટરને કેન્દ્રની મંજૂરી : ૨૭,૦૦૦ કરોડનું રોકાણ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૨૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેશના શિપ બિલ્ડિંગ સેક્ટરને નવી દિશા આપનારી મહત્વાકાંક્ષી "ગુજરાત બિલ્ડીંગ એન્ડ રિપેર પોલિસી-૨૦૨૬"નું ગાંધીનગરમાં સોમવારે વિધિવત લોન્ચિંગ કર્યું હતું. દેશમાં સૌથી વધુ ૨૩૪૦ કિલોમીટર લાંબો દરિયા કિનારો ધરાવતા ગુજરાતમાં વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ, અદ્યતન ટેકનોલોજી, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને ઇન્વેસ્ટર્સ ફ્રેન્ડલી પોલીસીઝના આધારે ગુજરાતને દેશના અગ્રણી શિપ બિલ્ડીંગ અને રિપેર સેન્ટર તરીકે આ પોલીસી પ્રસ્થાપિત કરશે. આ પોલીસી ભારત સરકારની શિપ બિલ્ડિંગ ફાઇનાન્સિયલ એસસીસ્ટન્ટ સ્કીમ-૨૦૨૫ SBFAS અને મેરીટાઇમ વિઝન ૨૦૪૭ તેમજ આત્મનિર્ભર ભારતના વ્યાપક લક્ષ્ય સાથે સુસંગત છે. રાજ્યનું વિકસિત બંદર માળખું, મજબૂત ઔદ્યોગિક પરિસ્થિતિ અને સમૃદ્ધ દરિયાઈ વારસો એ આ નીતિના મુખ્ય આધારસ્તંભો છે. જેમા શિપયાર્ડ્સ અને સહાયક ઉદ્યોગોનો વિકાસ, કૌશલ્ય વિકાસ અને ટકાઉ અને ગ્રીન શિપયાર્ડ્સને પ્રોત્સાહન, શિપયાર્ડ્સને સ્માર્ટ શિપયાર્ડ્સમાં રૂપાંતરિત કરવું તથા શિપબિલ્ડિંગ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ્સ અને R&Dને પ્રોત્સાહન નો સમાવેશ થાય છે. આ નીતિનું એક મહત્વપૂર્ણ આકર્ષણ ઇન્ટિગ્રેટેડ મેગા શિપબિલ્ડિંગ પાર્ક (IMSP)નો વિકાસ છે. આ પાર્કને વિશ્વસ્તરીય દરિયાઈ ઔદ્યોગિક ઇકોસિસ્ટમ તરીકે વિકસાવવામાં આવશે, તેમાં આધુનિક માળખાકીય સુવિધાઓ, મરીન ઇક્વિપમેન્ટ ક્લસ્ટર્સ, પરીક્ષણ સુવિધાઓ, લોજિસ્ટિક્સ સપોર્ટ, R&D કેન્દ્રો અને કૌશલ્ય વિકાસ સંસ્થાઓનો પણ સમાવેશ થશે. ભારત સરકારે પોરબંદર જિલ્લાના કુછડી ખાતે મેગા ગ્રીનફિલ્ડ શિપબિલ્ડિંગ ક્લસ્ટરને મંજૂરી આપી છે. આ અંગેના DPR પણ મેરિટાઇમ બોર્ડ દ્વારા બનાવવામાં આવી રહ્યા છે જે પૂર્ણ થતાં પ્રોજેક્ટ અમલીકરણમાં વેગ આવશે. આ ક્લસ્ટરમાં બેથી ત્રણ વિશ્વસ્તરીય શિપયાર્ડ્સ અને સહાયક ઉદ્યોગોનું મજબૂત નેટવર્ક વિકસાવવામાં આવશે. આ શિપયાર્ડ્સના વિકાસથી પણ અંદાજે રૂા.૨૩,૭૦૦ કરોડનું ખાનગી રોકાણ આકર્ષિત થવાની સંભાવના છે. આ વિશાળ ઔદ્યોગિક ઇકોસિસ્ટમને બળ આપવા માટે આશરે રૂા.૩,૩૦૦ કરોડની સામાન્ય મરીન અને જમીન આધારિત માળખાકીય સુવિધાઓ વિકસાવાશે. આ હેતુસર ભારત સરકારની શીપ બિલ્ડીંગ ડેવલપમેન્ટ સ્કીમ (SbDS) યોજના તથા ગુજરાત સરકાર દ્વારા નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવશે. આ સુવિધાઓમાં બ્રેકવોટર્સ, ફ્લોટિંગ ક્રેન્સ, હેવી લિફ્ટ શિપસ, ડ્રેજિંગ, હાર્બર બેસિન વિકાસ, નેવિગેશન ચેનલો, રસ્તાઓ, વીજળી, પાણી પુરવઠો અને અન્ય સંયુક્ત ઉપયોગની સુવિધાઓનો સમાવેશ કરાશે. રોકાણ અને ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે આ નીતિ હેઠળ વિવિધ નાણાંકીય અને બિન-નાણાકીય પ્રોત્સાહનો આપવામાં આવશે, તેમાં મૂડી સહાય સ્ટેમ્પ ડ્યુટીની પરતફેર, વ્યાજ સહાય ડ્રેજિંગ સહાય, MSMEs પાસેથી ખરીદીને પ્રોત્સાહિત કરવા સબસિડી, વીજળી દરમાં સહાય, પાણીના ચાર્જમાં સબસિડી, મરીન ઇક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર્સ માટે વિશેષ પ્રોત્સાહનો ઉપરાંત, નિર્ધારિત સમયમર્યાદામાં વિકાસકાર્યો શરૂ કરનારા અર્લી બર્ડ રોકાણકારો માટે વિશેષ પ્રોત્સાહનો આપશે. આ નીતિ ગુજરાત રાજ્યમાં શિપબિલ્ડિંગ ઉત્પાદન ક્ષમતા ૫૦ લાખ ડેડ વેઇટ ટનેજ (DWT)થી વધુ સુધી વધારવા, બે ઇન્ટિગ્રેટેડ મેગા શિપબિલ્ડિંગ પાર્ક્સની સ્થાપના તેમજ ૫ લાખથી વધુ વ્યક્તિઓને કૌશલ્ય વિકાસ અને ક્ષમતાવર્ધન માટે તાલીમ આપવાની દિશામાં પ્રેરક બળ બનશે. ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા આ પોલિસી અંગેની ગાઇડ લાઈન્સ પણ તૈયાર કરી દેવામાં આવી છે. જેથી ડેવલપર્સ અને રોકાણકારો માટે અરજી કરવા સહિતની પ્રક્રિયાઓ વધુ સરળ થશે તેમજ પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશનમાં પણ ગતિ આવશે.

જંતર-મંતર જેન-ઝી આંદોલને ૧૨ વર્ષથી ચાલતી નફરતી રાજનીતિને ધ્વસ્ત કરી છે ત્યારે ગ્યાસુદ્દીન શેખનું આહ્વાન

બંધારણ દ્વારા પ્રાપ્ત અધિકારોના રક્ષણ માટે સેક્યુલર હિન્દુ નેતાઓ સાથે મળી ભાઈચારાને પ્રબળ બનાવવા પ્રયાસો કરીએ

અમદાવાદ, તા.૨૭

IMCRના અધ્યક્ષ - પૂર્વ સાંસદ-મોહંમદ અદીબના અધ્યક્ષસ્થાને તા.૨૪ જુલાઈના રોજ નવી દિલ્હી સ્થિત કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે સર્વ સમાજ સહિત વિશેષરૂપે મુસ્લિમ સમાજના બંધારણીય મૌલિક અધિકારોના રક્ષણની વ્યૂહરચના માટે મળેલ ઐતિહાસિક બેઠકમાં ગુજરાતના પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે પોતાના જણાવ્યું હતું કે, ભાજપાની કેન્દ્ર સરકારના ૧૨ વરસના ધર્મ વિશેષ સામેના પૂર્વગ્રહયુક્ત અત્યાચારી શાસનમાં પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબની શાનમાં ગુસ્તાખી, આઝમખાન, તૌકીર રઝાખાન અને ઉમર ખાલિદ સહિતના અનેક મુસ્લિમ ધાર્મિક અને રાજકીય નેતાઓને ખોટા કેસોમાં સંડોવવા, હેટ સ્પીચ (ભડકાઉ ભાષણ), કટ્ટરવાદી તત્ત્વો દ્વારા ખુલ્લેઆમ તલવારો અને ઘાતક હથિયારોનું મુસ્લિમોના ધાર્મિક સ્થળો ખાતે પ્રદર્શન, મસ્જિદ, મદ્રેસા અને કબ્રસ્તાન સહિત મુસ્લિમ સમાજની ગરીબ વસાહતો ઉપર બુલડોઝર કાર્યવાહી દ્વારા ડિમોલિશન કરવું, ભારત-પાકિસ્તાન બોર્ડર પાસેના ૫૦ કિ.મી.ના વિસ્તારમાં મુસ્લિમ ધાર્મિક સ્થળોનું ડિમોલિશન અને ભારતીય વફાદાર મુસ્લિમ પરિવારોનું કેકડાઉન, મુસ્લિમ સમાજના સામૂહિક બહિષ્કારનું જાહેરમાં સોશિયલ મિડિયા મારફતે આહ્વાન આપનારાઓ, મોબ લિંચિંગ, લવ જેહાદ, લેન્ડ જેહાદ, થૂક જેહાદ, મુસ્લિમ મહિલાઓના હિજાબ ખેંચવાની સૌથી શરમજનક બાબત કે જે યુપીએસસી જેહાદના પાયાવિહિન આક્ષેપોના કારણે આઝાદીના ૭૫ વર્ષમાં ૨૦૧૪થી સતત ૧૨ વર્ષ સુધીના સૌથી કપરા કાળ અને યાતનાઓમાંથી મુસ્લિમ સમાજ પસાર થઈ રહ્યો હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

આવા કપરા તેમજ અત્યંત મુશ્કેલ સમયમાં પણ મુસ્લિમ સમાજ ભારતીય સંવિધાન અને ન્યાય પ્રણાલિ પર વિશ્વાસ રાખી ખૂબ જ સંયમપૂર્વક અત્યંત દુઃખ અને અસહ્ય પીડા સાથે પણ મૂંગા મોઢે કટ્ટરવાદી પરિબળોની દરેક યાતનાઓ સહન કરી રહ્યો છે. તેમ જણાવતા તેમણે ઉમેર્યું કે, સદીઓથી બહુમતી હિન્દુ અને મુસ્લિમ સમાજ હંમેશ એકબીજાની ધાર્મિક ભાવનાઓનો આદર કરતા આવ્યા છે. હિન્દુ સમાજમાં સંકુચિત વિચારધારા ધરાવતા લોકો ખૂબ જ ઓછી સંખ્યામાંછે. વિશાળ બહુમતી હિન્દુ સમાજ અનેક બાબતોમાં મુસ્લિમ સમાજ કરતાં પણ સવાયો સેક્યુલર છે. કેટલાક સંકુચિત વિચારધારા ધરાવતા લોકોએ મુસ્લિમ સમાજને પ્રતાડિત કરવાનો પ્રયાસ કર્યો છે ત્યારે પણ હંમેશ સેક્યુલર રાજકીય પક્ષોના હિન્દુ નેતાઓ દ્વારા, ભારતીય ન્યાય પ્રણાલિ, માનવ અધિકારની રક્ષા માટે લડતા કર્મશીલો, દેશના મોટા ગજાના યુ-ટ્યુબર્સો પણ મુસ્લિમ સમાજના સંવૈધાનિક મૌલિક અધિકારો અને રક્ષણ માટે હરહંમેશ પોતાનો પ્રખર રીતે અવાજ બુલંદ કરતા આવ્યા છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, નેતા વિપક્ષ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી છેલ્લા બે માસથી દેશભરમાં નીટ પરીક્ષામાં પેપર લીક મુદ્દે સંસદમાં અને સડક ઉપર ઉતરી આંદોલન ચલાવી રહ્યા હતા તેવા સમયે ઐતિહાસિક રીતે જંતર-મંતર સહિત દેશભરમાં ક્રાંતિકારી જેન-ઝી દ્વારા પેપર લીક સહિતની માગણી તેમજ શિક્ષણ મંત્રીનું રાજીનામું માંગવા માટે અહિંસક રીતે અભૂતપૂર્વક સફળ આંદોલન ચલાવાઈ રહેલ છે. જેમાં ભાજપના શાસકો તેમજ જૂજ પૂર્વગ્રહયુક્ત મેઈન સ્ટ્રીમ મીડિયા દ્વારા દેશમાં છેલ્લા ૧૨ વર્ષથી ચાલી રહેલ ધાર્મિકધ્રુવીકરણની રાજનીતિ, હિન્દુ-મુસ્લિમ, મંદિર-મસ્જિદ, ભારત-પાકિસ્તાનની રાજનીતિ બંધ કરવા, દેશની એકતા અખંડિતતા અને ભાઈચારો જાળવી રાખવા માટે જેન-ઝી દ્વારા જંતર-મંતર સહિત દેશભરમાં સોશિયલ મીડિયા પર બંડ પોકારી વર્તમાન સરકારની એજ્યુકેશન પોલીસીમાં ધરમૂળથી બદલાવ માટે તથા ધાર્મિક ધ્રુવીકરણની રાજનીતિ નહીં પરંતુ દેશની એજ્યુકેશન સિસ્ટમ સહિત સરકારની નિષ્ફળતાઓ ઉજાગર કરી એજ્યુકેશન અને રોજગારીની સમસ્યાઓ સહિત હિન્દુ મુસ્લિમની ધાર્મિક ધ્રુવીકરણની રાજનીતિ બંધ કરી જનતાના મૂળ મુદ્દાઓ વિશે નિર્ભયતાથી પ્રખર રીતે અવાજ બુલંદ કરી દેશમાં ભેદભાવમુક્ત સુશાસન પ્રસ્થાપિત કરવા દેશના લોકોને જાગૃત કરવામાં જેન-ઝી એ અકલ્પનીય સફળતા પ્રાપ્ત કરી છે. ત્યારે તેમણે મુસ્લિમ સમાજે ડર કે ભય રાખ્યા વગર સંવિધાન દ્વારા પ્રાપ્ત થયેલ અધિકારોના રક્ષણ માટે સેક્યુલર હિન્દુ સમાજ અને નેતાઓ સાથે ભેગા મળી સુમેળભર્યા સમન્વય દ્વારા પ્રબળ પ્રયાસો કરવા પર ભાર મૂકવા કહ્યું હતું. આ સાથે વર્તમાન શાસનના અત્યાચાર, સંવૈધાનિક મૌલિક અધિકારોના રક્ષણ માટે વર્તમાન કટ્ટરવાદી વિચારધારા ધરાવતી સરકાર સામે કોઈ એક સંગઠન કે સંસ્થા એકલા હાથે લડત લડવા વર્તમાન સંજોગોમાં મુકાબલો કરવા સક્ષમ નથી તેવા સમયે સંયુક્ત રીતે મસલખ ફીરકાને દરકિનાર કરી મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ, જમિયતે ઉલમા-એ-હિન્દ, જમાતે ઈસ્લામી, અજમેર શરીફ સહિત સૂફી વિચારધારાની ખાનકાઓ અને શિયા સમાજની તમામ સંસ્થાઓને સંલગ્ન કરી સંયુક્ત ફેડરેશન બનાવવા તેમણે આહ્વાન કર્યું હતું.

ધોલેરાના પીપળી ગામે ૧૭૦ જેટલા લોકો ફસાયા હોવાનો કોલ મળ્યો હતો

પીપળી ગામમાં વરસાદી પાણીમાં ફસાયેલા ૫૮ લોકોનું NDRFની ટીમે રેસ્ક્યૂ કર્યું

ગામમાં ફસાયેલા પૈકી ૮૬ લોકોને સલામત બહાર કઢાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૭

અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાના પીપળી ગામે ચોતરફ પાણી ફરી વળતા ભારે કટોકટીભરી સ્થિતિ સર્જાઈ છે.ગામની ચારે બાજુ વરસાદી પાણી ભરાઈ જવાને કારણે અનેક લોકો ફસાઈ ગયા હતા.આ બનાવની જાણ થતાં જ તંત્ર દોડતું થયું હતું અને તાત્કાલિક ધોરણે એનડીઆરએફની ટીમને સ્થળ પર રવાના કરવામાં આવી હતી.એનડીઆરએફની ટીમે સમયસૂચકતા દાખવીને ગામમાં ફસાયેલા લોકોનું સલામત સ્થળે રેસ્ક્યુ કરવાની કામગીરી હાથ ધરી હતી. સ્થાનિક તંત્ર અને એનડીઆરએફ દ્વારા કુલ ૫૮ જેટલા લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી હતી.જે અંતર્ગત જોખમમાં મુકાયેલા ૩૦ બાળકો, ૨૧ મહિલાઓ અને ૭ પુરુષો સહિત તમામ ૫૮ લોકોને સફળતાપૂર્વક રેસ્ક્યુ કરીને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.ભારે વરસાદ બાદ સાબરમતી અને ભોગાવો નદીઓના ઉપવાસમાંથી પાણીની મોટી આવક થતાં આ પરિસ્થિતિનું નિર્માણ થયું હોવાનું સામે આવ્યું છે.હાલ પાણીનું સ્તર વધુ હોવા છતાં NDRFની ટીમ દ્વારા સતત રેસ્ક્યુ કામગીરી કરવામાં આવી રહી છે અને બાકીના લોકોને પણ બહાર કાઢવા માટે ઓપરેશન હજુ પણ ચાલુ જ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જિલ્લા પંચાયતના પ્રમુખ તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો મોટો કાફલો ઘટનાસ્થળે રૂબરૂ પહોંચી ગયો હતો. તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને અસરગ્રસ્તો માટે જરૂરી રહેઠાણ તેમજ ભોજન વગેરેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.દ્રઇઈદ્ધના ઇન્સ્પેક્ટર વસંત તિરગેએ જણાવ્યું હતું કે, ગામમાં ૧૦૦ જેટલા લોકો ફસાયા હોવાનો કોલ મળ્યો હતો. જેના આધારે તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.અત્યાર સુધીમાં સ્થાનિક લોકોને સમજાવીને નાના બાળકો અને વડીલો સહિત ૮૬ લોકોને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા છે.

પરિવારે યુવક પર ત્રાસ આપ્યાનો આક્ષેપ કર્યો

વિદ્યાર્થીનીએ પંખા સાથે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું

કોલેજમાં અભ્યાસ કરતી દીકરીના મોતથી પરિવાર શોકમાં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

પાલ વિસ્તારમાં એક દુઃખદ અને ચકચારભરી ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં ૨૦ વર્ષીય બી.કોમ.ની વિદ્યાર્થીનીએ પોતાના ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મૃતક કાજલકુમારી એસ.ડી. જૈન કોલેજમાં બી.કોમ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. યુવતીના આ અણધાર્યા અને આત્યંતિક પગલાંથી પરિવારજનો ઘેરા શોકમાં ડૂબી ગયા છે.

મૃતક કાજલકુમારીના કાકા મહાવીર યાદવે ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, લાંબા સમયથી એક યુવક તેણીને સતત પરેશાન કરી રહ્યો હતો. આ યુવક મોબાઈલ ફોન પર અવારનવાર મેસેજ મોકલીને માનસિક ત્રાસ આપતો હતો. પરિવારજનોના જણાવ્યા અનુસાર, એક પરિચિત યુવકે કાજલકુમારીને પરેશાન કરનારા શખ્સ સાથેની ચેટિંગના સ્ક્રીનશોટ પણ તેમને આપ્યા છે. યુવકના આ સતત ત્રાસથી કંટાળી જઈને જ કાજલે જીવનલીલા સંકેલી લીધી હોવાનું પરિવારે ઉમેર્યું હતું. મૂળ ઝારખંડના વતની રામલખન યાદવ હાલ પોતાના પરિવાર સાથે પાલ બાગબાન સર્કલ નજીક આવેલા 'સુમન મુદ્રા' જીસ્ઝ આવાસમાં રહે છે. તેઓ ઓટો રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. રામલખન યાદવના સંતાનોમાં ત્રણ પુત્રીઓ અને બે પુત્રો છે, જેમાં કાજલકુમારી અભ્યાસમાં હોંશિયાર હતી. આ મામલે પાલ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવામાં આવતાં પોલીસે જણાવ્યું હતું કે, બનાવ સંદર્ભે ગુનો નોંધી પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી છે. હજુ સુધી પરિવારે યુવકના ત્રાસ અંગેની કોઈ સત્તાવાર લેખિત માહિતી કે ફરિયાદ પોલીસને આપી નથી. પરિવારના સભ્યોના વિગતવાર જવાબો લેવાના બાકી છે. જોકે, પોલીસે ઘટનાસ્થળેથી મૃતક કાજલકુમારીનો મોબાઈલ ફોન કબ્જે લીધો છે અને ચેટ્સ તથા કોલ ડિટેલ્સના આધારે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

સગા ભાઈ-બહેન વ્હીકલ અકસ્માતનો ભોગ બનતા કરૂણાંતિકા

રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ મથક પાસે ટુ-વ્હીલર જોરથી વીજ-થાંભલે ભટકાતા ભાઈ-બહેનનાં કરૂણ મોત

ભાઈનું ઘટના સ્થળે જ મૃત્યુ : નાની બહેનનું સારવાર દરમ્યાન મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૭

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનથી માત્ર ૫૦ મીટરના અંતરે આજે (૨૭મી જુલાઈ) એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલું મોપેડ સ્ટ્રીટ લાઈટના થાંભલા સાથે ધડાકાભેર અથડાતાં સગા ભાઈ બહેનના મોત નિપજ્યા હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે. મળતી માહિતી અનુસાર, ૧૭ વર્ષીય કાવ્ય નિશીથ મહેતા અને તેની બહેન જૈના નિશીથ મહેતા (ઉં. ૧૪) મોપેડ લઈને જતા હતા. મોપેડ નિશીથ મહેતા ચલાવતો હતો. આ દરમિયાન રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન નજીક પહોંચતાં જ તેણે મોપેડ પરનો કાબૂ ગુમાવી દીધો હતો અને મોપેડ સીધું રોડ પર આવેલા સ્ટ્રીટ લાઈટના થાંભલા સાથે અથડાયું હતું. આ દુર્ઘટનામાં કાવ્ય મહેતાનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું, જ્યારે જૈના મહેતાને સારવાર માટે હોસ્પિટલ પહોંચાડાઈ હતી. આ અકસ્માત સમયે કાવ્ય મહેતાની પાછળ બેઠેલી જૈનાને ભારે ઈજા પહોંચી હતી. જૈનાને સારવાર અર્થે તાત્કાલિક SVP હોસ્પિટલ ખસેડાઈ હતી, જ્યાં તેની સારવાર હાથ ધરાઈ હતી. આ સમગ્ર ઘટનાના સીસીટીવી (CCTV) ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં વાહનની સ્પીડ વધુ હોવાના કારણે આ ગોઝારો અકસ્માત સર્જાયો હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. પોલીસે CCTV ફૂટેજના આધારે આગળની કાર્યવાહી હાથ ધરી છે. મોડેથી જાણવા મળ્યા મુજબ સારવાર દરમ્યાન બહેનનું પણ મોત થવા પામ્યું હતું.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા લેવાયો મહત્ત્વનો નિર્ણય

અમદાવાદમાં આવાસના ફાળવાયેલ મકાન ભાડે અપાશે તો જપ્ત કરાશે

પ્રથમવાર ઝડપાશે તો રૂા.૫૦ હજાર દંડ અને સીલ; ત્રીજીવારમાં દસ્તાવેજ રદ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૭

અમદાવાદ શહેરમાં LIG (લો ઈન્કમ ગ્રુપ) અને EWS (ઈકોનોમિકર વીક સેક્શન) આવાસ યોજના મકાનો ૭ વર્ષ સુધી ભાડે આપી શકાતા નથી. તેમ છતાં પણ જો મકાન માલિકો દ્વારા મકાનો ભાડે આપ્યા હોય તો હવે મકાન ૯૦ દિવસ સુધી સીલ કરી દેવાશે અને ઓછામાં ઓછામાં રૂા.૫૦ હજાર દંડ વસૂલ કરવામાં આવશે. જો ૯૦ દિવસ બાદ ફરીથી ભાડે આપેલું પકડાશે તો ૧ લાખ દંડ કરવામાં આવશે અને ત્રીજી વખત પકડાશે તો સીટી સિવિલ કોર્ટમાં દસ્તાવેજ રદ કરાવવામાં આવશે.

મ્યુનિ. કોર્પો.ની હાઉસિંગ કમિટીના ચેરમેન દર્શન શાહે જણાવ્યું હતું કે, અમદાવાદમાં EWS અને LIG પ્રકારના મકાનો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવી ડ્રો મારફતે લાભાર્થીઓને ફાળવવામાં આવે છે. ૭ વર્ષ સુધી મકાનો ભાડે આપી શકાતા નથી છતાં જો કે, કેટલાંક લાભાર્થીઓ મકાનો ભાડે આપી દેતા હોય છે અને ભાડું વસૂલતા હોય છે. મકાનો ભાડે આપી ન શકાતા હોવા છતાં પણ ખરેખર જે વ્યક્તિ લાભાર્થી છે તેના કરતાં બીજા લોકો રહેતા હોય છે. જેના પગલે આજે ૨૭ જુલાઈના રોજ મળેલી હાઉસિંગ કમિટીમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ AMC દ્વારા ફાળવવામાં આવેલા આવાસોમાં ગેરકાયદેસર કબજો જમાવનારાઓ સામે AMCના ઇતિહાસમાં પ્રથમ વખત ગેરકાયદેસર કબજો કરનાર વ્યક્તિ વિરૂદ્ધ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને જરૂરિયાતમંદ લોકો માટે અગાઉ ૧૦ હજારથી વધુ ફ્લેટ બનાવવાનો નિર્ણય કર્યો હતો. પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના લોકો માટે પ્રતિ મકાન ૭ લાખ, LIG (લો ઈન્કમ ગ્રુપ) પ્રકારના 2BHK મકાન રૂા.૨૮થી ૩૦ લાખમાં મળશે. જ્યાં મોટા પ્રમાણમાં વિસ્તાર અને જર્જરીત મકાનો થઈ ગયા હોય ત્યાં રીડેવલોપમેન્ટ પણ કરવામાં આવશે. તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો.

વહેલી સવારના ભારે વરસાદના પગલે અનેક સ્કૂલોએ રજા જાહેર કરી દીધી

સવારે ચાલુ રહેલી સ્કૂલોમાં પાંખી હાજરી; બપોર પાળીની સ્કૂલો ચાલુ રહી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૭

અમદાવાદ શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારે ખાબકેલા ભારે વરસાદને કારણે જનજીવન અને શિક્ષણ કાર્ય પર તેની વ્યાપક અસર જોવા મળી છે. વરસાદ અને વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને શહેર તથા ગ્રામ્ય વિસ્તારની અનેક શાળાઓ દ્વારા તાત્કાલિક ધોરણે રજા જાહેર કરી દેવામાં આવી હતી. જ્યારે અમુક સ્કૂલો ચાલુ રહી હતી, પરંતુ વિદ્યાર્થીઓની હાજરી પાંખી જણાઈ હતી. જોકે, સવારે વરસાદે વિરામ લઈ લેતા બોપર પાળીની સ્કૂલો રાબેતા મુજબ ચાલુ રહી હતી. વરસાદી માહોલ અને વોટરલોગિંગની સમસ્યાને ધ્યાને રાખીને અમદાવાદ શહેર અને ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી (DEO) દ્વારા શાળાઓને સુચના અપાઈ હતી કે, તેઓ પોતાના વિસ્તારની સ્થાનિક અને ભૌગોલિક પરિસ્થિતિ તેમજ વરસાદની તીવ્રતાને ધ્યાને રાખીને રજા અંગે વિવેકબુદ્ધિથી નિર્ણય લઈ શકશે. આ સત્તા મળતા જ વહેલી સવારથી શરૂ થયેલા ભારે વરસાદ વચ્ચે મોટાભાગની ખાનગી અને સરકારી શાળાઓએ વિદ્યાર્થીઓના હિતમાં રજા જાહેર કરી દીધી હતી. જે શાળાઓમાં વહેલી સવારે શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવામાં આવ્યું હતું, ત્યાં પણ વિદ્યાર્થીઓની ખૂબ જ પાંખી હાજરી જોવા મળી હતી. વાલીઓએ પણ બાળકોની સુરક્ષાને પ્રાથમિકતા આપીને તેમને શાળાએ મોકલવાનું ટાળ્યું હતું. જોકે, સવારે સતત બે કલાક સુધી અવિરત વરસ્યા બાદ વરસાદનું જોર ઘટ્યું હતું અને મેઘરાજાએ વિરામ લીધો હતો. વરસાદ રોકાઈ જતાં અને બપોરની પાળીમાં ચાલતી શાળાઓ પોતાના નિર્ધારિત સમયે રાબેતા મુજબ ચાલુ રહી હતી. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ અમદાવાદ શહેર અને જિલ્લામાં વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. આ પરિસ્થિતિને જોતાં આગામી દિવસોમાં પણ સ્થાનિક હવામાન અને વિસ્તારોની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શાળા સંચાલકો પોતાના સ્તરે શાળા ચાલુ રાખવી કે રજા જાહેર કરવી તે અંગે નિર્ણય લઈ શકશે.

વરસાદના હમણાં સુધીના રાઉન્ડમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં ખાબકયો

રાજ્યભરમાં ચોમાસાની સિઝનમાં ૭૧ નાં મોત : કુલ ૫૪.૨૮ ટકા વરસાદ પડયો

બે નેશનલ હાઈવે સહિત ૨૦૮ રસ્તા હજુ બંધ; કુલ ૫૩ હજારનું સ્થળાંતર

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતના અનેક જિલ્લાઓમાં સતત વરસાદ પડી રહ્યો છે. ઘણી જગ્યાએ પાણી ભરાયા છે. ભારે વરસાદને કારણે જનજીવન પર અસર પડી છે. અનેક જગ્યાએ રસ્તાઓ પણ બંધ થયા છે. આ સિવાય તંત્રએ નીચાણવાળા વિસ્તારોમાં હજારો લોકોનું સ્થાળાંતર કર્યું છે. ગુજરાતમાં વર્તમાન ચોમાસામાં અત્યાર સુધી ૪૯૩.૩૧ મિમી વરસાદ પડ્યો છે. તો કુલ ૭૧ લોકોના મૃત્યુ થયાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે.

રાજ્ય સરકારે આપેલી માહિતી પ્રમાણે રાજ્યમાં સિઝનનો કુલ ૫૪.૨૮ ટકા (૪૯૩.૩૧ મિમી) વરસાદ નોંધાયો છે. ઝોન વાઈઝ જોવામાં આવે તો દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૭૭.૯૨ ટકા વરસાદ પડ્યો છે. જ્યારે દક્ષિણ-મધ્ય ગુજરાતમાં ૪૫.૫૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૩.૭૫ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૪૧.૨૫ ટકા વરસાદ પડ્યો છે. રાજ્યમાં સૌથી ઓછો વરસાદ કચ્છમાં પડ્યો છે. કચ્છમાં અત્યાર સુધી માત્ર ૧૯.૦૫ ટકા વરસાદ પડ્યો છે. ગુજરાતમાં સતત પડી રહેલા ભારે વરસાદને કારણે લોકોએ પોતાના જીવ પણ ગુમાવ્યા છે. રાજ્યમાં ૨૨ જુલાઈથી શરૂ થયેલા ભારે વરસાદને કારણે ૪૬ લોકોના મોત થયા છે. આ પહેલાં સુરતમાં ખાડીપૂર સમયે ૨૫ લોકોના મોત થયા હતા. આમ અત્યાર સુધીમાં ગુજરાતમાં વરસાદને કારણે કુલ ૭૧ માનવ મૃત્યુ થયા છે.

ગુજરાતમાં વરસાદની સાથે જળાશયોમાં નવા પાણીની આતક થઈ રહી છે. ગુજરાતમાં ૨૦૬ જળાશયો કુલ ક્ષમતાના ૪૫.૪૧ ટકા ભરાયા છે. ૧૩ ડેમ એવા છે જે ૧૦૦ ટકા સંપૂર્ણ ભરાયા છે. ૭૦થી ૧૦૦ ટકા ભરાયેલા ડેમોની સંખ્યા ૨૬ છે. રાજ્યમાં ૨૧ ડેમ હાઈ એલર્ટ પર છે. જ્યારે ૫ ડેમ એલર્ટ અને ૧૩ ડેમ વોર્નિંગ પર રાખવામાં આવ્યા છે. રાજ્

જો મારી પાસે સત્તા હોત તો જંતર મંતર પર પ્રદર્શનકારીઓને 'ગોળી મારી દેત': કેરળના RSS વિચારધારક ટી.જી. મોહનદાસનું વિવાદાસ્પદ નિવેદન

મહિલા પ્રદર્શનકારીઓ વિશે કરી અશ્લીલ અને આપત્તિજનક ટિપ્પણી; કહ્યું - "ડાબેરી અને બહુજન જૂથોની મહિલાઓને બળાત્કાર પસંદ છે"

(એજન્સી)નવી દિલ્હી/તિરૂવનંતપુરમ, તા.૨૭

કેરળના આરેસએસ (RSS) વિચારધારક અને ભાજપના વરિષ્ઠ નેતા ટી.જી. મોહનદાસે એક ભારે વિવાદ ઊભો કર્યો છે. તેમણે ખુલ્લેઆમ કહ્યું છે કે જો તેમની પાસે અધિકાર કે સત્તા હોત, તો તેઓ દિલ્હીના જંતર મંતર પર વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ અને યુવાનો પર ગોળીબાર કરાવીને તેમને સ્થળ પર જ પતાવી દેત. આ સિવાય તેમણે આંદોલનમાં સામેલ મહિલાઓ સામે પણ અત્યંત આપત્તિજનક અને મહિલા વિરોધી ટિપ્પણીઓ કરી છે. યુટ્યુબ ચેનલ 'પત્રિકા' સાથેની વાતચીતમાં મોહનદાસે આક્રમક વલણ અપનાવતા કહ્યું હતું કે, "જો હું પ્રશાસનનો હવાલો સંભાળતો હોત, તો જંતર મંતરના ચાર ચોરસ કિલોમીટરના વિસ્તારમાં કરફ્યુ લાદી દેત. હું લોકોને વિખેરાઈ જવા માટે ત્રણ વાર વિનંતી કે સૂચના આપત અને ત્યારબાદ ગોળીબારનો આદેશ આપી દેત. લોકો ભાગી જશે, કેટલાક માર્યા જશે, કેટલાક બચી જશે તો કેટલાક પોતાના અંગો ગુમાવશે. માત્ર ચાર કલાકમાં સ્થિતિ શાંત થઈ જશે અને ત્યારબાદ મૃતદેહોને હોસ્પિટલ પહોંચાડી દેવામાં

આવશે." મોહનદાસે પ્રદર્શનકારીઓને 'ગુનેગાર' ગણાવ્યા હતા અને આક્ષેપ કર્યો હતો કે જો તેમને મુક્ત છોડી દેવામાં આવે તો તેઓ હત્યા અને બળાત્કાર જેવા ગુનાઓ કરશે. તેમણે દાવો કર્યો હતો કે જો ત્યાંથી પોલીસ હટાવી લેવામાં આવે તો હત્યાઓ અને બળાત્કારો થવા લાગશે. આટલું જ નહીં, મહિલા પ્રદર્શનકારીઓને નિશાન બનાવતા તેમણે અત્યંત નીચલા સ્તરની ટિપ્પણી કરી હતી અને કહ્યું હતું કે આંદોલનકારીઓમાં "બળાત્કાર પસંદ કરતી મહિલાઓ" પણ સામેલ છે. તેમણે ઉમેર્યું હતું કે, "ત્યાં સામૂહિક બળાત્કાર થશે અને ભગવાનની દયાથી કોઈ ફરિયાદ પણ નહીં થાય. આ એવા લોકોનું જૂથ છે જેમને બળાત્કાર ગમે છે, ખાસ કરીને ડાબેરી, લોકશાહી, બિનસાંપ્રદાયિક અને બહુજન જૂથોમાં આવી મહિલાઓ અને છોકરીઓ છે." ઉલ્લેખનીય છે કે, દેશના શિક્ષણ ક્ષેત્રની નિષ્ફળતાઓ અને અન્ય મુદ્દાઓને લઈને નરેન્દ્ર મોદી સરકાર સામે જંતર મંતર તથા દેશભરમાં વિદ્યાર્થીઓ અને યુવાનો દ્વારા એક ઐતિહાસિક વિરોધ પ્રદર્શન ચલાવવામાં આવ્યું હતું. ભારે પોલીસ દમન છતાં એક મહિના સુધી ચાલેલું આ આંદોલન આખરે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ સમાપ્ત થયું હતું, જે પ્રદર્શનકારીઓની મુખ્ય માંગણીઓમાંથી એક હતી. આ વિવાદાસ્પદ નિવેદન આપનાર ટી.જી. મોહનદાસ ભૂતકાળમાં પણ પોતાના ઉશ્કેરણીજનક નિવેદનો માટે ટીકાઓનો ભોગ બની ચૂક્યા છે. તેઓ ભારતીય જનતા પાર્ટીના 'ઇન્ટેલેક્ચ્યુઅલ સેલ'ના રાજ્ય સંયોજક રહી ચૂક્યા છે. આ ઉપરાંત, તેઓ ૧૯૯૭માં 'ભારતીય વિચાર કેન્દ્રમ'ના જનરલ સેક્રેટરી અને ૨૦૦૬માં તેના વાઇસ પ્રેસિડેન્ટ રહ્યા હતા. તેમણે આરએસએસ સાથે જોડાયેલી કંપની 'અયોધ્યા પ્રિન્ટર્સ' અને ભાજપના મુખપત્ર અખબાર 'જનમભૂમિ'માં પણ જનરલ મેનેજર તરીકે સેવાઓ આપેલી છે.

બિહાર : આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓ પર કડક કાર્યવાહી; AK-47થી ફાયરિંગ કરનાર પોલીસકર્મીને સસ્પેન્ડ કરાયો; RJD નેતા સુપ્રીમ કોર્ટમાં ગયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી સાથે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન બાદ બિહારમાં પોલીસ કાર્યવાહી વધુ તીવ્ર બની છે. વિવિધ જિલ્લાઓમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી છે, અનેક કિસ્સાઓમાં FIR નોંધવામાં આવી છે અને પોલીસ દ્વારા વધુ પડતા બળપ્રયોગના આરોપો સામે આવ્યા છે. આ દરમિયાન, સિવાનમાં પ્રદર્શનકારીઓ પર AK-47 ફાયરિંગ કરનાર પોલીસકર્મીને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે, જ્યારે RJD સાંસદ મનોજ કુમાર ઝાએ સમગ્ર મામલા અંગે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે.

બિહારના સિવાનમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન AK-47 ફાયરિંગ કરનાર પોલીસ અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. આંદોલન બાદ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી છે અને તેમની સામે કેસ નોંધવામાં આવ્યા છે. દરમિયાન, પોલીસ દ્વારા વધુ પડતા બળપ્રયોગના આરોપો વચ્ચે RJD સાંસદ મનોજ ઝાએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે અને પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કરનારા પોલીસ અધિકારીઓ સામે FIR નોંધવાની માંગ કરી છે

૨૫ જુલાઈના રોજ 'બિહાર બંધ' દરમિયાન, પટના, સિવાન, જહાનાબાદ, સારણ, ભાગલપુર અને સીતામઢી સહિત અનેક જિલ્લાઓમાં વિરોધ પ્રદર્શન હિંસક બન્યા. ઘણી જગ્યાએ પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણ થઈ; વાહનોમાં તોડફોડ કરવામાં આવી અને પોલીસે લાઠીચાર્જ, ટીયર ગેસના શેલિંગ અને--કેટલીક જગ્યાએ-ફાયરિંગનો આશરો લીધો.

સિવાનમાં AK-47 ફાયરિંગ; પોલીસકર્મીને સસ્પેન્ડ કરવામાં આવ્યો

ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ, ૨૫ જુલાઈના રોજ સિવાનમાં વિદ્યાર્થીઓના વિરોધ દરમિયાન AK-47 ફાયરિંગ કરનાર પોલીસકર્મીની ઓળખ અભિષેક પટેલ તરીકે થઈ છે, જે જિલ્લા ગુપ્તચર એકમમાં તૈનાત કોન્સ્ટેબલ છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં, વાદળી હેલ્મેટ અને બુલેટપ્રૂફ જેકેટ પહેરેલા પટેલ - AK-47 ફાયરિંગ કરતી વખતે પ્રદર્શનકારીઓ તરફ આગળ વધતા જોવા મળે છે. આ વીડિયોમાં ઓછામાં ઓછી એક ગોળી ચલાવવામાં આવી રહી હોવાના અવાજ અને દ્રશ્યો કેદ કરવામાં આવ્યા છે, જોકે સૂત્રોના હવાલાથી અહેવાલો દર્શાવે છે કે ઘટનાસ્થળે ચારથી પાંચ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આ ઘટના બાદ, સિવાનના પોલીસ અધિક્ષક (SP) પૂરણ કુમાર ઝાએ જણાવ્યું હતું કે કોન્સ્ટેબલ અભિષેક પટેલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને તેમની સામે વિભાગીય તપાસ શરૂ કરવામાં આવી છે.

તેમણે ઉલ્લેખ કર્યો હતો કે વિરોધ પ્રદર્શન દરમિયાન ગોળીબાર ન કરવા માટે પોલીસને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે, અને કોન્સ્ટેબલે કયા સંજોગોમાં AK-47નો ઉપયોગ કર્યો તે નક્કી કરવા માટે તપાસ ચાલી રહી છે.

ઈન્ડિયા ટુડે અનુસાર, સ્થાનિક અહેવાલો દાવો કરે છે કે ગોળીબારમાં ત્રણ પ્રદર્શનકારીઓ ઘાયલ થયા છે; તેઓ હાલમાં પટનાની જયપ્રભા મેદાંતા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, અને તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળે છે. ઘાયલોમાં ૧૫ વર્ષનો મોહમ્મદ આરીફ પણ છે. તેના પરિવારે જણાવ્યું હતું કે તે 'બંધ' (બંધ) દરમિયાન પોતાની દુકાન બંધ કરીને ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે તેને ગળામાં ગોળી વાગી હતી. ડોક્ટરોએ બાદમાં સર્જરી દ્વારા ગોળી કાઢી નાખી હતી. જો કે, SP પૂરણ કુમાર ઝાએ પીટીઆઈને જણાવ્યું હતું કે પોલીસ ગોળીબારમાં કોઈ ઘાયલ થયાની કોઈ પુષ્ટિ થઈ નથી.

સિવાન ઉપરાંત, ૨૪ જુલાઈના રોજ જહાનાબાદથી પણ હિંસક વિરોધ પ્રદર્શનો દરમિયાન પોલીસ ગોળીબારના અહેવાલો સામે આવ્યા હતા.

વિદ્યાર્થીઓ પર AK-47ના ઉપયોગની નિંદા કરતા, બિહારના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન અને RJD નેતા તેજસ્વી યાદવે X પર લખ્યું, 'બિહારના મુખ્ય પ્રધાન - સાત હત્યાના કેસોમાં આરોપી - એક શેરી સ્તરના ગુનેગાર છે જેમણે બધી લોકશાહી પરંપરાઓનો ત્યાગ કર્યો છે અને દેશમાં પહેલી વાર વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર AK-47 ગોળીબાર કરવાનો આદેશ આપ્યો છે. વિદ્યાર્થીઓ સાથે કરાર થયા પછી પણ, હજારો લોકોની અટકાયત કરવામાં આવી રહી છે અને ખોટા કેસોમાં કેસ દાખલ કરવામાં આવી રહ્યા છે, અને તેમના પરિવારોને હેરાન કરવામાં આવી રહ્યા છે. જો વિદ્યાર્થીઓને મુક્ત કરવામાં નહીં આવે, તો NDA સરકારને ભારે કિંમત ચૂકવવી પડશે.'

પટણામાં સામૂહિક ધરપકડ

૨૨ અને ૨૫ જુલાઈના રોજ થયેલા વિરોધ પ્રદર્શનો બાદ પટણામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વિરોધીઓની અટકાયત કરવામાં આવી હતી. વિરોધીઓએ દાવો કર્યો હતો કે લગભગ ૨૦૦ લોકોની અટકાયત કરવામાં આવી હતી, જ્યારે પોલીસે જણાવ્યું હતું કે ૨૫ જુલાઈના રોજ થયેલી હિંસાના સંદર્ભમાં ૮૬ વ્યક્તિઓને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા, જ્યારે ૬૦ અન્ય - જેમાં મહિલાઓ અને સગીરોનો સમાવેશ થાય છે - ને વ્યક્તિગત બોન્ડ પર મુક્ત કરવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, ૨૨ જુલાઈના વિરોધ પ્રદર્શનના સંદર્ભમાં શહેરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૨૩ FIR નોંધવામાં આવી હતી અને ૬૭ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અનુસાર, કાનૂની સહાય પૂરી પાડતી એડવોકેટ આકાંક્ષા શાહીએ દાવો કર્યો હતો કે ધરપકડ કરાયેલા લોકોમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ છે, જેમાં ઘણા સગીરોનો પણ સમાવેશ થાય છે.

તેણીએ આરોપ લગાવ્યો હતો કે ઘણા પરિવારોને સમયસર અટકાયત વિશે જાણ કરવામાં આવી ન હતી. દરમિયાન, વિરોધ કરનારા સંગઠનો દાવો કરે છે કે ઘણા લોકોને ફક્ત વિરોધ સ્થળની નજીક હોવાને કારણે અટકાયતમાં લેવામાં આવ્યા હતા.

અનેક જિલ્લાઓમાં ડઝનબંધ FIR

અધિક પોલીસ મહાનિર્દેશક (કાયદો અને વ્યવસ્થા) કે. સુહિતા અનુપમના જણાવ્યા અનુસાર, ૨૫ જુલાઈના રોજ 'બિહાર બંધ' દરમિયાન થયેલી હિંસા અંગે સારણ, સિવાન, ભાગલપુર, સીતામઢી અને જહાનાબાદમાં FIR નોંધવામાં આવી છે.

પોલીસ ડેટા દર્શાવે છે કે સારણમાં ૫૬, સિવાનમાં ૨૫, સીતામઢીમાં ૧૩ અને જહાનાબાદમાં ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે ભાગલપુરમાં ૪૧ નામાંકિત આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

પોલીસે એવું પણ જણાવ્યું હતું કે હિંસા દરમિયાન ૧૯ સરકારી વાહનો અને એક ખાનગી વાહનને નુકસાન થયું હતું, અને ૫૮ પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા.

રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર હુમલો કર્યો

આ દરમિયાન, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બિહાર અને દિલ્હીમાં વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહી અંગે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા. તેમણે આરોપ લગાવ્યો કે સરકાર વિદ્યાર્થીઓના અવાજને દબાવવા માટે AK-47 અને પેલેટ ગનનો ઉપયોગ કરી રહી છે.... યુક્તિઓનો ઉપયોગ કરી રહ્યું છે...

રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને વિદ્યાર્થીઓ સામે FIR દાખલ ન કરવા અને તેમની મુક્તિ અંગે આપવામાં આવેલા આશ્વાસનોની સ્થિતિ અંગે પ્રશ્ન કર્યો.

મનોજ કુમાર ઝા સુપ્રીમ કોર્ટમાં ગયા

RJD સાંસદ મનોજ કુમાર ઝાએ પોલીસ કાર્યવાહી સામે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. તેમણે માંગ કરી છે કે પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કરનારા પોલીસ અધિકારીઓ સામે FIR નોંધવામાં આવે અને તેમની સામે ફોજદારી અને વિભાગીય કાર્યવાહી શરૂ કરવામાં આવે.

આ અરજીમાં ઘાયલ પ્રદર્શનકારીઓ માટે વળતર અને તબીબી ખર્ચ કવરેજ, વિદ્યાર્થીઓને ધાકધમકી કે અટકાયત પર રોક લગાવવા અને ૨૦ જુલાઈથી ૨૫ જુલાઈ દરમિયાન વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનમાં સામેલ વ્યક્તિઓ સામે નોંધાયેલી તમામ FIR અંગે સંપૂર્ણ વિગતો જાહેર કરવાની પણ વિનંતી કરવામાં આવી છે.

આ અરજી મંગળવારે સુનાવણી માટે સૂચિબદ્ધ છે જેમાં ૨૦ જુલાઈના રોજ 'સંસદ માર્ચ' દરમિયાન દિલ્હી પોલીસ દ્વારા પ્રદર્શનકારીઓ સામે અતિશય બળપ્રયોગનો આરોપ લગાવતા અન્ય કેસોની સાથે છે.

AISA સરકાર પર વચનો તોડવાનો આરોપ લગાવે છે

દરમિયાન, ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન (AISA)એ આરોપ લગાવ્યો છે કે બિહાર સરકારે વાતચીતને બદલે દમનનો માર્ગ પસંદ કર્યો છે. સંગઠને જણાવ્યું હતું કે ભાજપ પ્રમુખ જેપી નડ્ડા અને કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ દ્વારા આપવામાં આવેલા આશ્વાસનો છતાં, વિદ્યાર્થીઓની ધરપકડ, ખોટા કેસ દાખલ કરવા અને દંડાત્મક કાર્યવાહી ચાલુ છે.

તેના રાષ્ટ્રીય અધ્યક્ષ નેહાને બિહાર મોકલવાની જાહેરાત કરતા, સંગઠને જણાવ્યું હતું કે તે ધરપકડ કરાયેલા વિદ્યાર્થીઓને મળશે, વહીવટીતંત્ર સાથે વાતચીત કરશે અને તમામ વિદ્યાર્થીઓની તાત્કાલિક મુક્તિ તેમજ ખોટા કેસ પાછા ખેંચવાની માંગ કરશે.

AISAએ જણાવ્યું હતું કે તે ત્રણ મોરચે પોતાનો સંઘર્ષ ચાલુ રાખશેઃ રાજકીય, કાનૂની અને જન આંદોલનો.

કોકરોચ જનતા પાર્ટી પણ ચિંતા વ્યક્ત કરે છે

કોકરોચ જનતા પાર્ટી (CJP)એ બિહાર, તેમજ આસામ અને પશ્ચિમ બંગાળમાં વિદ્યાર્થીઓની ધરપકડ અને અટકાયત અંગેના અહેવાલો પર પણ ચિંતા વ્યક્ત કરી છે.

સંગઠને જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર તરફથી ખાતરી મળ્યા પછી જ તેણે પોતાનું રાષ્ટ્રવ્યાપી આંદોલન સ્થગિત કર્યું હતું કે કોઈપણ પ્રદર્શનકારીઓ સામે કોઈ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં. પાર્ટીએ માંગ કરી છે કે કેન્દ્ર સરકાર - ખાસ કરીને જે.પી. નડ્ડા અને ડૉ. જીતેન્દ્ર સિંહ - ધરપકડ કરાયેલા તમામ લોકોને તાત્કાલિક મુક્ત કરીને અને નોંધાયેલા એફઆઈઆર પાછા ખેંચીને પોતાના વચનનું પાલન કરે.

સીજેપીએ જણાવ્યું હતું કે જો સરકાર પોતાના વચનથી પાછી હટી જાય છે, તો તે ફક્ત સંગઠન સાથે જ નહીં પરંતુ સંઘર્ષને બદલે સંવાદનો માર્ગ પસંદ કરનારા લાખો યુવાનો સાથે પણ વિશ્વાસઘાત સમાન હશે. સંગઠને ચેતવણી આપી હતી કે જો તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો તે ભવિષ્યના પગલાં અંગે નિર્ણય લેશે.

શું ૨૦૨૬માં હાર પછી મમતા બેનરજી ૧૯૭૭ના ઈન્દિરા ગાંધીની જેમ પરત ફરશે ? : નિષ્ણાતો શું કહે છે

તેમની વચ્ચે સમાનતાઓ આશ્ચર્યજનક છે, એક તો બંગાળના પૂર્વ મુખ્યમંત્રીના તાજેતરના કાર્યો દર્શાવે છે કે, તેમનો સૂર્યાસ્ત થવાનો કોઈ ઈરાદો નથી

(એજન્સી) તા.૨૭

શું ૨૦૨૬ની ચૂંટણીમાં હારી ગયેલા મમતા બેનરજી ૧૯૭૭ના ઈન્દિરા ગાંધીની જેમ પાછા આવી શકે છે ? આ એક પ્રશ્ન છે જે સમગ્ર બંગાળમાં ગુંજી રહ્યો છે કારણ કે, પૂર્વ મુખ્યમંત્રીના તાજેતરના કાર્યો દર્શાવે છે કે, તેમનો સૂર્યાસ્ત દેખાઈ રહ્યો નથી. મમતા બેનરજીની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસ ૨૧ જુલાઈની રેલી અંગે એક પોલીસ એફઆઈઆર છે. કોલકાતાના હેસ્ટિંગ્સ પોલીસ સ્ટેશને ગુરૂવારે કેથેડ્રલ રોડ પર તૃણમૂલની શહીદ દિવસની રેલી દરમિયાન કલકત્તા હાઈકોર્ટના નિર્દેશોનું ઉલ્લંઘન કરવાના આરોપમાં તેમની સામે કેસ નોંધ્યો હતો. નિર્દેશ એ હતો કે, પાર્ટીએ 'સહભાગીઓની સંખ્યા ૨૫૦૦થી ઓછી રાખવાનો પ્રયાસ કરવો જોઈએ.'

મમતાની રેલીમાં ભાગ લેવાનું પસંદ કરનારા કાર્યકરોની સંખ્યા હાઈકોર્ટના નિર્દેશ દ્વારા સૂચવેલા આંકડાને મોટા અંતરથી વધી ગઈ હતી. બંગાળ વિધાનસભા ચૂંટણીમાં કારમી હારના લગભગ ત્રણ મહિના પછી મમતા ૧૯૭૭ પછીના ઈન્દિરા ગાંધીના રાજકીય નાટક શરૂ કરી રહી હોય તેવું લાગે છે, તેમના પક્ષ અને તેમની છબી બંનેને ફરીથી બનાવવા માટે મુકાબલો કરી રહી છે.

૧૯૭૭ના ઈન્દિરા અને ૨૦૨૬ની મમતા વચ્ચે સમાનતાઓ છે અને મમતા પણ તેમની જેમ જ લડવાની ક્ષમતા ધરાવે છે. જવાહરસરકાર, પૂર્વ અમલદાર અને રાજ્યસભા સાંસદે જણાવ્યું કે, ૧૯૭૭માં જ્યારે કોંગ્રેસ સરકાર પડી ગઈ હતી, ત્યારે સત્તા ગુમાવ્યાના ત્રણ મહિના પછી રાજ્યની ચૂંટણીઓની જાહેરાત થઈ ત્યારે ઈન્દિરા ચૂંટણી પ્રચારમાં કૂદી પડ્યા હતા. નીરજા ચૌધરીના પુસ્તક હાઉ પ્રાઇમ મિનિસ્ટર્સ રિસાઈડ અનુસાર પ્રચાર દરમિયાન ઈન્દિરાએ અંબિકા સોનીને કહ્યું હતું કે, રડવાનું બંધ કરો. તમારે તમારા ૩૨ દાંત બતાવવા પડશે અને હંમેશા ખુશ દેખાવું પડશે. તમારે જાડી ચામડી વિકસાવવી પડશે, પાનું ફેરવવું પડશે અને આગળ વધવું પડશે.

સત્તામાંથી બહાર ફેંકાયા પછી મમતાના કાર્યો તે દિશાઓનું પાલન કરતા જોઈ શકાય છે. મમતા પાસે કરિશ્મા છે. તે ૨૧ જુલાઈએ સાબિત થયું. ઈન્દિરા અને મમતાને સમાન સમસ્યાઓ હતી. બંને આગળ વધતા રહ્યા. મમતાનો સૌથી મોટો ફાયદો એ છે કે, તે પાપીઓથી મુક્ત થઈ ગઈ છે. મમતાએ ૨૧ જુલાઈના રોજ મંચ પરથી કહ્યું કે, ભાજપના દલાલ તરીકે કામ કરવાનું બંધ કરો. તે ચોરો ભાજપમાં ગયા છે. હું તેમને ક્યારેય પાછા નહીં લઈશ. જો તમારામાંથી વધુ લોકો જશે તો મને વધુ ખુશી થશે. મારા યુવાનો અને વિદ્યાર્થીઓ, યુવાન અને વૃદ્ધ કાર્યકરો દરેક ખાલી જગ્યા ભરવા માટે હાજર છે. મમતા અને ૧૯૭૭ના ઈન્દિરા વચ્ચે બીજી પણ ઘણી સમાનતાઓ છે. ઈન્દિરાને લાગ્યું કે મોરારજી દેસાઈએ તેમના ઘરની તપાસ કરી હતી. તેના કારણે તેણી બગીચામાં મુલાકાતીઓ જોવા લાગી હતી. મમતા બરૂઈપુર જઈ શકી નહીં, જ્યાં ૧૧ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો અને તેની હત્યા કરવામાં આવી હતી કારણ કે, તેમના કાલીઘાટના ઘર અને બેરિકેડની સામે એક વિશાળ પોલીસ અને અર્ધલશ્કરી ટુકડી તૈનાત કરવામાં આવી હતી. તેણીએ આરોપ લગાવ્યો કે તેણીને 'ઘરમાં નજરકેદ' કરવામાં આવી હતી.

ઈન્દિરાએ આધ્યાત્મિકતાનો આશરો લીધો અને હરિદ્વારમાં આનંદમયી માના દર્શન કર્યા. મમતાએ ચૂંટણીમાં હારના થોડા દિવસોમાં જ કાલી મંદિરની મુલાકાત લીધી હતી. ઈન્દિરાએ આ તબક્કા દરમિયાન તેમના ખાસ રાજ નારાયણ અને જયપ્રકાશ નારાયણને પણ મળ્યા. મમતા તેમની હારના થોડા દિવસોમાં જ સોનિયા અને રાહુલ ગાંધીને મળ્યા હતા. સીબીઆઈ દ્વારા ઈન્દિરાની ધરપકડ કરવામાં આવી હતી. નીરજા ચૌધરીના

મતે અને તે તેમનો વળાંક હતો. મમતાના ભત્રીજા-ઉત્તરાધિકારી અભિષેક બેનરજી સામે ઘણા કેસ દાખલ કરવામાં આવ્યા છે પરંતુ હજુ સુધી તેમની સામે કોઈ કેસ દાખલ કરવામાં આવ્યો નથી. જેમ તેમના પુત્ર સંજય ઈન્દિરા માટે સમસ્યા હતા, તેમ મમતાને અભિષેકમાં ભત્રીજાની સમસ્યા છે, જેની સામે તેમના પૂર્વ સમર્થકો બોલી રહ્યા છે.

૧૯૭૭ની જનતા પાર્ટી અને બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીની સરકારની તુલના કરવામાં આવે તો આ સમાનતાઓ વધુ મજબૂત બને છે. સુવેન્દુ મમતાને તક આપી રહ્યા છે, ફેરિયાઓને બહાર કાઢવા, રેડ રોડ પરથી મુસ્લિમોને બહાર કાઢવા, ચોક્કસ સ્થળોએ બુલડોઝર ચલાવવા અને તે ખૂબ જ ઝડપથી પગલાં લઈ રહ્યા છે. ઉત્તર ભારતીય યોગી આદિત્યનાથ શૈલીના રાજ્યના દાવા મમતાને તક આપે છે.

તેણીએ ૨૧ જુલાઈના રોજ કહ્યું કે, હું હવે એક જિલ્લાથી બીજા જિલ્લામાં મુસાફરી કરીશ, પોલીસ અમને ક્યાંય પરવાનગી આપી રહી નથી. હું હાર માનીશ નહીં. જો મને પરવાનગી નકારવામાં આવશે, તો હું રસ્તા પર ચાલીશ ! તેણીએ ભારપૂર્વક કહ્યું કે, જો દિલ્હીમાં સરકાર ડગમગી જશે તો કોલકાતાની સરકાર પણ હચમચી જશે.

સિરકારે કહ્યું કે, નરેન્દ્ર મોદી સરકાર નબળી પડી ગઈ છે. સમગ્ર ભારતમાં ભાજપ હવે દુશ્મન છે, તે હવે દબંગ, ચાલાક બળ નથી. તેમણે અનુભવ્યું કે રામ મંદિર દાન ચોરી કૌભાંડ અને કોકરોચ જનતા પાર્ટીના વિરોધ, જેના કારણે ધર્મેન્દ્ર પ્રધાનને કેન્દ્રીય શિક્ષણ મંત્રી તરીકે રાજીનામું આપવું પડ્યું આ મુદ્દાઓએ કેન્દ્રને હચમચાવી નાખ્યું છે.

પરંતુ TISS, મુંબઈના વાઈસ ચાન્સેલર અને રિપબ્લિક ઓફ હિન્દુત્વના લેખક પ્રોફેસર બદ્રી નારાયણે જણાવ્યું કે, મમતા માટે પડકાર ખૂબ જ મુશ્કેલ છે. ઈન્દિરાના સમયમાં, વિરોધ પક્ષ વિભાજીત થઈ ગયો હતો, હવે ભાજપ ખૂબ જ સંગઠિત છે. તમે મેગા અને મેટા સામે લડી રહ્યા છો. મને મમતા ઈન્દિરાની જેમ પાછી આવશે એવું દેખાતું નથી. નારાયણ માને છે કે, શેરી રાજકારણ ભાજપના 'સામાજિક રાજકારણ' સામે લડવામાં મદદ કરશે નહીં. જો ભાજપ સત્તામાં આવે છે, તો તેઓ તેઓ સત્તા વિરોધી ભાવનાને મંજૂરી આપતા નથી. સમાજમાં પરિવર્તન આવી રહ્યું છે, જે દેખાતું નથી. મમતા મા, મતિ, માનુષ અને ધર્મનિરપેક્ષતા હતી. હિન્દુત્વ જોડાણ વધુ શક્તિશાળી છે.

નારાયણ એમ પણ માને છે કે, બંગાળમાં હિન્દુત્વ એકતા વધુ કામ કરશે કારણ કે, રાજ્યમાં ઉત્તરપ્રદેશ કરતા જાતિ વિભાજન ઓછું છે. તે હિન્દુત્વનો દાવો કરી શકતી નથી. તેમણે સોફ્ટ હિન્દુત્વ કરવું પડશે અને અમે રાહુલ, અખિલેશને તે કરતા જોયા છે પરંતુ તેઓ સફળ થયા નથી.

(સૌ.: ટેલિગ્રાફ ઈન્ડિયા.કોમ)

'કૃપા કરીને હવે મારૂં રાજીનામું પણ સ્વીકારો' : ૨૦૧૯થી મંજૂરીની રાહ જોઈ રહેલા IAS ગોપીનાથને રાજીનામા અંગે મોદી પર કટાક્ષ કર્યો

કેરળના ૪૧ વર્ષીય ગોપીનાથન જેમણે ૨૦૧૯માં IASમાંથી રાજીનામું આપ્યું હતું અને ગયા વર્ષે કોંગ્રેસમાં જોડાયા હતા, તેમણે કહ્યું કે, 'મને કોઈ પગાર મળતો નથી, કોઈ સસ્પેન્શન નહીં, કંઈ નહીં, દરેક અન્ય મુદ્દાની જેમ તેઓ મારૂં રાજીનામું દબાવીને બેઠા છે'

(એજન્સી) તા.૨૭

પોતાની સરકારી સેવા દરમિયાન પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવામાં અસમર્થતાનો ઉલ્લેખ કરીને ૨૦૧૯માં રાજીનામું આપનાર IAS અધિકારી કન્નન ગોપીનાથને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરી એકવાર વિનંતી કરી છે અને તેની સાથે ટીકા પણ કરી છે.

તેમણે કોકરોચ જનતા પાર્ટી દ્વારા શરૂ કરાયેલા જનરલ-ઝેડ વિરોધ પ્રદર્શનો પછી વરિષ્ઠ ભાજપ નેતા ધર્મેન્દ્ર પ્રધાનના શિક્ષણ મંત્રી પદેથી રાજીનામાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, પ્રિય પીએમ નરેન્દ્ર મોદી, હવે તમે રાજીનામા સ્વીકારવાનું શરૂ કર્યું છે, તો હવે કૃપા કરીને મારૂં રાજીનામું સ્વીકારો. ૭ વર્ષ થઈ ગયા છે !!'

ગોપીનાથન અરૂણાચલપ્રદેશ-ગોવા-મિઝોરમ અને કેન્દ્રશાસિત પ્રદેશો (AGMUT) કેડરમાં ૨૦૧૨ બેચના IAS છે. તેમની X પોસ્ટ પર જ્યારે એક યુઝરે તેમને પૂછ્યું કે શું સરકાર તેમને પગાર આપી રહી છે, ત્યારે ગોપીનાથને જવાબ આપ્યો, 'ના. કોઈ પગાર નહીં, કોઈ સસ્પેન્શન નહીં, કંઈ નહીં. દરેક અન્ય મુદ્દાની જેમ તેઓ મારૂ રાજીનામું દબાવીને બેઠા છે.' બીજા એક યુઝરે મજાક કરી, 'કદાચ તેને ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરો.' મોદી તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, જે યુવાનોમાં વધુ લોકપ્રિય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ માનવામાં આવે છે. આના પર ગોપીનાથને મોદી પર બીજી ટીક સાથે જવાબ આપ્યોઃ 'કેમેરા એંગલ સેટ કરી રહ્યા છીએ... નવો ટેલિપ્રોમ્પ્ટર મેળવી રહ્યા છીએ.' તરત જ બીજો જવાબ આપ્યોઃ 'પણ પહેલા તમારા મેકઅપ આર્ટિસ્ટ અને કોસ્ચ્યુમ તૈયાર કરો' ગોપીનાથને ફરી પ્રહાર કર્યોઃ 'તે બધાએ રાજીનામું આપ્યું છે.

લોકોની ઘરવખરી પાણીમાં ડૂબી જતાં નુકસાન

લખતર તાલુકાના બાબાજીપુરા ગામમાં લોકોના ઘરમાં પાણી ભરાયા

ઘર અને ગામમાં કેડસમાણા પાણી ભરાઈ જતાં જનજીવન બન્યું પ્રભાવિત

સુરેન્દ્રનગર, તા.૨૭

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકામાં ચાર દિવસમાં ૧૦ ઇંચ કરતાં વધુ વરસાદ ખાબકવા પામ્યો છે જેને લઈને લખતર તાલુકામાં સૌથી વધુ નુકસાન થવા પામ્યું છે. ખેડૂતોના ખેતરો બેટમાં ફેરવાઈ ગયા છે. બાબાજીપુરા ગામમાં વરસાદ બાદ વરસાદી પાણીનો ભરાવો થયો છે અને કેડ સમાણા પાણીમાં લોકો રહેવા માટે મજબૂર બની રહ્યા છે છેલ્લા ચાર દિવસથી આ વિસ્તારના લોકો પાણીમાં રહે છે તે છતાં પણ તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની મદદ કરવામાં આવી રહી નથી. ઘરમાં પણ વરસાદી પાણી ભરાઈ ગયા છે જેને લઈને ઘરવખરી પણ પાણીમાં ડૂબી ગઈ છે અને આ વિસ્તારના લોકોની હાલત ખૂબ કફોડી છે નાના બાળકોને લઈ અને આ વિસ્તારના લોકો સતત ઊભા પગે રહેવા માટે મજબૂર બની રહ્યા છે ત્યારે આ વિસ્તારના લોકોની પણ તંત્ર દ્વારા મુલાકાત કરી અને વરસાદી પાણીના નિકાલ માટેની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. પરિસ્થિતિ ખૂબ ખરાબ છે ત્યારે દસાડા તાલુકામાં પણ સૌથી વધુ વરસાદ પડ્યો હોવાના કારણે નદીના મારફતે લખતર તાલુકામાં પાણી આવી રહ્યું છે અને નળકાંઠાના ગામ તરફ આ પાણી આગળ વધી રહ્યું છે ત્યારે બાબાજીપુરા ગામમાં પણ પરિસ્થિતિ ખૂબ ખરાબ છે અને સ્થાનિક લોકોએ આવે તંત્ર પાસે મદદની માંગ કરી છે ઘરમાં શેરીમાં અને ગામમાં પાણી ભરાઈ ગયા છે તેનો નિકાલ કરી અને યોગ્ય વ્યવસ્થાની માંગ કરવામાં આવી છે. ધ્રાંગધ્રા તાલુકાના કુડા રોડ પર જર્જરિત બ્રિજ અને બિસ્માર ડ્રાઈવર્ઝનના કારણે ૧૨ ગામોના લોકો છેલ્લા એક વર્ષથી પરેશાન છે. આ સમસ્યાના નિરાકરણની માંગ સાથે સત્તાપર, વિરેન્દ્રનગર, કુડા, નિમકનગર સહિતના ગામોના ગ્રામજનોએ બ્રિજ નજીક એકત્રિત થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું. છેલ્લા એક વર્ષથી આ બ્રિજ વાહનવ્યવહાર માટે બંધ છે. તેના સ્થાને બનાવવામાં આવેલું વૈકલ્પિક ડ્રાઈવર્ઝન પણ વરસાદને કારણે બિસ્માર બન્યું છે. કાદવ અને કીચડના કારણે વાહનચાલકો તેમજ ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વિરોધ પ્રદર્શન

દરમિયાન ગ્રામજનોએ થોડા સમય માટે વાહનો રોકી ટ્રાફિક જામ સર્જર્યો હતો. આ અંગેની જાણ થતાં સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ગ્રામજનોને સમજાવી વાહન વ્યવહાર ફરી પૂર્વવત કરાવ્યો હતો. ગ્રામજનોએ તંત્ર સમક્ષ માંગ કરી છે કે જર્જરિત બ્રિજના નવા નિર્માણની કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવે અથવા તો હાલના ડ્રાઈવર્ઝનનું યુદ્ધના ધોરણે સમારકામ કરવામાં આવે. તેમણે ચેતવણી આપી છે કે જો ટૂંક સમયમાં યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

દેવગઢ બારિયા પાલિકાની ચૂંટણીનો રસ્તો સાફ : હાઈકોર્ટે સરકારના વલણને ટેકો આપ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

ગુજરાત હાઈકોર્ટે દેવગઢ બારીયા નગરપાલિકાની નિર્ધારિત ચૂંટણીઓ યોજવાનો રસ્તો મોકળો કરી દીધો છે. ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રે ની બનેલી ડિવિઝન બેન્ચે અગાઉ સિંગલ જજ દ્વારા આપવામાં આવેલી વચગાળાની રાહતને રદ કરી દીધી છે અને લોકશાહી પ્રક્રિયાને આગળ વધારવાની મંજૂરી આપી દીધી છે.આગામી ૨૮ જુલાઈએ યોજાનાર મતદાન હવે પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ મુજબ જ થશે. આ નિર્ણય રાજ્ય સરકારની તે દલીલની મોટી જીત સમાન છે કે ચૂંટણીઓ અટકાવવી જોઈએ નહીં અને નાગરિકોને તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓથી વંચિત રાખવા યોગ્ય નથી. અગાઉ કેટલાક ગેરલાયક ઠરેલા કાઉન્સિલરોએ તેમની ગેરલાયકાતને હાઈકોર્ટમાં પડકારી હતી અને ખાલી પડેલી બેઠકો પરની પેટાચૂંટણીઓ સામે સ્ટે માંગ્યો હતો. સિંગલ જજે આ અરજી આંશિક રીતે સ્વીકારીને કેટલીક બેઠકોની ચૂંટણી પર રોક લગાવી હતી, પરંતુ ડિવિઝન બેન્ચે તે નિર્ણયને ઉલટાવી દીધો છે અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને યથાવત રાખી છે. રાજ્ય સરકારે દલીલ કરી હતી કે માત્ર ચૂંટણીના વિવાદ કે litigationના કારણે હજારો મતદારોને અનિશ્ચિત સમય સુધી પ્રતિનિધિત્વ વગરના ન રાખી શકાય. ડિવિઝન બેન્ચે આ સ્ટે હટાવીને સ્પષ્ટ કર્યું છે કે લોકશાહી પ્રક્રિયામાં અડચણ ઊભી થવી જોઈએ નહીં. હાઈકોર્ટના આ હસ્તક્ષેપથી દેવગઢ બારીયા નગરપાલિકાની ચૂંટણી અંગેની અનિશ્ચિતતાનો અંત આવ્યો છે અને હવે ૨૮ જુલાઈએ નિશ્ચિતપણે મતદાન થશે.

ફાગવેલ તા.પં.ની ચીખલોડ બેઠકની આજે પેટાચૂંટણી યોજાશે

ભાજપ અને કોંગ્રેસના મહિલા ઉમેદવારો વચ્ચે સીધો જંગ

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૭

નવરચિત ફાગવેલ તાલુકા પંચાયતની ખાલી પડેલી ચીખલોડ બેઠક માટે ૨૮મી જુલાઈના રોજ પેટાચૂંટણી યોજાશે. અગાઉ તાલુકાની પુનઃરચનાના વિરોધમાં ગ્રામજનોએ ચૂંટણીનો બહિષ્કાર કરતા આ બેઠક ખાલી રહી હતી. હવે યોજાનારી આ પેટાચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસના બે મહિલા ઉમેદવારો વચ્ચે સીધો ચૂંટણી જંગ ખેલાશે.

ગત તા.૨૬મી એપ્રિલના રોજ ફાગવેલ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી નવી વહીવટી પુનઃરચના અંતર્ગત ચીખલોડ ગામને કપડવંજ તાલુકામાંથી મુક્ત કરી નવરચિત ફાગવેલ તાલુકામાં સમાવવામાં આવ્યું હતું. આ નિર્ણય સામે સ્થાનિક ગ્રામજનોમાં ભારે આક્રોશ વ્યાપ્યો હતો. વિરોધના ભાગરૂપે ગત ચૂંટણીમાં ગામના તમામ ૨,૩૮૫ મતદારોએ મતદાન પ્રક્રિયાથી અલિપ્ત રહી પૂર્ણ બહિષ્કાર કર્યો હતો. જેના પરિણામે ચીખલોડ બેઠક ખાલી રહેવા પામી હતી.આ ખાલી પડેલી બેઠક ભરવા માટે ૨૮મી જુલાઈના રોજ સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા દરમિયાન મતદાન યોજાશે. ગામના કુલ ૨,૩૮૫ મતદારો માટે ૩ મતદાન બૂથની વ્યવસ્થા કરવામાં આવી છે. શરૂઆતમાં આ ચૂંટણી માટે ૩ ઉમેદવારોએ ઉમેદવારી પત્રક ભર્યા હતા. પરંતુ તા.૧૬મીના રોજ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે એક અપક્ષ ઉમેદવારે ફોર્મ પાછું ખેંચી લેતાં હવે ભાજપના ઉમેદવાર હિરલબેન સચીનભાઈ રાઠોડ અને કોંગ્રેસના ઉમેદવાર સોનલબેન સુરેશભાઈ પરમાર વચ્ચે સીધી સ્પર્ધા થશે. શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન સંપન્ન થાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

સુરતમાં કતારગામની ડાયમંડ પેઢી સાથે ૭૪.૮૪ લાખની ઠગાઈ

મુંબઈની હીરા કંપનીના પાંચ ભાગીદારો સામે ફરિયાદ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૭

સુરત શહેરના કતારગામ વિસ્તારમાં આવેલી ડાયમંડ પેઢીમાંથી જાંગડ ઉપર રૂા.૭૪.૮૬ લાખના હીરાનો માલ લીધા બાદ પેમેન્ટ નહીં આપી ઉપરથી ધમકી આપનાર ૫ વેપારીઓ સામે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર કતારગામના રાજદીપનગર સોસાયટીમાં રહેતા ચિરાગ ડુંગરશીભાઈ સવાણી કતારગામ અમરોલી રોડ ખાતે આવેલી સ્કાય હાયમા સી. જેનીલકુમાર એન્ડ કુ. નામની ભાગીદારી કંપની ધરાવે છે. બે વર્ષ પહેલા અરવિંદભાઇ ગગજીભાઇ માંગુકીયા ડી ભારત ડાયમંડ બુશ બી.કે.સી. બ્રાન્દ્રા ઈસ્ટ મુંબઈ), ઉમંગ અરવિંદભાઇ માંગુકીયા ભારત ડાયમંડ બુશ બી.કે.સી. બ્રાન્દ્રા ઈસ્ટ મુંબઈ), કાનજીભાઇ ગગજીભાઇ માંગુકીયા રહે. ૮ ઓમ સત્યમનગર શુભલક્ષ્મી રેસીડેન્સીની સામે, ડભોલી), ગોરાગ લાખાભાઇ માંગુકીયા (સત્યમનગર સોસાયટી વેડરોડ ડભોલી) અને લાખાભાઇ ગગજીભાઇ માંગુકીયા (ઓમ સત્યમનગર સોસાયટી, વેડરોડ ડભોલી) સાથે સપંર્ક થયો હતો. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૪થી થયેલા વ્યવહારમાં તમામે શરૂઆત પેમેન્ટ આપી વિશ્વાસમાં લઈ જાંગડ ઉપર હીરાનો માલ મેળવ્યો હતો. ત્યારબાદ રિદ્ધિ સિદ્ધિ ડાયમંડના વહીવટકર્તા ગૌરાંગ લાખાભાઈ માંગુકીયાએ ચિરાગને કુદરતી હીરાના વેપાર માટે વિશ્વાસ આપ્યો હતો અને વેચાણ બાદ સંપૂર્ણ પેમેન્ટની જવાબદારી સ્વીકારી ૩ ટકા આડત આપવાની ખાતરી આપી હતી. ત્યારબાદ રિદ્ધિ ડાયમંડના ભાગીદાર અરવિંદભાઈ માંગુકીયાને કુલ ૨૪૯.૨૨૦ કેરેટના રોઝ કટ તથા કટ એન્ડ પોલિશ્ડ હીરા, જેની કિંમત રૂા.૭૪,૮૬,૫૬૮ થાય છે, જાંગડ ઉપર આપવામાં આવ્યા હતા. તમામે હીરાનો જથ્થો મેળવી લીધા બાદ તેનું પેમેન્ટઆજદિન સુધી ચૂકવ્યું નથી અને માલનો સગેવગે કરી દીધો છે. ઉપરાંત અન્ય ભાગીદારોએ પણ પેમેન્ટ અંગે સંતોષકારક જવાબ આપ્યો નહોતો. જ્યારે ચિરાગભાઇએ ઉઘરાણી માટે ગયા ત્યારે ઉમંગ માંગુકીયા, કાનજીભાઈ માંગુકીયા અને લાખાભાઈ માંગુકીયાએ ધમકી આપતાં કહયુ હતું કે, તમારાથી જે થાય તે કરી લો, અમે પોલીસ કેસથી ડરતા નથી. આથી આ મામલે ચિરાગભાઇએ કતારગામ પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી હતી.

અવસાન નોંધ

વલસાડ

વલસાડ જિલ્લા અને સંઘ પ્રદેશ દમણ અને દાનહના વરિષ્ઠ પત્રકાર ચેતન ભૂપેન્દ્રભાઈ મહેતાના ધર્મપત્ની અને રાષ્ટ્રીય જનપ્રતિનિધિ સાપ્તાહિક અખબારના સહતંત્રી જલ્પાબેન મહેતા (ઉં.વ.૫૧)ને તા.૨૩ જુલાઈના રોજ બ્રેઈન સ્ટ્રોક આવતા વલસાડની અમિત હોસ્પિટલમાં સારવારઅર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેઓ મૃત્યુ પામ્યા હતા. તા. ૩૦ જુલાઈને ગુરૂવારે સાંજે ૪થી ૬ વાગ્યા સુધી મોરારજી દેસાઈ ઓડિટોરિયમમાં પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

જંતર-મંતર જેન-ઝી આંદોલને ૧૨ વર્ષથી ચાલતી નફરતી રાજનીતિને ધ્વસ્ત કરી છે ત્યારે ગ્યાસુદ્દીન શેખનું આહ્વાન

બંધારણ દ્વારા પ્રાપ્ત અધિકારોના રક્ષણ માટે સેક્યુલર હિન્દુ નેતાઓ સાથે મળી ભાઈચારાને પ્રબળ બનાવવા પ્રયાસો કરીએ

અમદાવાદ, તા.૨૭

IMCRના અધ્યક્ષ - પૂર્વ સાંસદ-મોહંમદ અદીબના અધ્યક્ષસ્થાને તા.૨૪ જુલાઈના રોજ નવી દિલ્હી સ્થિત કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે સર્વ સમાજ સહિત વિશેષરૂપે મુસ્લિમ સમાજના બંધારણીય મૌલિક અધિકારોના રક્ષણની વ્યૂહરચના માટે મળેલ ઐતિહાસિક બેઠકમાં ગુજરાતના પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે પોતાના જણાવ્યું હતું કે, ભાજપાની કેન્દ્ર સરકારના ૧૨ વરસના ધર્મ વિશેષ સામેના પૂર્વગ્રહયુક્ત અત્યાચારી શાસનમાં પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબની શાનમાં ગુસ્તાખી, આઝમખાન, તૌકીર રઝાખાન અને ઉમર ખાલિદ સહિતના અનેક મુસ્લિમ ધાર્મિક અને રાજકીય નેતાઓને ખોટા કેસોમાં સંડોવવા, હેટ સ્પીચ (ભડકાઉ ભાષણ), કટ્ટરવાદી તત્ત્વો દ્વારા ખુલ્લેઆમ તલવારો અને ઘાતક હથિયારોનું મુસ્લિમોના ધાર્મિક સ્થળો ખાતે પ્રદર્શન, મસ્જિદ, મદ્રેસા અને કબ્રસ્તાન સહિત મુસ્લિમ સમાજની ગરીબ વસાહતો ઉપર બુલડોઝર કાર્યવાહી દ્વારા ડિમોલિશન કરવું, ભારત-પાકિસ્તાન બોર્ડર પાસેના ૫૦ કિ.મી.ના વિસ્તારમાં મુસ્લિમ ધાર્મિક સ્થળોનું ડિમોલિશન અને ભારતીય વફાદાર મુસ્લિમ પરિવારોનું ક્રેકડાઉન, મુસ્લિમ સમાજના સામૂહિક બહિષ્કારનું જાહેરમાં સોશિયલ મિડિયા મારફતે આહ્વાન આપનારાઓ, મોબ લિચિંગ, લવ જેહાદ, લેન્ડ જેહાદ, થૂક જેહાદ, મુસ્લિમ મહિલાઓના હિજાબ ખેંચવાની સૌથી શરમજનક બાબત કે જે યુપીએસસી જેહાદના પાયાવિહિન આક્ષેપોના કારણે આઝાદીના ૭૫ વર્ષમાં ૨૦૧૪થી સતત ૧૨ વર્ષ સુધીના સૌથી કપરા કાળ અને યાતનાઓમાંથી મુસ્લિમ સમાજ પસાર થઈ રહ્યો હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

આવા કપરા તેમજ અત્યંત મુશ્કેલ સમયમાં પણ મુસ્લિમ સમાજ ભારતીય સંવિધાન અને ન્યાય પ્રણાલિ પર વિશ્વાસ રાખી ખૂબ જ સંયમપૂર્વક અત્યંત દુઃખ અને અસહ્ય પીડા સાથે પણ મૂંગા મોઢે કટ્ટરવાદી પરિબળોની દરેક યાતનાઓ સહન કરી રહ્યો છે. તેમ જણાવતા તેમણે ઉમેર્યું કે, સદીઓથી બહુમતી હિન્દુ અને મુસ્લિમ સમાજ હંમેશ એકબીજાની ધાર્મિક ભાવનાઓનો આદર કરતા આવ્યા છે. હિન્દુ સમાજમાં સંકુચિત વિચારધારા ધરાવતા લોકો ખૂબ જ ઓછી સંખ્યામાં છે. વિશાળ બહુમતી હિન્દુ સમાજ અનેક બાબતોમાં મુસ્લિમ સમાજ કરતાં પણ સવાયો સેક્યુલર છે. કેટલાક સંકુચિત વિચારધારા ધરાવતા લોકોએ મુસ્લિમ સમાજને પ્રતાડિત કરવાનો પ્રયાસ કર્યો છે ત્યારે પણ હંમેશ સેક્યુલર રાજકીય પક્ષોના હિન્દુ નેતાઓ દ્વારા, ભારતીય ન્યાય પ્રણાલિ, માનવ અધિકારની રક્ષા માટે લડતા કર્મશીલો, દેશના મોટા ગજાના યુ-ટ્યુબર્સો પણ મુસ્લિમ સમાજના સંવૈધાનિક મૌલિક અધિકારો અને રક્ષણ માટે હરહંમેશ પોતાનો પ્રખર રીતે અવાજ બુલંદ કરતા આવ્યા છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, નેતા વિપક્ષ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી છેલ્લા બે માસથી દેશભરમાં નીટ પરીક્ષામાં પેપર લીક મુદ્દે સંસદમાં અને સડક ઉપર ઉતરી આંદોલન ચલાવી રહ્યા હતા તેવા સમયે ઐતિહાસિક રીતે જંતર-મંતર સહિત દેશભરમાં ક્રાંતિકારી જેન-ઝી દ્વારા પેપર લીક સહિતની માગણી તેમજ શિક્ષણ મંત્રીનું રાજીનામું માંગવા માટે અહિંસક રીતે અભૂતપૂર્વક સફળ આંદોલન ચલાવાઈ રહેલ છે. જેમાં ભાજપના શાસકો તેમજ જૂજ પૂર્વગ્રહયુક્ત મેઈન સ્ટ્રીમ મીડિયા દ્વારા દેશમાં છેલ્લા ૧૨ વર્ષથી ચાલી રહેલ ધાર્મિક ધ્રુવીકરણની રાજનીતિ, હિન્દુ-મુસ્લિમ, મંદિર-મસ્જિદ, ભારત-પાકિસ્તાનની રાજનીતિ બંધ કરવા, દેશની એકતા અખંડિતતા અને ભાઈચારો જાળવી રાખવા માટે જેન-ઝી દ્વારા જંતર-મંતર સહિત દેશભરમાં સોશિયલ મીડિયા પર બંડ પોકારી વર્તમાન સરકારની એજ્યુકેશન પોલીસીમાં ધરમૂળથી બદલાવ માટે તથા ધાર્મિક ધ્રુવીકરણની રાજનીતિ નહીં પરંતુ દેશની એજ્યુકેશન સિસ્ટમ સહિત સરકારની નિષ્ફળતાઓ ઉજાગર કરી એજ્યુકેશન અને રોજગારીની સમસ્યાઓ સહિત હિન્દુ મુસ્લિમની ધાર્મિક ધ્રુવીકરણની રાજનીતિ બંધ કરી જનતાના મૂળ મુદ્દાઓ વિશે નિર્ભયતાથી પ્રખર રીતે અવાજ બુલંદ કરી દેશમાં ભેદભાવમુક્ત સુશાસન પ્રસ્થાપિત કરવા દેશના લોકોને જાગૃત કરવામાં જેન-ઝીએ અકલ્પનીય સફળતા પ્રાપ્ત કરી છે. ત્યારે તેમણે મુસ્લિમ સમાજે ડર કે ભય રાખ્યા વગર સંવિધાન દ્વારા પ્રાપ્ત થયેલ અધિકારોના રક્ષણ માટે સેક્યુલર હિન્દુ સમાજ અને નેતાઓ સાથે ભેગા મળી સુમેળભર્યા સમન્વય દ્વારા પ્રબળ પ્રયાસો કરવા પર ભાર મૂકવા કહ્યું હતું. આ સાથે વર્તમાન શાસનના અત્યાચાર, સંવૈધાનિક મૌલિક અધિકારોના રક્ષણ માટે વર્તમાન કટ્ટરવાદી વિચારધારા ધરાવતી સરકાર સામે કોઈ એક સંગઠન કે સંસ્થા એકલા હાથે લડત લડવા વર્તમાન સંજોગોમાં મુકાબલો કરવા સક્ષમ નથી તેવા સમયે સંયુક્ત રીતે મસલખ ફીરકાને દરકિનાર કરી મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ, જમિયતે ઉલમા-એ-હિન્દ, જમાતે ઈસ્લામી, અજમેર શરીફ સહિત સૂફી વિચારધારાની ખાનકાઓ અને શિયા સમાજની તમામ સંસ્થાઓને સંલગ્ન કરી સંયુક્ત ફેડરેશન બનાવવા તેમણે આહ્વાન કર્યું હતું.

લિંબાયતમાં ખાડીપૂરના પાણી ઓસર્યા બાદ જંતુનાશક દવાનો છંટકાવ

સંભવિત રોગચાળાની સ્થિતિને ધ્યાને રાખીને સાફ સફાઈ પૂર્ણ થયા બાદ જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૭

એક પખવાડિયામાં જ બે વખત ખાડીપુરને કારણે લિંબાયતમાં જળબંબાકારની સ્થિતિ સર્જાવા પામી હતી. વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણીનો નિકાલ થવાની સાથે જ આરોગ્ય વિભાગ દ્વારા સાફ ઝુંબેશ બાદ હવે મચ્છરજન્ય રોગચાળો ફાટી ના નીકળે તે માટે જંતુનાશક દવાનાં છંટકાવાની શરૂઆત કરી દેવામાં આવી છે. સુરત મહાનગર પાલિકા ૧૧ હજાર કરોડ રૂપિયાનું બજેટ ધરાવતી હોવા છતા શહેરમાં ખાડીપુરની સમસ્યા સામે વામણું પુરવાર થઈ છે. દર વર્ષે ખાડીપુરને કારણે વેપાર ધંધાને કરોડો રૂપિયાનાં નુકસાનની સાથે – સાથે સેંકડો પરિવારો હિજરત કરવા માટે મજબુર બનતાં હોય છે. આ સ્થિતિમાં ગત સપ્તાહમાં વધુ એક ખાડીપુરને કારણે લિંબાયત અને આસપાસનાં વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાવા પામી હતી. ખાસ કરીને કુંભારિયા ગામથી માંડીને સારોલી, સણિયા હેમાદ, ગોડાદરા અને મીઠીખાડીની આસપાસનાં નિચાણવાળા વિસ્તારોમાં પાંચથી છ ફુટ પાણી ત્રણ ત્રણ દિવસ સુધી ભરાયું હતું. ખાડી પુર ઓસરવાની સાથે જ મનપાનાં આરોગ્ય વિભાગ દ્વારા યુદ્ધનાં ધોરણે સફાઈ ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે. આજે સવારથી જે જે વિસ્તારોમાં ખાડીપુરનાં પાણી ભરાયા હતા ત્યાં સંભવિત રોગચાળાની સ્થિતિને ધ્યાને રાખીને સાફ સફાઈ પૂર્ણ થયા બાદ જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

વડોદરામાં વૃદ્ધાના સોનાના દાગીના લઈ બે ગઠિયા રફુચક્કર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૭

વડોદરામાં ફરી એકવાર ઠગાઈની ચોં કાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. રાજમહેલ રોડ પર લાલકોર્ટ પાસે આવેલા પીપળેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરવા ગયેલી ૭૫ વર્ષીય મહિલાને બે ઠગોએ વાતોમાં ફસાવી પળવારમાં રૂા.૭૦ હજારના સોનાના દાગીના પડાવી લીધા હતા. મહિલાને આંખો બંધ કરીને આગળ ચાલવા કહી બંને ઠગ બાઈક પર ફરાર થઈ ગયા હતા. વડોદરાના રાજમહેલ રોડ વિસ્તારમાં આવેલા તાડ ફળિયામાં રહેતા ધર્મિષ્ઠાબેન નવીનચંદ્ર પટેલે પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ રવિવારે સવારે આશરે ૮:૩૦થી ૯ વાગ્યાની વચ્ચે લાલકોર્ટ પાસે આવેલા પીપળેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરવા ગયા હતા. મંદિર બહાર બે અજાણ્યા શખ્સ તેમની પાસે આવ્યા હતા અને વાતો કરવા લાગ્યા હતા. એક ઠગે મહિલાને જણાવ્યું કે તેમના દીકરાને મોટું સંકટ આવવાનું છે અને હાથમાં પહેરેલું સોનું લક્ષ્મીનું સ્વરૂપ હોવાથી તે થોડા સમય માટે તેમને આપશે તો લક્ષ્મીજીના આશીર્વાદ મળશે. ધાર્મિક વાતોમાં વિશ્વાસ મૂકી મહિલાએ હાથમાં પહેરેલી બે સોનાની બંગડીઓ અને ડાબા હાથની સોનાની વીંટી ઉતારી ઠગને આપી દીધી હતી. ત્યારબાદ ઠગે મહિલાને આંખો બંધ કરીને ૫૦ ડગલાં આગળ ચાલવા કહ્યું હતું. થોડે આગળ ગયા બાદ મહિલાને શંકા જતાં પાછળ ફરીને જોયું તો બંને ઠગ એક બાઈક પર સવાર થઈ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ઠગો મહિલાના આશરે ૨૪ ગ્રામ વજનના સોનાના દાગીના કિંમત અંદાજે રૂા.૭૦ હજાર થાય છે લઈને નાસી છૂટ્યા હતા. પોલીસે અજાણ્યા બંને ઠગો સામે છેતરપિંડીનો ગુનો નોંધી આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓની ઓળખ અને શોધખોળ શરૂ કરી છે.

વડોદરા શહેર-જિલ્લામાં ઓરેન્જ એલર્ટ : છૂટોછવાયો વરસાદ યથાવત્

વડોદરા, તા.૨૭

વરસાદ વચ્ચે હવામાન વિભાગ દ્વારા વડોદરા સહિત સમગ્ર જિલ્લામાં આજે રાજ્યના હવામાન વિભાગ દ્વારા ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

જિલ્લામાં હાલ અલગ-અલગ વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ વરસી રહ્યો છે. જો કે, છેલ્લા કેટલાક દિવસોની સરખામણીએ મેઘરાજાએ થોડો વિરામ લેતા વહીવટી તંત્ર અને રાહત-બચાવ ટીમોને રાહત મળી છે.

ચાલુ ચોમાસા દરમિયાન વડોદરા શહેરમાં અત્યાર સુધી ૪૦૭ મિમી જ્યારે સમગ્ર જિલ્લામાં ૩૩૩ મિમી વરસાદ નોંધાઈ ચૂક્યો છે. હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને નીચાણવાળા વિસ્તારોમાં જરૂરી સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

કચ્છ જિલ્લા કોંગ્રેસની વિસ્તૃત કારોબારી મળી

કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારી ભૂજ રાજગોર સમાજવાડી ખાતે જિલ્લા પ્રમુખ વી.કે. હુંબલની અધ્યક્ષતામાં યોજાઈ. જિલ્લાભરમાંથી આગેવાનો, હોદ્દેદારો, કાર્યકરો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટય વેળાએ પ્રમુખ વી.કે હુંબલ, વાલજીભાઈ દનીચા, ઈબ્રાહીમભાઈ મંધરા, નવલસિંહ જાડેજા, આદમભાઈ ચાકી, પુષ્પાબેન સોલંકી, રફીકભાઈ મારા, રસિકબા જાડેજા, જુમ્માભાઈ નોડે, ભીખાભાઈ રબારી, જયવીરસિંહ જાડેજા, મેસોજી સોઢા વગેરે આગેવાનો જોડાયા હતા.

પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની હાજરીમાં સમીક્ષા બેઠક મળી

ધોળકામાં અતિવૃષ્ટિમાં થયેલ નુકસાનનો યુદ્ધના ધોરણે સર્વે કરવા કલેક્ટરની સૂચના

(સંવાદદાતા દ્વારા)

ધોળકા, તા.૨૭

ધોળકા સર્કિટ હાઉસ ખાતે ધારાસભ્ય કિરીટસિંહ ડાભીનાં અધ્યક્ષસ્થાને, પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા જિલ્લા કલેક્ટરની વિશેષ ઉપસ્થિતિમાં અતિવૃષ્ટિ બાદની પરિસ્થિતિની સમીક્ષા માટે અગત્યની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અતિવૃષ્ટિ દરમિયાન સરકારી વિભાગો અને સેવાભાવી લોકોએ કરેલી સારી કામગીરીને બિરદાવવામાં આવી હતી.

ધારાસભ્યએ અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી કે હવે રાહત કામગીરી સાથે સફાઈ અભિયાનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે. શહેરના દરેક વોર્ડમાં કાઉન્સિલરો તથા તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યોની ઉપસ્થિતિમાં સફાઈ કામગીરીનું સતત મોનિટરિંગ કરવામાં આવે.

બેઠકમાં નીચેના મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા :

- ખેડૂતો, વેપારીઓ અને રહેણાંક વિસ્તારોમાં થયેલા નુકસાનનો તાત્કાલિક સર્વે પૂર્ણ કરી સરકારની માર્ગદર્શિકા મુજબ

વહેલી તકે વળતર ચૂકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે, કાચા મકાનોને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરી નિયમ મુજબ સહાય આપવામાં આવે, જરૂરિયાતમંદ પરિવારોને કેશડોલ સહિતની તમામ રાહત સહાય ઝડપથી પહોંચાડવામાં આવે, જ્યાં જ્યાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે ત્યાં કાયમી ઉકેલ માટે વૈજ્ઞાનિક અભ્યાસ સાથે એક્શન પ્લાન તૈયાર કરી તેનો સમયબદ્ધ અમલ કરવામાં આવે, ત્રાંસદ તથા ભેટાવાડા ગામોમાં વરસાદી પાણીના નિકાલ અને સ્થાનિક લોકોને પડતી મુશ્કેલીઓના કાયમી નિવારણ માટે તાત્કાલિક આયોજન કરવામાં આવે. જિલ્લા કલેક્ટરએ બેઠકમાં જણાવ્યું કે NDRF અને SDRFની ટીમોએ મળીને ૩૦૦થી વધુ લોકોનું સફળ રેસ્ક્યુ કર્યું છે. ઉપરાંત આજથી જ શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં વ્યાપક સફાઈ અભિયાન, ફોગિંગ, ક્લોરિનેશન, મૃત પશુઓના નિકાલ અને સર્વેની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં તમામ જરૂરી રાહત સહાય તાત્કાલિક પહોંચાડવા તેમજ નુકસાનનો સર્વે ઝડપથી પૂર્ણ કરવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે.

બસમાં ચઢી રહેલા વૃદ્ધ દરવાજામાં ફસાયા

સુરતના પરવત પાટિયા બીઆરટીએસ જંક્શન પર બસચાલકની બેદરકારી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૭

સુરતના પર્વત

પંજાબથી લઈને આંધ્ર-તેલંગાણામાં રાજીનામાંની માંગ

ધર્મેન્દ્ર પ્રધાન બાદ હવે રાજ્યોમાં શિક્ષણ મંત્રીઓ સામે વિરોધ શરૂ

લખનૌ સહિત દેશભરમાં વિદ્યાર્થીઓ પેપર લીક અને સરકારી ભરતીમાં ગેરરીતિ સામે વિરોધ કરી રહ્યા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાં બાદ હવે દેશભરના વિવિધ રાજ્યોમાં પણ પેપર લીક અને સરકારી ભરતીમાં ગેરરીતિઓને લઈને રાજકારણ ગરમાયું છે. વિવિધ વિદ્યાર્થી સંગઠનો અને વિપક્ષી દળોએ હવે ઝારખંડ, પંજાબ, કેરળ, કર્ણાટક, આંધ્ર પ્રદેશ અને તેલંગાણાના શિક્ષણ મંત્રીઓ પાસે રાજીનામાંની માગ ઝડપી બનાવી છે. લખનઉ સહિત દેશના અનેક ભાગોમાં વિદ્યાર્થીઓ રસ્તા પર ઊતરીને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. પ્રદર્શનકારીઓનું કહેવું છે કે જો પેપર લીકની જવાબદારી સ્વીકારીને કેન્દ્રીય શિક્ષણ મંત્રી રાજીનામું આપી શકતા હોય, તો રાજ્યોમાં આવી ગેરરીતિઓ માટે જવાબદારો સામે પણ સમાન કાર્યવાહી થવી જોઈએ. પંજાબમાં બે મોટી સરકારી ભરતીઓને લઈને ભગવંત માન સરકાર વિપક્ષના નિશાના પર આવી ગઈ છે. બાબા ફરીદ યુનિવર્સિટી દ્વારા આયોજિત ફાર્મસી ઓફિસર પરીક્ષા દરમિયાન પોલીસ અને ફ્લાઈંગ સ્કવોડે ફરીદકોટ, ફિરોઝપુર અને કોટ કપૂરાના કેન્દ્રો પર દરોડા પાડીને ૩૫ લોકોની અટકાયત કરી હતી. પરીક્ષા દરમિયાન ઉમેદવારો પાસેથી બ્લૂટૂથ ડિવાઇસ, બટન કેમેરા અને વાયરલેસ સાધનો મળી આવ્યા હતા, જેના દ્વારા હરિયાણા અને રાજસ્થાનના કંટ્રોલ રૂમમાંથી ઉત્તરો બોલવામાં આવી રહ્યા હતા. બીજી તરફ, કૃષિ વિકાસ અધિકારી (ADO) ભરતી પરીક્ષામાં પણ પેપર લીક કરવાનો અને ગ્રેસ માર્ક્સ આપીને મામલો દબાવવાનો આરોપ મૂકીને વિપક્ષે રાજ્યના શિક્ષણ અને આરોગ્ય મંત્રીના રાજીનામાંની માગ કરી છે. આંધ્ર પ્રદેશમાં મેગા DSC-2025 શિક્ષક ભરતી પરીક્ષાને લઈને વિપક્ષી પાર્ટી YSRCPએ મોટો મોરચો ખોલ્યો છે. પાર્ટીએ શિક્ષણ મંત્રી નારા લોકેશના રાજીનામાંની માગ સાથે સમગ્ર મામલાની કોર્ટની દેખરેખ હેઠળ સીબીઆઈ (CBI) તપાસ કરવાની માગ કરી છે. પૂર્વ શિક્ષણ મંત્રી આદિમુલાપુ સુરેશે આરોપ લગાવ્યો છે કે પ્રશ્નપત્ર અપલોડ કરવા જેવા અતિ ગોપનીય કામો આઉટસોર્સ કર્મચારીઓ પાસે કરાવવામાં આવ્યા હતા, જેના કારણે આશરે ૩.૫ લાખ ઉમેદવારોનું ભવિષ્ય અધ્ધરતાલ થયું છે. YSRCPએ આ મામલે સેંકડો ડિજિટલ પુરાવા અને દસ્તાવેજો રાજ્યપાલને સોંપ્યા છે. તેલંગાણામાં ભારતીય જનતા પાર્ટીએ મુખ્યમંત્રી રેવંત રેડ્ડી પાસે શિક્ષણ મંત્રી પદેથી રાજીનામું આપવાની માગ કરી છે. રાજ્ય ભાજપ અધ્યક્ષ એન. રામચંદર રાવે જણાવ્યું હતું કે, જો સરકાર વિદ્યાર્થીઓની ટ્યુશન ફી રી-ઈમ્બર્સમેન્ટ યોજનાના બાકી નીકળતા રૂા.૧૨,૦૦૦ કરોડ ચૂકવી શકતી ન હોય, તો મુખ્યમંત્રીએ શિક્ષણ ખાતું પોતાની પાસે ન રાખવું જોઈએ. તેમણે ચેતવણી આપી હતી કે, જો લગભગ ૨૦ લાખ વિદ્યાર્થીઓને સ્પર્શતા આ મુદ્દાનો ઉકેલ લાવવામાં નહીં આવે તો સરકારે ભારે જનરોષ વેઠવો પડશે.

૭ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું

સંસદ માર્ચમાં વિદ્યાર્થીઓ પર પેલેટ ગન ચલાવનારા RAF જવાનની ઓળખ થઈ

CRPF તપાસમાં NEET પેપર લીક વિરોધ પ્રદર્શન દરમિયાન દિલ્હીના કનૉટ પ્લેસ વિસ્તારમાં પેલેટ ગન ફાયરિંગનો ખુલાસો થયો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭। નીટ પેપર લીક વિરોધ પ્રદર્શન અને સંસદ માર્ચ દરમિયાન પ્રદર્શનકારીઓ પર પેલેટ ગનના ઉપયોગના મામલે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ની તપાસમાં મોટો ખુલાસો થયો છે. તપાસ ટીમ દ્વારા તે રેપિડ એક્શન ફોર્સ (RAF)ના જવાનની ઓળખ કરી લેવામાં આવી છે, જેણે પ્રદર્શન દરમિયાન પેલેટ ગનથી ફાયરિંગ કર્યું હતું. CRPFના સૂત્રોના જણાવ્યા અનુસાર, તપાસમાં સામે આવ્યું છે કે સંબંધિત જવાન દ્વારા કુલ ૭ રાઉન્ડ ફાયર કરવામાં આવ્યા હતા. આમાંથી ૫ રાઉન્ડ પ્રદર્શનકારીઓને વાગ્યા હતા, જ્યારે ૨ રાઉન્ડ જમીન પર વાગ્યા હતા. આ તમામ ફાયરિંગ કનૉટ પ્લેસ વિસ્તારમાં થયું હતું. હવે તપાસ ટીમ એ પણ શોધી રહી છે કે કઈ પરિસ્થિતિઓમાં પેલેટ ગનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને ફાયરિંગ ક્યા-ક્યા સ્થળોએ થયું હતું. આ મામલે તપાસ રિપોર્ટ આગામી ૧ અઠવાડિયામાં આવવાની સંભાવના છે. જેના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ૨૦ જુલાઈએ સંસદ માર્ચ દરમિયાન હિંસા ફાટી નીકળ્યા બાદ પોલીસે લાઠીચાર્જ અને ટીયર ગેસના શેલ છોડ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા પેલેટ ગનનો ઉપયોગ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. જેને દિલ્હી પોલીસે અગાઉ નકાર્યો હતો. જો કે, સફદરજંગ હોસ્પિટલે એક ઘાયલના શરીરમાં પેલેટની ઈજાઓની પુષ્ટિ કરી હતી. આ ઘટના બાદ RAFની મહાનિરીક્ષક સીમા ધૂંડિયાની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં દિલ્હીમાં આગામી આદેશ સુધી પ્રોજેક્ટાઈલ એક્શન ગન, એન્ટી રાયટ ગન અને ઇલેક્ટ્રિક શોક હથિયારોના ઉપયોગ પર રોક લગાવવાના નિર્દેશો આપવામાં આવ્યા છે.

ભારતીય વિદ્યાર્થીઓની વર્ક પરમિટ નકારી કાઢવામાં આવ્યા બાદ કેનેડા ઈમિગ્રેશન એજન્સીએ 'અભ્યાસ કરતી વખતે કામ કરવાની યોજના ધરાવતા' આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા જારી કરી

(એજન્સી) તા.૨૭

ભારતીય વિદ્યાર્થીઓને અસર કરતી વર્ક પરમિટ નકારવાના અહેવાલો બાદ કેનેડાના ઈમિગ્રેશન ઓથોરિટીએ હવે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે એક મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા જારી કરી છે. ઈમિગ્રે શન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC)એ કહ્યું છે કે વિદ્યાર્થીઓએ અભ્યાસ કરતી વખતે રોજગારના નિયમોનું કાળજીપૂર્વક પાલન કરવું જોઈએ અને ચેતવણી આપી છે કે અનધિકૃત કાર્યના ગંભીર પરિણામો આવી શકે છે, જેમાં ભવિષ્યમાં કેનેડામાંથી દૂર કરવાની પરવાનગીનો ઈન્કાર પણ શામેલ છે.

કેનેડાના કેલગરીની પોર્ટેજ કોલેજે ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) દ્વારા તેમના વર્ક વિઝા નકારી કાઢવામાં આવ્યા બાદ વિરોધ કરી રહેલા ભારતીય વિદ્યાર્થીઓને કાનૂની સલાહ લેવા કહ્યું હતું. ૨૧ જુલાઈના રોજ વેબસાઇટ પર શેર કરાયેલા અપડેટમાં, કોલેજે કહ્યું : "પોર્ટેજ કોલેજ આ મુદ્દા અંગે સ્પષ્ટતા કરે છે અને નવી માહિતી ઉપલબ્ધ થતાં જ તથ્યપૂર્ણ માહિતી પ્રદાન કરવા અને વિદ્યાર્થીઓને માહિતગાર રાખવા માટે પ્રતિબદ્ધ છે. કોલેજે જણાવ્યું હતું કે તેણે આવતા અઠવાડિયે જૂથના પ્રતિનિધિઓ સાથે ફોલો-અપ મીટિંગનું આયોજન કર્યું છે. આ મીટિંગ અમારા સંવાદને ચાલુ રાખવા, શક્ય હોય ત્યાં પ્રશ્નોના જવાબ આપવા અને ઉપલબ્ધ થતી કોઈપણ નવી માહિતી શેર કરવાની તક પૂરી પાડશે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (ટ્વિટર) પર પોસ્ટ કરાયેલા એક નિવેદનમાં, IRCCએ વિદ્યાર્થીઓને યાદ અપાવ્યું કે તેમને ફક્ત તેમની સ્ટડી પરમિટ સાથે જોડાયેલી ચોક્કસ શરતો હેઠળ જ કામ કરવાની મંજૂરી છે. એજન્સીએ કહ્યું કે અધિકૃતતા વિના કામ કરવું એ ઈમિગ્રેશન કાયદાનું ઉલ્લંઘન ગણી શકાય છે. IRCCએ વિદ્યાર્થીઓને અનધિકૃત કાર્યના પરિણામો અંગેના તેના સત્તાવાર માર્ગદર્શન તરફ નિર્દેશ કર્યો, જેમાં અસ્વીકાર્યતાના તારણોથી લઈને અમલીકરણ કાર્યવાહી સુધીના દંડની રૂપરેખા આપવામાં આવી છે.

"અભ્યાસ કરતી વખતે કામ કરવાની યોજના ધરાવતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ માહિતી :

● જો તમારી સ્ટડી પરમિટની શરતો કહે કે તમે તે કરી શકો છો તો જ તમે કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી તરીકે કામ કરી શકો છો.

● જો તમે કેમ્પસની બહાર કામ કરવા માટે પાત્ર છો, તો તમે વર્ગો ચાલુ હોય ત્યારે અઠવાડિયામાં ફક્ત ૨૪ કલાક સુધી જ કામ કરી શકો છો.

● તમારી મંજૂરી કરતાં વધુ કામ કરવું એ તમારી સ્ટડી પરમિટની શરતોનું ઉલ્લંઘન છે, જેના ગંભીર પરિણામો આવી શકે છે.

કેનેડા કોલેજે વિરોધ કરી રહેલા ભારતીય વિદ્યાર્થીઓને મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો જાળવી રાખવા જણાવ્યું છે. વેબસાઇટ પર, પોર્ટેજ કોલેજે વિદ્યાર્થીઓને મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો રાખવાની સલાહ આપી છે જે ભવિષ્યની કોઈપણ અરજી, પુનર્વિચારણા માટેની વિનંતી અથવા અધિકૃત ઈમિગ્રેશન વ્યાવસાયિકની સલાહ પર હાથ ધરવામાં આવતી અન્ય પ્રક્રિયા સાથે સંબંધિત હોઈ શકે છે. વિદ્યાર્થીઓએ જે દસ્તાવેજોની નકલો રાખવી જોઈએ તેની યાદીમાં આ શામેલ છે :

● અભ્યાસની પરવાનગી ● સ્વીકૃતિ પત્રો ● નોંધણી રેકોર્ડ ● કાર્યક્રમ પૂર્ણતાના દસ્તાવેજો ● ટ્રાન્સક્રિપ્ટ્સ ● PGWP અરજીઓ ● IRCCના ઈન્કાર પત્રો અને અધિકારીની નોંધો, જો ઉપલબ્ધ હોય તો. ● IRCC અથવા અધિકૃત ઈમિગ્રેશન પ્રતિનિધિ સાથે પત્રવ્યવહાર.

રાષ્ટ્રીય હિત અને નાગરિક સમાજનું સંતુલન : ભારતના FCRA માળખા પર પુનર્વિચાર કરવાની જરૂર છે

(એજન્સી) તા.૨૭

વિદેશી યોગદાન (નિયમન) અધિનિયમ (FCRA)ના ઉત્ક્રાંતિને ઘણા દાયકાઓ પછી અને તેના શરૂઆતના પુનરાવર્તનોથી લઈને તેના તાજેતરના સુધારાઓ સુધી હું ચાલુ ચોમાસા સત્ર દરમિયાન સંસદ દ્વારા કાયદાનું પુનઃપરીક્ષણ કરવા કેટલાક વિચારો શેર કરૂં છું. આ અવલોકનો ભારતના સ્વૈચ્છિક ક્ષેત્ર સાથે વર્ષોના ઊંડા જોડાણમાંથી આવે છે અને રચનાત્મક રાષ્ટ્રીય ચર્ચાની ભાવનામાં રજૂ કરવામાં આવ્યા છે. બિન-સરકારી સંગઠનો માટે વિદેશી ભંડોળનું નિયમન ભારતીય જાહેર નીતિમાં સૌથી વિવાદાસ્પદ મુદ્દાઓમાંનો એક છે. સ્પષ્ટપણે, દરેક સાર્વભૌમ રાષ્ટ્ર પાસે તેની સુરક્ષા, બંધારણીય વ્યવસ્થા અને જાહેર જવાબદારીને સુરક્ષિત રાખવા માટે આવનારી વિદેશી મૂડીનું નિયમન કરવાનો કાયદેસર અધિકાર અને જવાબદારી છે. આજે ભારત સામેનો મુખ્ય પ્રશ્ન એ નથી કે નિયમન જરૂરી છે કે નહીં પરંતુ શું આપણું વર્તમાન માળખું રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા અને જીવંત નાગરિક સમાજને સક્ષમ બનાવવા વચ્ચે યોગ્ય સંતુલન કરે છે.

પરંતુ તેમાં કોઈ મતભેદ નથી કે પારદર્શિતા, ઓડિટિંગ અને દેખરેખ આવશ્યક છે. કોઈ જવાબદાર નાગરિક સમાજ સંગઠન વાજબી જાહેરાતની આવશ્યકતાઓનો વિરોધ કરતું નથી, કે કોઈ ભંડોળના દુરૂપયોગ અથવા બાહ્ય હસ્તક્ષેપને રોકવા માટે રાજ્યની ફરજ પર પ્રશ્ન ઉઠાવતું નથી. છતાં FCRAમાં ક્રમિક સુધારાઓએ નાગરિક સમાજ માટે કાર્યકારી જગ્યાને નિર્ણાયક હદ સુધી રોકી દીધી છે. કડક વહીવટી ખર્ચ મર્યાદા, સબ-ગ્રાન્ટિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ, કેન્દ્રીયકૃત બેંકિંગ આદેશો અને અનુપાલન અવરોધો પાયાના સંગઠનોને સૌથી વધુ અસર કરે છે. આ ઘણીવાર દૂરના, સીમાંત વિસ્તારોમાં કાર્યરત સંસ્થાઓ છે જ્યાં સરકારની પહોંચ મર્યાદિત છે. આ નિયમોની વાસ્તવિક દુનિયાની અસર સરળ દેખરેખથી ઘણી વધુ છે. ઘણી વિશ્વસનીય, ઉચ્ચ-અખંડિત સંસ્થાઓને તેમના કાર્યને પાછું ખેંચવાની અથવા સંપૂર્ણપણે બંધ કરવાની ફરજ પડી છે - તે નાણાકીય ગેરરીતિને કારણે નહીં પરંતુ વધુ અનુપાલનના કારણે છે. જ્યારે આ સંસ્થાઓ અદૃશ્ય થઈ જાય છે, ત્યારે સંવેદનશીલ સમુદાયો શિક્ષણ, આરોગ્યસંભાળ, આપત્તિ રાહત, પર્યાવરણીય સંરક્ષણ અને બંધારણીય અધિકારોનું રક્ષણ ગુમાવે છે. આ સ્વસ્થ લોકશાહી માટે કાર્યક્ષમ શાસન કરતાં વધુ જરૂરી છે. તે એક સ્વતંત્ર, ગતિશીલ નાગરિક સમાજની માંગ કરે છે જે નવીનતા લાવવા, નબળા લોકો માટે હિમાયત કરવા અને રચનાત્મક નીતિ પ્રતિસાદ આપવા સક્ષમ હોય. નાગરિક સમાજને ક્યારેય રાજ્યના વિરોધી તરીકે જોવો જોઈએ નહીં પરંતુ રાષ્ટ્ર નિર્માણમાં એક અનિવાર્ય ભાગીદાર તરીકે જોવો જોઈએ. અસરકારક નિયમન વાસ્તવિક સુરક્ષા જોખમો અને કાયદેસર વિકાસ કાર્ય વચ્ચે સ્પષ્ટ રીતે તફાવત કરે તે જરૂરી છે. પારદર્શક, અનુમાનિત અને સુવિધાજનક માળખું સ્વાભાવિક રીતે પાલનને પ્રોત્સાહન આપશે, જ્યારે જવાબદાર સંસ્થાઓને તેમના મિશન પૂર્ણ કરવા માટે સશક્ત બનાવશે. ભારતના વિશાળ વિકાસ પડકારોને ફક્ત રાજ્ય દ્વારા ઉકેલી શકાતા નથી. સંસદ FCRAના ભવિષ્ય પર ચર્ચા કરી રહી છે, ત્યારે કાયદા ઘડનારાઓ પાસે કાયદાનું પુનર્ગઠન કરવાની મહત્ત્વપૂર્ણ તક છે. આપણે આપણા લોકશાહીને સમૃદ્ધ બનાવતી નાગરિક ઊર્જાને દબાવ્યા વિના જરૂરી સુરક્ષા સલામતીઓ જાળવી રાખવી જોઈએ. વિશ્વાસ, જવાબદારી અને પરસ્પર આદર પર આધારિત સંબંધ આપણી રાષ્ટ્રીય સુરક્ષા અને સહભાગી સમાજના બંધારણીય વચન બંને માટે મહત્ત્વપૂર્ણ છે.

લોકસભા મુલતવી, પેપર લીક વિરોધી બિલની ચર્ચા હવે આજે થશે

(એન્જસી) નવી દિલ્હી, તા.૨૭। સોમવારે ૨૭ જુલાઈના રોજ લોકસભામાં જાહેર પરીક્ષાના પ્રશ્નપત્રો લીક કરવાના દોષિતો માટે સજા વધારવાની માંગ કરતું બિલ રજૂ થઈ શક્યું નહીં કારણ કે, વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહી પર સરકાર પાસેથી જવાબ માંગવા માટે સતત વિરોધ ચાલુ રાખ્યો હતો. સાંજે ૫ વાગ્યે ગૃહ ફરી શરૂ થતાં કરોડો યુવાનોના ભવિષ્ય સાથે સંબંધિત બાબત તરીકે જાહેર પરીક્ષા (અન્યાયી માધ્યમો નિવારણ) સુધારા બિલ પર ચર્ચા કરવા માટે અધ્યક્ષ દ્વારા બોલાવવામાં આવેલા હાકલ વચ્ચે વિપક્ષી સભ્યોએ સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યા. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે, વિપક્ષના સભ્યો સહિત ઘણા સભ્યો ચર્ચામાં ભાગ લેવા તૈયાર હતા, પરંતુ કૉંગ્રેસ અને 'તેના કેટલાક મિત્રો' વિક્ષેપ પેદા કરી રહ્યા હતા અને ચર્ચા થવા દીધી ન હતી. ત્યારબાદ અધ્યક્ષે ગૃહને દિવસભર માટે મુલતવી રાખ્યું. સરકારે જાહેર પરીક્ષાઓ (અયોગ્ય માધ્યમોનું નિવારણ) સુધારો બિલ રજૂ કર્યું, જે ૨૦૨૪માં પસાર થયેલા પેપર લીક વિરોધી કાયદામાં સુધારો કરવાનો પ્રયાસ કરે છે જેમાં ૧૦ વર્ષ સુધીની જેલની સજા અને ૧૦ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે, જે NEET પેપર લીક સામે મોટા પાયે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનના થોડા દિવસોમાં જ રજૂ કરવામાં આવ્યું હતું. ૨૦ જુલાઈના રોજ સંસદનું ચોમાસુ સત્ર શરૂ થયું ત્યારથી વિપક્ષ NEET પેપર લીકનો મુદ્દો ઉઠાવી રહ્યું છે જેના કારણે બે બિલ રજૂ કરવા સિવાય અત્યાર સુધી કોઈ કાયદાકીય કાર્ય હાથ ધરવામાં આવ્યું નથી. ધર્મેન્દ્ર પ્રધાને શિક્ષણ મંત્રી તરીકે રાજીનામું આપ્યાના બે દિવસ પછી સોમવારે ગૃહની બેઠક મળી ત્યારે વિપક્ષે જંતર-મંતર અને દેશના અન્ય ભાગોમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર બળપ્રયોગના કથિત આરોપો પર સરકાર પાસેથી જવાબ માંગ્યો.

'હું સ્ટ્રીટ ફાઇટર છું' : ધર્મેન્દ્ર પ્રધાને કોંગ્રેસના સાંસદની 'આવું તો થાય છે' ટિપ્પણી પર વળતો જવાબ આપ્યો

ધર્મેન્દ્ર પ્રધાન કારમાંથી ઉતર્યા, હસ્યા, નમસ્તે સાથે હાથ જોડીને શાસક સાંસદોના જયઘોષ અને 'ધર્મેન્દ્ર પ્રધાન ઝિંદાબાદ'ના નારા વચ્ચે સંસદ તરફ જવા લાગ્યા હતા

(એજન્સી) તા.૨૭

આ સપ્તાહના અંતે શિક્ષણ મંત્રી પદેથી રાજીનામું આપ્યા પછી સોમવારે જ્યારે ધર્મેન્દ્ર પ્રધાન સંસદ ભવનમાં પહોંચ્યા, ત્યારે ભાજપ અને NDA સાંસદોની મોટી ભીડ તેમનું સ્વાગત કરવા માટે ઉમટી પડી હતી. ઓડિશાના સાંસદ કારમાંથી ઉતર્યા, હસ્યા, નમસ્તે કરીને હાથ જોડીને શાસક સાંસદોના જયઘોષ અને 'ધર્મેન્દ્ર પ્રધાન ઝિંદાબાદ'ના નારા વચ્ચે આગળ વધ્યા હતા. સાંસદો તેમની આસપાસ ભેગા થતાં જ ખુશીના દૃશ્યો જોવા મળ્યા હતા. એક સાંસદે ટિપ્પણી કરી કે આ પહેલી વાર છે જ્યારે કોઈ મંત્રીએ કોઈપણ આરોપનો સામનો કર્યા વિના રાજીનામું આપ્યું હોય. કોકરોચ જનતા પાર્ટીએ NEET પેપર લીક પર પ્રધાનના રાજીનામાની માંગ કરી હતી. કૉંગ્રેસના સાંસદ જયરામ રમેશે શનિવારે શિક્ષણ મંત્રી પદેથી રાજીનામું આપનારા પ્રધાનને કહ્યું હતું કે, આવું થતું રહે છે. સાંસદે વળતો પ્રહાર કરતા કહ્યું કે, આ કંઈ થયું નથી, હું શેરીનો લડવૈયો છું, એસી-રૂમમાં બેસીને કામ કરતો કાર્યકર્તા નથી. ભાજપના સાંસદને પાર્ટી સંગઠનમાં કોઈ ભૂમિકા સોંપવામાં આવી શકે છે અથવા પાંચ રાજ્યોમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે ભાજપના પ્રચારનું નેતૃત્વ કરવાનું કામ સોંપવામાં આવી શકે છે. તેમના સમર્થકો માને છે કે, તેમણે રાષ્ટ્રીય હિતમાં પોતાનું પદ 'બલિદાન' આપ્યું છે, આ પગલું જનતામાં અને તેમના સંસદીય મતવિસ્તાર, સંબલપુરમાં તેમની છબીને વધુ મજબૂત બનવાની અપેક્ષા છે. પ્રધાને શનિવારે X પર પોસ્ટ કરેલા એક નિવેદનમાં કહ્યું કે, છેલ્લા ૧૦ દિવસની ઘટનાઓ જોઈને મને દુઃખ થયું છે. આ મારા માટે વ્યક્તિગત પ્રતિષ્ઠાનો વિષય નથી. ભારતની યુવા શક્તિ આ રાષ્ટ્રની વાસ્તવિક તાકાત છે. મારો સંકલ્પ છે કે, આપણે દેશના યુવાનોને મૂંઝવણના દુષ્ટ ચક્રમાં ફસાવવા દઈશું નહીં. ઓડિશા ભાજપના શક્તિશાળી નેતા હોવા ઉપરાંત તેમણે રાષ્ટ્રીય રાજકારણમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. તેમણે તાજેતરની બિહાર વિધાનસભા ચૂંટણી માટે પ્રભારી તરીકે સેવા આપી હતી અને પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી દરમિયાન ભવાનીપુર મતવિસ્તારમાં મમતા બેનરજી પર સુવેન્દુ અધિકારીની જીતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને પરાજયનો સામનો કરવો પડ્યો, જ્યાં પાર્ટી પોતાના દમ પર બહુમતી મેળવવામાં નિષ્ફળ ગઈ, ત્યારે પ્રધાને હરિયાણામાં પાર્ટીની જીતમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું. આ પહેલા તેમણે ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ અને કર્ણાટક સહિત અનેક રાજ્યોમાં પ્રભારી તરીકે પાર્ટીની સફળતામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. મંત્રી પદેથી રાજીનામું આપ્યા પછી તરત જ ગૃહમંત્રી અમિત શાહ તેમના નિવાસસ્થાને ગયા હતા અને પાર્ટીના વડા નીતિન નવીન અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સહિત ભાજપના ટોચના નેતાઓએ શિક્ષણ ક્ષેત્રમાં લાગુ કરાયેલા સુધારાઓને સમર્થન આપ્યું હતું. ૫૭ વર્ષીય પ્રધાનના રાજીનામાથી ઓડિશા ભાજપની આંતરિક ગતિશીલતા પર પણ અસર પડી શકે છે. જુઆલોરમ સિવાય, પ્રધાન આ રાજ્યના એકમાત્ર અન્ય કેબિનેટ મંત્રી હતા. પ્રધાન ઓડિશા ભાજપ પર મજબૂત પકડ ધરાવે છે. પક્ષના સૂત્રો જણાવે છે કે, રાજીનામાથી ઓડિશામાં સાંસદનો પ્રભાવ ઓછો થશે નહીં. તેમણે ૨૦૧૪થી રાજ્યમાં પાર્ટીના વિસ્તરણ અને ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં તેની મોટી સફળતામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. રાજ્યના ૭૮ ભાજપના ધારાસભ્યો માંથી મોટાભાગના અને ઓડિશા મંત્રીમંડળમાં આશરે ૪૦% મંત્રીઓ તેમની નજીક માનવામાં આવે છે.

CJPની ધમકી બાદ બિહારમાં પણ સરકાર ઝુકી : NEET આંદોલનકારીઓ વિરૂદ્ધના તમામ કેસ પાછા ખેંચશે

(એજન્સી) તા.૨૭

NEET પેપર લીક મામલે રસ્તા પર ઉતરેલા વિદ્યાર્થીઓ અને પ્રદર્શનકારીઓને બિહાર સરકારે મોટી રાહત આપી છે. રાજ્ય સરકારે ૨૬ જુલાઈ, ૨૦૨૬ની સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં થયેલા પ્રદર્શનોને લઈને નરમાશ દર્શાવતા આંદોલનમાં સામેલ લોકોના હિતમાં ૪ મોટા નિર્ણયો લીધા છે. આ નિર્ણય હેઠળ વિદ્યાર્થીઓ પર નોંધાયેલા પોલીસ કેસ પાછા ખેંચવામાં આવશે અને કસ્ટડીમાં લેવાયેલા લોકોને તાત્કાલિક મુક્ત કરવામાં આવશે.

NEET-UG પરીક્ષામાં ગેરરીતિના વિરોધમાં બિહારના અનેક વિસ્તારોમાં વિદ્યાર્થીઓએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. પ્રદર્શન દરમિયાન પોલીસે કેટલીક જગ્યાએ કેસ દાખલ કર્યા હતા અને ઘણા વિદ્યાર્થીઓની અટકાયત પણ કરી હતી. પોલીસ કાર્યવાહીને કારણે અનેક વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે સંકટ ઊભું થયું હતું પરંતુ હવે સરકારના નિર્ણયથી વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોએ રાહતનો શ્વાસ લીધો છે.

બિહાર સરકારની ૪ મોટી જાહેરાતો :

૧. કોઈ કાનૂની કાર્યવાહી નહીં : ૨૬ જુલાઈ સાંજે ૬:૦૦ વાગ્યા સુધી આંદોલનમાં સામેલ થયેલી કોઈપણ વ્યક્તિ સામે કોઈ શિક્ષાત્મક કે કાનૂની પગલાં લેવાશે નહીં.

૨. FIR અને નોટિસ પરત ખેંચાશે : ૨૬ જુલાઈ સાંજે ૬:૦૦ વાગ્યા પહેલા નોંધાયેલી તમામ FIR, ફરિયાદો અને શો-કોઝ નોટિસ પાછી ખેંચવાની પ્રક્રિયા તરત જ શરૂ થશે.

૩. ધડપકડ કરાયેલા લોકોની મુક્તિ : નિર્ધારિત સમયસીમા પહેલા જે પણ વિદ્યાર્થીઓ કે પ્રદર્શનકારીઓની અટકાયત કે ધરપકડ કરવામાં આવી છે, તેમને વહેલી તકે મુક્ત કરાશે.

૪. ભવિષ્યમાં પણ રક્ષણ : ૨૬ જુલાઈ પહેલાના કેસોમાં નામ ધરાવતી વ્યક્તિઓ સામે ભવિષ્યમાં પણ પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં.

વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવે સરકારને ૨૭ જુલાઈની રાત્રે ૧૨:૦૦ વાગ્યા સુધીનું અલ્ટીમેટમ આપ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, જો વિદ્યાર્થીઓ પરના તમામ કેસ પાછા ખેંચવામાં નહીં આવે તો તેઓ ૨૮ જુલાઈના રોજ સવારે ૭:૦૦ વાગ્યાથી રાજ્યવ્યાપી મોટું આંદોલન શરૂ કરશે. વિપક્ષના આ આકરા વલણ અને વિદ્યાર્થીઓના આક્રોશને જોતા સરકારે અંતે નરમ પડીને કેસ પાછા ખેંચવાની જાહેરાત કરી છે.

તેજસ્વી યાદવનું અલ્ટીમેટમ પણ કામ કરી ગયું

વારાણસીના શિક્ષકે ૫ વર્ષના બાળકના ગુપ્તાંગને ગરમ છરીથી ડામ આપ્યા

(એજન્સી) વારાણસી, તા.૨૭। વારાણસીમાં એક ખાનગી શાળાના શિક્ષક, આચાર્ય અને મેનેજમેન્ટ વિરૂદ્ધ પાંચ વર્ષના વિદ્યાર્થીના ગુપ્તાંગ પર ગરમ છરીથી હુમલો કરવામાં આવ્યા બાદ પ્રથમ માહિતી અહેવાલ (FIR) નોંધવામાં આવ્યો છે, પોલીસે સોમવારે, ૨૭ જુલાઈના રોજ જણાવ્યું હતું. બાળકના પિતા, કેસરી જયસ્વાલ, જે એક વકીલ છે, તેની ફરિયાદ પર લાલપુર-પાંડેપુર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે અને પોલીસે તપાસ શરૂ કરી છે. જયસ્વાલે આરોપ લગાવ્યો છે કે પાંડેપુરની સરીન સોની પ્લે સ્કૂલમાં નર્સરીનો વિદ્યાર્થી, ૨૪ જુલાઈના રોજ ઘરે પાછો ફર્યો અને તેના ગુપ્તાંગમાં દુખાવો થવાની ફરિયાદ કરી. પોલીસે સોમવારે જણાવ્યું હતું કે વારાણસીમાં એક ખાનગી શાળાના શિક્ષક, આચાર્ય અને મેનેજમેન્ટ વિરૂદ્ધ પાંચ વર્ષના વિદ્યાર્થીના ગુપ્તાંગ પર ગરમ છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેના પગલે પોલીસે ફરિયાદ નોંધાવી છે. કેસરી જયસ્વાલે આરોપ લગાવ્યો છે કે તેનો પુત્ર નર્સરીમાં ભણતો હતો. તેમણે જણાવ્યું હતું કે તપાસમાં બાળકની માતાને એક ફોલ્લો જોવા મળ્યો હતો. પિતાએ શિક્ષક પ્રીતિ કુશવાહાને આરોપ લગાવ્યો હતો કે જ્યારે તેને વોશરૂમનો ઉપયોગ કરવાની પરવાનગી ન આપવામાં આવી ત્યારે તેણે તેના ટ્રાઉઝરમાં પેશાબ કર્યો હતો અને તેને ઈજા પહોંચાડી હતી. ફરિયાદ મુજબ, શિક્ષક કથિત રીતે બાળકને બીજા રૂમમાં લઈ ગયો, ગેસના ચૂલા પર છરી ગ

સુપ્રીમ કોર્ટ સમક્ષ દાખલ જાહેરહિતની અરજી પર સુનાવણી વેળા આકરી ઝાટકણી

ગટર સફાઈ વખતે કામદારોના થઈ રહેલ મોત મામલે સુપ્રીમ કોર્ટ ખફા : શો-કોઝ નોટિસ

ગુજરાત સહિત પાંચ રાજ્યોના મુખ્ય સચિવો પાસે જવાબ મંગાવાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૭

દેશમાં ગટર અને સેપ્ટિક ટેકની સફાઈ દરમિયાન સફાઈ કામદારોના સતત થઈ રહેલા મોત અંગે સુપ્રીમ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી છે. જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ વિપુલ એમ પંચોલીની

નક્કી કરીશું. ક્યાંક તો આ અટકવું જ જોઈએ. સુપ્રીમકોર્ટ સુનાવણીના અંતે ઉપરોક્ત તમામ ૫ રાજયોના મુખ્ય સચિવોને ૪ અઠવાડિયામાં એફિડેવિટ દ્વારા જવાબ રજુ કરવા આદેશ આપ્યો છે. મુખ્ય સચીવોના જવાબો સુપરત કરવાની આગામી

સુપ્રીમ કોર્ટના આદેશોનું પાલન ન કરવા બદલ સુઓમોટો કન્ટેપ્ટ ઓફ કોર્ટની કાર્યવાહી કેમ ન કરવી? માંગ્યો જવાબ

બેંચે આ મામલે કડક વલણ અપનાવતા ગુજરાત, મહારાષ્ટ્ર, તામિલનાડુ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના મુખ્ય સચિવોને શો-કોઝ નોટિસ પાઠવી છે, અને પૂછ્યું છે કે, આદેશોનું પાલન ન કરવા બદલ તેમની સામે સુઓમોટો અદાલતી અવમાનના (Contempt of Court)ની કાર્યવાહી શા માટે ન કરવામાં આવે? સુપ્રીમ કોર્ટે ડો. બલરામ સિંહ દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી પર સુનાવણી કરતા આ નિર્દેશ આપ્યો હતો. ઓક્ટોબર ૨૦૨૩માં સુપ્રીમ કોર્ટે ગટર સફાઈ દરમિયાન થતા મોત પર વળતરની રકમ વધારીને રૂપિયા ૩૦ લાખ કરી હતી, અને જાન્યુઆરી ૨૦૨૫માં ૬ મેટ્રોપોલિટન શહેરોમાં હાથથી મેલુ ઉપાડવાની ઘટના (મેન્યુઅલ સ્કેવન્જિંગ) પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો હતો. સુપ્રીમકોર્ટમાં સુનાવણી દરમ્યાન સિનિયર એડવોકેટ કે. પરમેશ્વરે અદાલતને રજૂઆત કરતા જણાવ્યું કે, કડક આદેશો છતાં મૃત્યુની ઘટનાઓ અટકી નથી. સંસદમાં રજૂ કરાયેલા આંકડા મુજબ ૨૦૨૪માં ૫૪ અને ૨૦૨૫માં ૪૬ મોત નોંધાયા છે. ૨૦૨૪માં મહારાષ્ટ્રમાં ૧૭, રાજસ્થાનમાં ૧૩ અને તામિલનાડુમાં ૧૨ કામદારોના મોત થયા છે. આ આંકડાઓ સાંભળીને જસ્ટિસ કુમારે જણાવ્યું કે, 'અમારા આદેશો પછી પણ જો મોત થતા હોય, તો આ હવે ચલાવી લેવાય નહીં. તમે કન્ટ્રાક્ટરો પર દોષનો ટોપલો ઢોળવાનું બંધ કરો, અમે જવાબદારી તારીખે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં પણ ગટર સફાઈ દરમ્યાન ગટરમાં ઉતરવાના કારણે કામદારોના મોત થવાના બનાવો બનેલ હોઈ સુપ્રીમકોર્ટ દ્વારા નોટિસ પાઠવવામાં આવી છે ત્યારે હવે રાજયના મુખ્ય સચિવ આ અંગે જવાબમાં શું વિગતો આપે છે તે હવે આગામી સુનાવણીએ જાણવા મળશે. જો કે સુપ્રીમકોર્ટે આ સમગ્ર મામલને ગંભીરતાથી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાત હાઈકોર્ટ દ્વારા રખડતા કૂતરાના ત્રાસ અંગે રાજ્યવ્યાપી મોનિટરિંગ શરૂ

૪ ઓગસ્ટ સુધીમાં જવાબ રજૂ કરવા રાજ્ય સરકાર સહિતનાને આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૭

રાજ્યમાં વધી રહેલા રખડતા કૂતરાઓના ત્રાસ અને તેના નિયંત્રણને લઈને ગુજરાત હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર હાઈકોર્ટે આ મામલે સુઓ મોટુ કાર્યવાહી હાથ ધરી છે, જેના ભાગરૂપે રાજ્યમાં રખડતા પ્રાણીઓની સમસ્યાનું સ્તરવાર નિરીક્ષણ શરૂ કરવામાં આવ્યું છે. આ મામલે સુપ્રીમ કોર્ટે દેશભરની તમામ હાઈકોર્ટોને રખડતા કૂતરાઓની વ્યવસ્થાપન અંગેના આદેશોનું કડક પાલન થાય તે સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતના આ આદેશના પાલનમાં જ હાઈકોર્ટે આ જાહેર હિતની અરજી (PIL) નોંધી છે. હાઈકોર્ટે આ મામલે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, ગુજરાત રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ અને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)ને નોટિસ પાઠવીને સ્પષ્ટતા માગી છે. આ કાર્યવાહીના માધ્યમથી રાજ્ય સરકાર અને સ્થાનિક નાગરિક સંસ્થાઓ કે વહીવટી તંત્રને અત્યારસુધી થયેલી

કામગીરી તેમજ કાયદાકીય માળખા અને સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા મુજબ ભવિષ્યની કાર્યવાહીનો રોડમેપ કોર્ટસમક્ષ રજૂ કરવાની તક મળશે. આ કેસની આગામી સુનાવણી આગામી ૪ ઓગસ્ટના રોજ મુકરર કરવામાં આવી છે, અને તે તારીખ સુધીમાં સંબંધિત સત્તાવાળાઓએ પોતાનો પાલન અહેવાલ રેકોર્ડ પર મૂકવાનો રહેશે. રખડતા કૂતરાઓ સંબંધિત અનેક અરજીઓ પર સુપ્રીમ કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો હતો. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જાહેર સ્થળોએથી રખડતા કૂતરાઓને દૂર કરવાનો અગાઉનો આદેશ યથાવત રહેશે અને ૨૦૨૫માં આપવામાં આવેલ નિર્ણયનો અમલ ચાલુ રહેશે. આ કેસમાં ન્યાયાધીશ વિક્રમનાથ, સંદીપ મહેતા અને એન.વી. અંજારિયાની બેન્ચે મહત્વપૂર્ણ નિર્દેશો આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે આ મુદ્દો માત્ર કાનૂની નહીં પરંતુ જાહેર આરોગ્ય અને સલામતી સાથે સીધો જોડાયેલો છે. દેશમાં હડકવાના કારણે થયેલા મોત અને રખડતા કૂતરાઓના હુમલાઓને ગંભીર ચિંતાનો વિષય ગણવામાં આવ્યો છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું કે નાગરિકોના જીવનનું રક્ષણ કરવું રાજ્યની જવાબદારી છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે ABC નિયમ ૨૦૦૧ અમલમાં હોવા છતાં રખડતા કૂતરાઓની સંખ્યા સતત વધી રહી છે, જ્યારે તેમને સંભાળવા માટેના આશ્રયસ્થાનો અને અન્ય સુવિધાઓ પૂરતી ઝડપે વિકસ્યા નથી. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે કૂતરાઓની નસબંધી અને રસીકરણ ખૂબ જ જરૂરી છે. સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશનોએ આવા કૂતરાઓને પકડીને જરૂરી પ્રક્રિયા પછી તેમને ફરી તે જ વિસ્તારમાં છોડવા જોઈએ, જ્યાંથી તેઓ પકડાયા હતા. જોકે હડકવાથી સંક્રમિત કૂતરાઓને કોઈપણ સ્થિતિમાં આશ્રયસ્થાનમાંથી બહાર છોડવા નહીં. કોર્ટે વધુમાં જણાવ્યું છે કે જાહેર સ્થળો જેમ કે શાળાઓ, કોલેજો, હોસ્પિટલ, રેલવે સ્ટેશન અને બસ સ્ટેન્ડમાંથી રખડતા કૂતરાઓને દૂર રાખવા જરૂરી છે. તેમજ કૂતરાઓને ખવડાવવા માટે નિશ્ચિત ખોરાક ઝોન બનાવવાની વ્યવસ્થા કરવી જોઈએ જેથી જાહેર જગ્યાઓ પર અસમંજસ ન સર્જાય. અંતમાં, રખડતા કૂતરાઓના સંચાલન માટે એક સમાન રાષ્ટ્રીય નીતિ બનાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો છે, જેથી સમગ્ર દેશમાં એકસરખું અને અસરકારક નિયંત્રણ શક્ય બને.

ફ્લાઈટના કાર્ગો કંપાર્ટમેન્ટમાં અચાનક ધુમાડો દેખાતા પાયલોટે 'MAYDAY' કોલ આપ્યો

દુબઈ-મુંબઈની ફ્લાઈટમાં ધુમાડો દેખાતા રાજકોટ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ

રાજકોટ એરપોર્ટ પર ફાયર બ્રિગેડ-એમ્બ્યુલન્સ વગેરે તૈનાત : ૧૯૪ મુસાફરોના જીવ અદ્ધર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૭

દુબઈથી મુંબઈ આવતી ઈન્ડિગો ફ્લાઈટ (IGO1452)ના કાર્ગો કમ્પાર્ટમેન્ટમાં અચાનક ધુમાડો દેખાતા ફ્લાઈટનું રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. જોકે, આ દરમિયાન ક્રૂ મેમ્બર સહિત ૧૯૪ મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા, પરંતુ આ ફ્લાઈટનું સફળતાપૂર્વક લેન્ડિંગ કરાયું હતું. મુસાફરોને કોઈપણ પ્રકારની જાનહાનિ ન થતા એરપોર્ટ ઓથોરિટી અને રાજકોટ વહીવટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. હાલ બૉમ્બ અને ડોગ સ્કવોડ એરપોર્ટ પહોંચી ગઈ છે. ફ્લાઈટના પાયલોટને કાર્ગોમાં ધુમાડો દેખાતા તેના દ્વારા મેડે... મેડે... મેડે (ઈમરજન્સી)નો મેસેજ આપવામાં આવતા તાત્કાલિક રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટના છ્ઝ દ્વારા ઈમરજન્સી લેન્ડિંગની મંજૂરી આપવામાં આવી હતી. એરપોર્ટ ઓથોરિટીના સૂત્રોના જણાવ્યા પ્રમાણે દુબઈથી મુંબઈ આવતી ઈન્ડિગોની ફ્લાઈટ દુબઈથી સહી સલામત ઉપડી હતી, પરંતુ રસ્તામાં ફ્લાઈટના કાર્ગો કમ્પાર્ટમેન્ટમાં સ્મોક શરૂ થતા આ ફ્લાઈટને રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેને લીધે ફ્લાઈટમાં બેસેલા ક્રૂ મેમ્બર સહિત ૧૯૪ મુસાફરો ડરી ગયા હતા પરંતુ પાયલોટ દ્વારા ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ સફળતાપૂર્વક કરવામાં આવતા મુસાફરોના જીવ બચી ગયાં હતાં. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટમાં કાર્ગો કમ્પાર્ટમેન્ટમાંથી ધુમાડો નીકળતો હોવાને કારણે તેનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવી રહ્યું હોવાનો મેજર કોલ મળતા જ રાજકોટથી મહાનગરપાલિકાના ૨ ફાયર ફાઈટર અને ૨ એમ્બ્યુલન્સ તાત્કાલિક એરપોર્ટ પર પહોંચી ગઈ હતી અને આ સમયે ફાયર બ્રિગેડના જવાનો તેમજ તબીબી સ્ટાફ પણ તૈયાર હતો. રાજકોટ જિલ્લા કલેક્ટર, CISF અને એરપોર્ટ પોલીસ સહિતનો સ્ટાફ પણ ત્યાં પહોંચી ગયાં હતાં. એરપોર્ટના ડાયરેક્ટર દિગંત બોરાહે જણાવ્યું હતું કે, IGO 1452 દુબઈ-મુંબઈ વચ્ચેની ફ્લાઈટમાં કાર્ગો કમ્પાર્ટમેન્ટમાં ધુમાડો થતા ૨:૪૫ વાગ્યે ફુલ ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી. જેબાદ ૩:૨૭ વાગ્યે આ ફ્લાઈટનું રાજકોટ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ફ્લાઈટમાં બેસેલા ૧૯૪ જેટલા મુસાફરો સુરક્ષિત છે. રાજકોટના કલેક્ટર ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, દુબઈથી મુંબઈ આવતી ઈન્ડિગો ફ્લાઈટમાં કાર્ગો એરિયામાં પાયલોટને ધુમાડો દેખાયો હતો જેના કારણે ઈમર્જન્સી લેન્ડિંગ માટે જાણ કરાઈ હતી. રાજકોટ એરપોર્ટ પર તાત્કાલિક અસરથી મેજર કોલ જાહેર કરી ૭૦ જેટલી એમ્બ્યુલન્સ, નર્સિંગ સ્ટાફ, ડોક્ટર તેમજ ફાયર ફાઈટરને એરપોર્ટ પર સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા હતા. ફ્લાઈટના ૧૮૫ પેસેન્જર્સ, ૨ નાના બાળકો અને ૭ ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત નીચે ઉતારી રિફ્રેશમેન્ટ એરિયામાં રાખવામાં આવ્યા છે. હતા અને ફ્લાઈટનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. આગ લાગી હોવાનું હજુ સુધી સામે આવ્યું નથી છતાં ફ્લાઈટ રોકી દેવામાં આવી હતી સંપૂર્ણ ચેકિંગ બાદ જ ફ્લાઈટને ટેકઓફની મંજૂરી આપવામાં આવશે. મુખ્યમંત્રીનો ફોન આવ્યો હતો. તેમણે સ્પષ્ટ સૂચના આપી છે કે, પેસેન્જર્સને કોઈપણ પ્રકારની તકલીફ ન પડવી જોઈએ, તેના માટે તમામ પગલાં લેવામાં આવે. શબ્દ 'm'aider' પરથી આવ્યો છે. જેનો અર્થ થાય છે 'રીક્વેસ્ટ ધ્વી' એટલે કે, મને મદદ કરો. MAYDAY કોલ સામાન્ય રીતે રેડિયોના માધ્યમથી ATC અથવા આસપાસના અન્ય વિમાનોને મોકલવામાં આવે છે. આ સિગ્નલનો ઉપયોગ તાત્કાલિક સહાય અને પ્રાથમિકતા મેળવવા માટે કરવામાં આવે છે, જેથી ઈમરજન્સીમાં તાત્કાલિક મદદ મળી શકે.

અમદાવાદ સહિત ૧૮ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ

રાજ્યમાં હાલ પાંચ વરસાદી સિસ્ટમ સક્રિય થતાં ૩૦ તારીખથી ફરી વરસાદની આગાહી

ધોલેરાનું વણી તળાવ ગામ બેટમાં ફેરવાયું; કુલ ૮૦૮૦ લોકોનું કરાયું રેસ્ક્યુ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

ગુજરાતમાં પાછલા દિવસો દરમિયાન ધોધમાર વરસાદ વરસ્યા બાદ આજથી વરસાદનું થોડું જોર ઘટ્યું છે. જો કે, રાજ્ય પર હાલ અપર એર સક્યુલેશન, બે મોન્સુન ટ્રફ, સાયકલનિક સર્ક્યુલેશન, ડીપ ડિપ્રેશન સહિત કુલ પાંચ સિસ્ટમ સક્રિય થતા ૩૦ તારીખથી ફરી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. વાવ-થરાદ, પાટણ, વડોદરા સહિત ૧૮ જિલ્લા અને બે કેન્દ્રશાસિત પ્રદેશમાં ભારે વરસાદની આગાહી સાથે 'યલો એલર્ટ' આપવામાં આવ્યું છે. આજે સવારે ૬થી બપોરે ૪ વાગ્યા સુધીમાં ૧૩૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે જેમાં સૌથી વધુ દાહોદના લીમખેડામાં ૨ ઈંચ, અમીરગઢમાં ૧.૬૫ અને મહેમદાવાદમાં ૧.૬૧ ઈંચ વરસાદ નોંધાયો છે.

અમદાવાદમાં જળબંબાકાર, ધરાશાયી મકાન અને ધોલેરામાં NDRFનું રેસ્ક્યૂ અમદાવાદ શહેરમાં દોઢ ઈંચ વરસાદમાં જ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. એસ.જી. હાઈવે, થલતેજ, ચાણક્યપુરી, ચાંદલોડિયા અને બોપલ જેવા વિસ્તારોમાં ઘૂંટણસમાથી કમર સુધી પાણી ભરાતાં વાહનચાલકો તથા રહીશો ભારે હાલાકીમાં મુકાયા છે, જ્યારે અનેક ટુ-વ્હીલર બંધ પડી ગયાં હતાં. આ સિવાય, પકવાન પાસે વૃક્ષ ધરાશાયી થવાની તેમજ આસ્ટોડિયાની ઢાળની પોળમાં જર્જરીત મકાન પડવાની ઘટના બની છે, જ્યાં એસ્ટેટ વિભાગે સ્થળ પર પહોંચી ભયજનક ભાગ હટાવવાની કામગીરી શરૂ કરી છે. બીજી તરફ ધંધુકા અને ધોલેરા પંથકમાં વહેલી સવારથી મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે. ધંધુકા અને ધોલેરામાં ભારે વરસાદના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. અતિશય વરસાદ અને પાણીની આવકને કારણે ધોલેરા તાલુકાનું વણી તળાવ ગામ ચારેય તરફથી ઘેરાઈને બેટમાં ફેરવાઈ જતાં સંપર્કવિહોણું બન્યું છે. સ્થિતિની ગંભીરતા જોતાં તંત્ર દ્વારા NDRFની ટીમને તૈનાત કરવામાં આવી છે, જે બોટની મદદથી ગ્રામજનોને સુરક્ષિત સ્થળે ખસેડવાનું રેસ્ક્યૂ ઓપરેશન ચલાવી રહી છે.

રાજ્યના સરદાર સરોવર (નર્મદા ડેમ)માં તેની કુલ ક્ષમતાના ૬૯.૨૫% પાણીનો સંગ્રહ થયો છે. આ સિવાયના અન્ય ૨૦૬ જળાશયોમાં કુલ સંગ્રહ ક્ષમતાના ૪૫.૪૧% પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યના કુલ ૧૩ ડેમ ૧૦૦% ભરાયેલા છે, ૨૬ ડેમ ૭૦%થી ૧૦૦% અને ૨૮ ડેમ ૫૦%થી ૭૦% સુધી ભરાયા છે. સુરક્ષાની દ્રષ્ટિએ હાલ ૨૧ ડેમ હાઈ એલર્ટ પર, ૦૫ ડેમ એલર્ટ પર અને ૧૩ ડેમ વોર્નિંગ લેવલ પર મૂકવામાં આવ્યા છે. ભારે વરસાદના કારણે માર્ગ અને મકાન વિભાગ હેઠળના કુલ ૨૦૮ રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે. જેમાં ૧૩૭ પંચાયત હસ્તકના રસ્તા, ૨૩ અન્ય માર્ગો, ૧૨ સ્ટેટ હાઈવે અને ૨ નેશનલ હાઈવેનો સમાવેશ થાય છે. રસ્તા બંધ થવાથી સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાં અમદાવાદ (૪૨ રસ્તા), વલસાડ (૪૦ રસ્તા), સુરેન્દ્રનગર (૨૩ રસ્તા) અને નવસારી (૧૮ રસ્તા) છે. આ સિવાય GSRTCની એસ.ટી. બસ સેવાને પણ અસર પહોંચી છે, જેના લીધે ૧૬૪ રૂટ પરની ૬૧૬ ટ્રીપો હાલ બંધ રાખવામાં આવી છે. ખરાબ હવામાનને કારણે IMD દ્વારા ૨૭ જુલાઈના રોજ દરિયાકાંઠે માછીમારોને દરિયો ન ખેડવા માટે સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. ચોમાસાની આ સિઝનમાં રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫૩,૧૧૭ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે અને ૮,૦૮૦ લોકોને રેસ્ક્યૂ કરીને બચાવવામાં આવ્યા છે. રાહત અને બચાવ કામગીરી માટે રાજ્યમાં NDRFની ૧૭ ટીમો અને SDRFની ૩૩ પ્લાટૂન તૈનાત રાખવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આજે વાવ-થરાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, ખેડા, પંચમહાલ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, તાપી, નવસારી ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જોકે આવતીકાલે એટલે કે, ૨૮ જુલાઈના રોજ સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને યલો એલર્ટ જારી કરાયું છે. ત્યારબાદ ૨૯ જુલાઈના રોજ પણ સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, માછીમારો માટે આગામી ૩૦ અને ૩૧ જુલાઈના રોજ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. અત્યારે રાજ્યમાં કુલ ૫ સિસ્ટમ સક્રિય છે, જેમાં અપર એર સક્યુલેશન, બે મોન્સૂન ટ્રફ, સાયકોલનિક સર્ક્યુલેશન, ડીપ ડિપ્રેશન અને સહિત કુલ પાંચ સિસ્ટમ સક્રિય હોવાના કારણે રાજ્યમાં વરસાદનું જોર વધ્યું છે. આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

ગુજરાતમાં વધુ એક પરીક્ષાનું પેપર લીક થવાને લઈ ચર્ચા

BAMSની પરીક્ષાનું પેપર લીક થયાના સ્ક્રીન શોટ વાયરલ : તપાસ સમિતિની રચના

જામનગરની આયુર્વેદ યુનિ.માં પેપર લીક? ૧૨માંથી ૧૧ પ્રશ્નો પૂછાયાના અહેવાલો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૭

NEET બાદ ગુજરાતની પ્રખ્યાત આયુર્વેદ યુનિવર્સિટી પણ પેપર લીકના શંકાના ઘેરામાં વિવાદોમાં આવી ગઈ છે. જામનગરની ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાં BAMSના શલ્ય તંત્ર-૧ વિષયની પરીક્ષા પહેલા જ વ્હોટ્સએપ પર જરૂરી લીક થવાના સ્ક્રીન શોટ વિગતો વાઈરલ થવાના આરોપે ખળભળાટ મચાવી દીધો છે. વિવાદ શરૂ થતાં જ યુનિવર્સિટીએ સમગ્ર મામલાની તપાસ માટે એક સમિતિ બનાવી છે. દાવો છે કે સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલી બાબતો અને પરીક્ષામાં પૂછવામાં આવેલા સવાલોમાં ઘણી સમાનતા છે. આ જ કારણ છે કે પેપર લીકની શંકા ઘેરી બનતી જઈ રહી છે.

૨૦ જુલાઈએ યોજાયેલી BAMSના ત્રીજા પ્રોફેશનલ વર્ષ MS-શલ્ય તંત્ર-૧ વિષયની પરીક્ષા પહેલા જ વ્હોટ્સએપ પર તેનાથી જોડાયેલા કેટલાક સવાલો વાયરલ થઈ ગયા. એટલું જ નહીં, પરીક્ષામાં કુલ ૧૨ માંથી ૧૧ સવાલો તેમાંથી પૂછાયા હોવાની ચર્ચાએ સમગ્ર મામલાને વધુ ગંભીર બનાવી દીધો છે. હાલમાં મામલાએ જોર પકડ્યું છે અને વિદ્યાર્થીઓ સતત નિષ્પક્ષ તપાસની માંગ કરી રહ્યા છે. ઈન્ચાર્જ એક્ઝામિનેશન ડાયરેક્ટરના જણાવ્યા મુજબ સવારે પરીક્ષા રેગ્યુલર રીતે પૂરી થઈ, ત્યારબાદ સાંજે મોબાઈલ પર જાણકારી મળી કે પરીક્ષા પહેલા વ્હોટ્સએપ પર કેટલાક જરૂરી સવાલો ફરી રહ્યા હતા. જાણકારી મળતાં જ વાઈસ ચાન્સેલર સાથે વાતચીત કરીને સમગ્ર મામલાની તપાસ માટે એક સ્પેશિયલ સમિતિ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો તપાસમાં કોઈ વ્યક્તિની સંડોવણી અથવા નિયમોનું ઉલ્લંઘન જોવા મળશે, તો યુનિવર્સિટીના નિયમો અનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં, યુનિવર્સિટી સાથે જોડાયેલી ૨૦થી ૨૫ કોલેજોના વિદ્યાર્થીઓના બીજા વિષયોની પરીક્ષા પહેલાથી નક્કી થયેલા પ્રોગ્રામ અનુસાર ચાલુ રાખવામાં આવી છે. NEET બાદ હવે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાં પેપર લીકની શંકાએ રાજ્યની પરીક્ષા પદ્ધતિની વિશ્વાસપાત્રતા પર ફરીથી સવાલો ઊભા કરી દીધા છે. હવે સૌની નજર યુનિવર્સિટીએ બનાવેલી તપાસ સમિતિના રિપોર્ટ પર છે. વિદ્યાર્થીઓ અને વાલીઓની નજર એ વાત પર છે કે તપાસમાં શું હકીકતો સામે આવે છે અને જવાબદાર લોકો સામે શું એક્શન લેવામાં આવશે. આમ રાજ્યમાં ફરી એકવાર મહત્વની પરીક્ષાના પેપર લીક થવાની વાત બહાર આવતા ચર્ચા વ્યાપક બનવા સાથે સીસ્ટમ સાથે સવાલો ઉભા થઈ રહ્યા છે.

જૂનાગઢ મહિલા કોલેજના પ્રિન્સિપાલનું નિવેદન બન્યું વિવાદાસ્પદ

NEET પેપર લીક આંદોલન દેશને તોડવાનું ષડયંત્ર; આંદોલન કરનારાને દેશ વિરોધી ગણાવ્યા

ભાજપની ચાપલૂસી કરવાનું બંધ કરો : કોંગ્રેસના નેતાનો જવાબ

અમદાવાદ, તા.૨૭

જૂનાગઢની એમ.એમ. ઘોડાસરા મહિલા કોલેજમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન કોલેજના પ્રિન્સિપાલ અને ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય દિનેશ દઢાણિયા દ્વારા આપવામાં આવેલું એક નિવેદન હાલ સોશિયલ મીડિયા પર ભારે વાઈરલ થઈ રહ્યું છે. જેમાં આંદોલનકારી વિદ્યાર્થીઓ અને કોકરોચ જનતા પાર્ટીને દેશ વિરોધી ગણાવ્યા છે. આ નિવેદન સામે રાજકોટ કોંગ્રેસ નેતાએ કહ્યું કે, ભાજપની ચાપલૂસી કરવાનું બંધ કરો.

દિનેશ ડઢાણિયાએ કહ્યું કે, દિલ્હીમાં ચાલતા NEET પેપર લીક આંદોલનને વિદેશી ફંડિંગ આધારિત અને દેશને તોડવાનું ષડયંત્ર છે અને રાષ્ટ્ર વિરોધીઓ છે. સ્થિર સરકારને અસ્થિર કરવા બાંગ્લાદેશ અને નેપાળ જેવી પરિસ્થિતિ ઊભી કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પેપર લીકના દોષિતોને સજા થવી જોઈએ, પણ આ મુદ્દે દેશવિરોધી પ્રવૃત્તિ ચલાવી લેવાશે નહીં. દિલ્હીના જંતર-મંતર ખાતે ચાલતા આંદોલનમાં યુવાનોને માત્ર એક હાથો બનાવવામાં આવી રહ્યા છે. જે અત્યંત ગંભીર બાબત છે અને તેના મૂળ સુધી પહોંચવું જરૂરી છે. NEETનું પેપર લીક થવું એ ચોક્કસપણે ગંભીર બાબત હતી અને તેમાં જે પણ દોષિતો હોય તેમને સજા મળવી જ જોઈએ. પરંતુ ત્યારબાદ ફરીથી પરીક્ષા લેવાઈ, પરિણામ જાહેર થયું અને વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસમાં પરત પણ ફરી ચૂક્યા છે. આમ છતાં, આ વિષયને આગળ ધરીને દેશને ખોખલો કરવા માંગતા તત્વો મોટું આંદોલન ચલાવી રહ્યા છે. પરંતુ આપણી પ્રાથમિકતા 'રાષ્ટ્ર પ્રથમ' હોવી જોઈએ. રાષ્ટ્રને નબળું પાડતી કોઈ પણ મૂવમેન્ટ સાંખી લેવાય નહીં. પ્રિન્સિપાલના આ નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં રાજકોટ કોંગ્રેસના નેતા મહેશ રાજપૂતે જણાવ્યું હતું કે, NEET પરીક્ષાના પેપર લીક થવાથી ૨૧ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી છે અને હજારો વિદ્યાર્થી માનસિક તણાવથી પીડાઈ રહ્યા છે. આવા સમયે પોતાના ન્યાય માટે અવાજ ઉઠાવતા યુવાનો અને ૧૨ વર્ષની દીકરીઓ પર પોલીસ દ્વારા ક્રૂરતાપૂર્વક લાઠીચાર્જ કરાવવામાં આવે છે. પોતાના હકની માંગણી કરનારા દેશનું ભવિષ્ય એવા વિદ્યાર્થીઓને દેશદ્રોહી ગણાવવા તે અત્યંત શરમજનક અને નિંદનીય છે. ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષના સમયગાળામાં ૩૪ જેટલી સરકારી ભરતી સહિતની પરીક્ષાઓના પેપરો લીક થયા છે. પ્રિન્સિપાલ દ્વારા પોતાની કોલેજના ફોટોગ્રાફ્સ સાથે સોશિયલ મીડિયામાં મુકાયેલી પોસ્ટ રાતોરાત ડિલીટ કરવા અંગે કટાક્ષ કરતાં તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓએ શિક્ષકની ખરી ભૂમિકા શું હોય તે ભાન કરાવતાં શરમજનક પરિસ્થિતિથી બચવા પોસ્ટ હટાવી લીધી છે. પ્રિન્સિપાલને ટકોર કરતાં તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનથી લઈને શિક્ષણ મંત્રી સુધી, જેમણે આટલા દિવસો સુધી આંદોલનકારીઓ પર અન્યાય અને લાઠીચાર્જ ચલાવ્યો છે, તેઓ જ દેશના ભવિષ્ય સાથે રમત રમવા રમવા માટે જવાબદાર છે. ગુજરાત પ્રદેશ NSUI પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે, જૂનાગઢની મહિલા કોલેજના પ્રિન્સિપાલ પ્રો. દિનેશ દઢાણિયા દ્વારા દેશભરમાં વિદ્યાર્થીઓ દ્વારા ચાલી રહેલા આંદોલન અને વિરોધ પ્રદર્શન અંગે કરવામાં આવેલા નિવેદનો ચર્ચાનો વિષય બન્યા છે. જો વાઈરલ વીડિયોના નિવેદનો સાચા હોય, તો તે ઉચ્ચ શિક્ષણની લોકતાંત્રિક ભાવના, વિદ્યાર્થી હિત અને બંધારણીય મૂલ્યો સાથે સુસંગત નથી.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Guj